અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

14 MAY-2026 THURSDAY | Vol. : 17 | Issue : 311 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3  ટ્રમ્પ 8 વર્ષ પછી ચીન પહોંચ્યાઃ દીકરો-વહૂ પણ સાથે; જતાં પહેલાં કહ્યું હતું- ઈરાન યુદ્ધ રોકવા માટે ચીનની મદદની જરૂર નથી

4  ભારતીયો વિદેશ પ્રવાસમાં 32 અબજ, સોનામાં 65 અબજ ડોલર ખર્ચે છે

6  બાંગ્લાદેશે પાકિસ્તાનને 104 રને પછાડ્યું: ઘરની બહાર સતત 6ઠ્ઠી ટેસ્ટ હાર સાથે શરમજનક રેકોર્ડ

7  સોનું 9 હજાર અને ચાંદી 22 હજાર મોંઘી થઈ: સરકારે ઈમ્પોર્ટ ડ્યૂટી 6% થી વધારીને 15% કરી

## ખેડૂતો માટે સારા સમાચાર

# મોદી કેબિનેટના 3 મોટા નિર્ણયો લેવામાં આવ્યા, 14 ખરીફ પાકોની MSPમાં વધારો

### ₹ 20667 કરોડના ખર્ચે દેશનો પહેલો સેમી-હાઈ-સ્પીડ રેલ પ્રોજેક્ટ અને કોલસામાંથી ગેસ બનાવવા ₹ 37500 કરોડના પ્રોજેક્ટને લીલી ઝંડી

નવી દિલ્હી, તા.13

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં બુધવારે મળેલી કેબિનેટ બેઠકમાં કેટલાક ખૂબ જ મહત્વના અને ઐતિહાસિક નિર્ણયો લેવામાં આવ્યા છે. એક તરફ સરકારે ખેડૂતોને મોટી ભેટ આપતા વર્ષ ૨૦૨૬-૨૭ની સીઝન માટે ૧૪ ખરીફ પાકોના લઘુત્તમ ટેકાના ભાવ (MSP) માં નોંધપાત્ર વધારો કર્યો છે. તો બીજી તરફ ગુજરાત માટે મોટી જાહેરાત કરતા, અમદાવાદ (સરખેજ) થી ધોલેરા વચ્ચે રૂ.૨૦૬૬૭ કરોડના ખર્ચે દેશની પહેલી સેમી-હાઈ-સ્પીડ ડબલ-લાઈન રેલ પ્રોજેક્ટને પણ મંજૂરી આપી દીધી છે. આ ઉપરાંત દેશને ઊર્જા ક્ષેત્રે આર્ત્મનિભર બનાવવા માટે રૂ.૩૭૫૦૦ કરોડના ખર્ચે કોલસા ગેસિફિકેશન પ્રોજેક્ટને પણ કેબિનેટે પાસ કરી દીધો છે.



ખેડૂતોની આવક વધારવા અને તેમને પાકના પૂરતા ભાવ મળી રહે તે માટે ૧૪ ખરીફ પાકોના MSP વધારવામાં આવ્યા છે. આ વખતે સૌથી મોટો ફાયદો સૂર્યમુખી પકવતા ખેડૂતોને થશે, કારણ કે તેના ભાવમાં પ્રતિ ક્વિન્ટલ રૂ.૬૨૨ નો જંગી વધારો કરાયો છે. ત્યારપછી કપાસના ભાવમાં રૂ.૫૫૭, નાઈજરસીડમાં રૂ.૫૧૫ અને તલના ભાવમાં રૂ.૫૦૦ નો પ્રતિ ક્વિન્ટલ વધારો કરવામાં આવ્યો છે.

ગુજરાત માટે સૌથી રોમાંચક સમાચાર એ છે કે હવે અમદાવાદથી ધોલેરા વચ્ચે ટ્રેનની મુસાફરી ખૂબ જ ઝડપી અને હાઈ-ટેક બનશે. આ પ્રોજેક્ટ વિશે માહિતી આપતા કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, આ ભારતીય રેલવેનો દેશનો આવો પહેલો સેમી-હાઈ-સ્પીડ પ્રોજેક્ટ હશે, જે સંપૂર્ણપણે આપણી સ્વદેશી ટેકનોલોજીથી તૈયાર થશે. આ નવી રેલ લાઈન અમદાવાદને ધોલેરા SIR, નવા બની રહેલા ધોલેરા એરપોર્ટ અને લોથલના નેશનલ મેરીટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સ સાથે સીધું જોડી દેશે. આનાથી લોકોનો મુસાફરીનો સમય બચશે અને તેઓ એક જ દિવસમાં સરળતાથી આવ-જા કરી શકશે. આ ૧૩૪ કિલોમીટર લાંબી રેલ લાઈન અમદાવાદ જિલ્લાના ૨૮૪ ગામોને સીધા જોડશે. આનાથી આશરે ૫ લાખ લોકોને વધુ સારી કનેક્ટિવિટી મળશે. આ પ્રોજેક્ટ ધોલેરા એરપોર્ટ અને લોથલ મેરિટાઈમ કોમ્પ્લેક્સને પણ જોડશે. ખાસ વાત એ છે કે, આ સંપૂર્ણપણે સ્વદેશી ટેક્નોલોજીથી તૈયાર થશે. આનાથી અમદાવાદ અને ધોલેરા વચ્ચે મુસાફરી પહેલા કરતાં વધુ ઝડપી અને સરળ બનશે. સાથે જ દર વર્ષે ૦.૪૮ કરોડ લિટર પેટ્રોલ-ડીઝલની પણ બચત થશે.

આ સાથે જ સરકારે ભવિષ્યની ઊર્જા જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને રૂ.૩૭૫૦૦ કરોડના કોલસા ગેસિફિકેશન પ્રોજેક્ટને પણ મંજૂરી આપી છે. અશ્વિની વૈષ્ણવે સમજાવ્યું હતું કે ભારત પાસે આગામી ૨૦૦ વર્ષ સુધી ચાલે તેટલો કોલસાનો વિશાળ ભંડાર છે. હવે આ જ કોલસામાંથી સીધો ગેસ ઉત્પન્ન કરવામાં આવશે. ત્યારબાદ આ ગેસનો ઉપયોગ ખાતર બનાવવા, વીજળી પેદા કરવા અને વિવિધ પ્રકારના ઉપયોગી રસાયણો બનાવવા માટે કરવામાં આવશે. ભૌગોલિક અને રાજકીય પરિસ્થિતિઓને જોતા દેશને ગેસ અને ઊર્જા ક્ષેત્રે સ્વનિભર બનાવવા તરફ આ એક બહુ મોટું પગલું છે.

કેબિનેટે કોલસા ગેસિફિકેશન પ્રોજેક્ટ્સને પ્રોત્સાહન આપવા માટે ૩૭,૫૦૦ કરોડ રૂપિયાની યોજના મંજૂર કરી છે. અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે, ભારતની પાસે ૨૦૦ વર્ષ સુધી ચાલે એટલો પૂરતો કોયલાનો ભંડાર છે, જેનો ઉપયોગ હવે ગેસ બનાવવા માટે થશે.

આમાં ૩ લાખ કરોડ રૂપિયાનું રોકાણ થશે.આ ઉપરાંત, નાગપુર એરપોર્ટને હવે PPP મોડલ હેઠળ આંતરરાષ્ટ્રીય સ્તરે વિકસાવવામાં આવશે, જેના કારણે વિદર્ભ વિસ્તારમાં પ્રવાસન અને વેપારને પ્રોત્સાહન મળશે.

## રાજસ્થાનના બાડમેરમાં તાપમાન 48°C પારઃ MP-હરિયાણામાં કરા, UPના બરેલીમાં ગાડીઓ પર વૃક્ષો-થાંભલા પડ્યા

જયપુર, તા.13



રાજસ્થાનમાં મંગળવારે રેકોર્ડ ગરમી રહી. પાંચ જિલ્લામાં 45C થી વધુ તાપમાન નોંધાયું. બાડમેર સતત ત્રીજા દિવસે દેશનું સૌથી ગરમ શહેર રહ્યું, અહીં પારો 48.3C રહ્યો. ફલોદીમાં 46.4C, જેસલમેરમાં 45.8C, ચિત્તોડગઢમાં 45.6C અને બીકાનેરમાં 45C તાપમાન રહ્યું.

મધ્ય પ્રદેશમાં બે પ્રકારનું હવામાન જોવા મળ્યું. એક તરફ રતલામ સતત ત્રીજા દિવસે રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું, અહીં પારો 46.5C રહ્યો. જ્યારે, નિવાડી જિલ્લાના બીજૌરમાં ભારે વાવાઝોડા અને વરસાદ સાથે કરા પડ્યા. હરિયાણાના પિનગવામાં પણ કરા પડ્યા. પંચકુલા, યમુનાનગર, કરનાલ અને ગુરુગ્રામમાં ભારે વરસાદ થયો. ઉત્તર પ્રદેશના બરેલી અને રામપુરમાં 50kmph ની ઝડપે ધૂળભરી આંધી ચાલી. આનાથી રસ્તા કિનારે લાગેલા થાંભલા ઉખડી ગયા. ચાલતી ગાડીઓ પર ઝાડની ડાળીઓ તૂટીને પડી.

બિહારના જમુઈ અને બાંકામાં વીજળી પડવાથી એક બાળક સહિત 5 લોકોના મોત થયા. મહારાષ્ટ્રના સાંગલીમાં ભારે વાવાઝોડાને કારણે એક મંદિરની દીવાલ પડવાથી 6 લોકોના મોત થયા. જ્યારે, કેરળના મલપ્પુરમમાં વીજળી પડવાથી ચાર લોકોના મોત થયા. પંજાબ, હરિયાણા, દિલ્હી, રાજસ્થાન અને પશ્ચિમ યુપીમાં વરસાદ, ગાજવીજ અને 30-60 કિમી પ્રતિ કલાકની ઝડપે તેજ પવનો ફૂંકાઈ શકે છે.

જમ્મુ-કાશ્મીર, હિમાચલ અને ઉત્તરાખંડમાં વરસાદ સાથે કરા પડી શકે છે. પહાડી વિસ્તારોમાં તેજ પવનો પણ ફૂંકાઈ શકે છે. બિહાર, ઝારખંડ, પશ્ચિમ બંગાળ, છત્તીસગઢ અને પૂર્વોત્તર રાજ્યોમાં વરસાદ સાથે વીજળી પડવાની ચેતવણી છે. રાજસ્થાનમાં ભીષણ લૂ ચાલશે. કેટલીક જગ્યાએ રાત્રે પણ લૂ જેવી સ્થિતિ રહેવાની આશંકા છે. મહારાષ્ટ્ર અને મધ્ય પ્રદેશના કેટલાક ભાગોમાં પણ લૂ ચાલવાનો અંદાજ છે. ઝારખંડમાં કેટલીક જગ્યાએ 50-60kmphની ઝડપે તેજ પવનો સાથે વાવાઝોડું આવી શકે છે. બિહાર, છત્તીસગઢ, આંધ્ર પ્રદેશ, અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, કેરળ અને કર્ણાટકમાં તેજ પવનો અને વીજળી સાથે ગાજવીજ થઈ શકે છે.

ભારત હવામાન વિજ્ઞાન વિભાગ (IMD) અનુસાર, આ અઠવાડિયાના અંત સુધીમાં દક્ષિણ-પશ્ચિમ ચોમાસું દક્ષિણ બંગાળની ખાડી, આંદામાન સાગર અને આંદામાન-નિકોબાર દ્વીપસમૂહ સુધી પહોંચી શકે છે.

દક્ષિણ-પશ્ચિમ બંગાળની ખાડી ઉપર બનેલું ઓછું દબાણનું ક્ષેત્ર હજુ તે જ વિસ્તારમાં સક્રિય છે. તેની સાથે સંકળાયેલું ચક્રવાતી ઘેરાવો સમુદ્ર સપાટીથી લગભગ 4.5 કિલોમીટર ઉપર સુધી ફેલાયેલો છે. વિભાગે જણાવ્યું કે આગામી 48 કલાકમાં આ સિસ્ટમ વધુ મજબૂત બની શકે છે.

સામાન્ય રીતે ચોમાસું 20 મે આસપાસ અંદમાન-નિકોબાર પહોંચે છે. ચોમાસું 1 જૂને કેરળમાં દસ્તક દે છે. આ સાથે જ દેશમાં દક્ષિણ-પશ્ચિમ ચોમાસાની ઋતુની શરૂઆત માનવામાં આવે છે, જે સપ્ટેમ્બર સુધી ચાલે છે.

બાડમેર સતત ત્રીજા દિવસે દેશનું સૌથી ગરમ શહેર રહ્યું. અહીં દિવસનું તાપમાન 48.3C રહ્યું. આ સિઝનનું અત્યાર સુધીનું સૌથી વધુ તાપમાન છે. હવામાન વિભાગે બુધવારે 3 જિલ્લામાં ગરમીનું રેડ એલર્ટ જાહેર કર્યું છે. દિવસના સમયે લોકોને ઘરની બહાર ન નીકળવાની પણ એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે. રાજ્યના ઈન્દોર અને ઉજ્જૈન વિભાગના 15 માંથી 11 જિલ્લા આગામી 4 દિવસ સુધી લૂની ઝપેટમાં રહેશે. ભોપાલ અને નર્મદાપુરમમાં પણ હીટ વેવ ચાલશે. મંગળવારે નિવાડી જિલ્લાના બીજોરમાં વરસાદ સાથે કરા પણ પડ્યા. જ્યારે, રતલામમાં 46.5C તાપમાન નોંધાયું.

## રાહુલે કહ્યું- વિપક્ષનો નેતા રબર સ્ટેમ્પ નથી: CBI ડિરેક્ટરની પસંદગી પર અસહમતિ, PMના ઘરે દોઢ કલાક બેઠક

નવી દિલ્હી, તા.13

રાહુલ ગાંધીએ મંગળવારે પીએમ આવાસ પર યોજાયેલી બેઠકમાં નવા CBI ડિરેક્ટરની પસંદગી પર પોતાની અસંમતિ વ્યક્ત કરી છે. રાહુલે આરોપ લગાવ્યો કે પસંદગી માટે જે 69 ઉમેદવારોની યાદી આપવામાં આવી છે, તેમની વિગતો ઉપલબ્ધ કરાવાઈ નથી.



રાહુલે કહ્યું- CBI ડિરેક્ટરની પસંદગી પ્રક્રિયા માત્ર એક ઔપચારિકતા બનાવી દેવામાં આવી છે. હું આ પક્ષપાતપૂર્ણ કામમાં સામેલ થઈને મારી બંધારણીય ફરજથી પાછળ હટી શકતો નથી, પરંતુ કડક શબ્દોમાં મારી અસંમતિ વ્યક્ત કરું છું.

પ્રધાનમંત્રી આવાસ 7, લોક કલ્યાણ માર્ગ પર યોજાયેલી આ બેઠકમાં ભારતના મુખ્ય ન્યાયાધીશ (CJI) સૂર્યકાંત અને રાહુલ ગાંધી સામેલ થયા હતા. બેઠક લગભગ એક કલાક ચાલી. મીટિંગમાંથી બહાર નીકળ્યા પછી રાહુલે સોશિયલ મીડિયા પર એક પત્ર શેર કર્યો, જેમાં પોતાની અસંમતિનું કારણ જણાવ્યું. વર્તમાન CBI ડિરેક્ટર પ્રવીણ સૂદનો કાર્યકાળ 24 મેના રોજ સમાપ્ત થવાનો છે.

તમારી સરકારે વારંવાર CBIનો દુરુપયોગ કર્યો છે. આ ભારતની મુખ્ય તપાસ એજન્સી છે, પરંતુ તમે તેનો ઉપયોગ રાજકીય વિરોધીઓ, પત્રકારો અને ટીકાકારોને નિશાન બનાવવા માટે કર્યો.

સંસ્થાઓ પર આવા કબજાને રોકવા માટે જ પસંદગી સમિતિમાં વિપક્ષના નેતાને સામેલ કરવામાં આવે છે. ખેદની વાત છે કે તમે આ પ્રક્રિયામાં મને એવી કોઈ ભૂમિકા આપી નથી જે પસંદગી પ્રક્રિયાને યોગ્ય બનાવે.

જે ઉમેદવારોને સૂચિબદ્ધ કરવામાં આવ્યા છે. તેમની સ્વ-મૂલ્યાંકન રિપોર્ટ અથવા 360-ડિગ્રી રિપોર્ટ ઉપલબ્ધ કરાવવામાં આવી નથી. મને આ રિપોર્ટ આપવાની સ્પષ્ટ ના પાડી દેવામાં આવી.

કોઈપણ કાનૂની આધાર વિના માહિતી આપવાનો ઈરાદાપૂર્વક ઈનકાર કરવો, પસંદગી પ્રક્રિયાની મજાક ઉડાવવા સમાન છે. આનાથી સ્પષ્ટ થાય છે કે ફક્ત તમારો પહેલેથી નક્કી કરેલો ઉમેદવાર જ પસંદ કરવામાં આવે.

## જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદીઓને મદદ કરનાર શિક્ષક ઝડપાયો: એક સાથી પણ પકડાયો, જૈશ કમાન્ડરને ઘરમાં આશ્રય આપવાનો આરોપ

કિશ્તવાડ, તા.13

જમ્મુ-કાશ્મીરના કિશ્તવાડ જિલ્લામાં સુરક્ષા એજન્સીઓએ સરકારી શાળાના એક શિક્ષક સહિત બે લોકોની ધરપકડ કરી છે. બંને પર જૈશ-એ-મોહમ્મદના આતંકવાદીઓને આશ્રય, ભોજન અને અન્ય મદદ પૂરી પાડવાનો આરોપ છે. ધરપકડ કરાયેલા શિક્ષકની ઓળખ મશકૂર અહેમદ તરીકે થઈ છે. તે ઈન્દરવાલની એક સરકારી શાળામાં ફરજ બજાવે છે. તેની વિરુદ્ધ UAPA હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, તે ચટરુ વિસ્તારમાં આતંકવાદીઓને લોજિસ્ટિક સપોર્ટ આપતો હતો. આ મામલો 4 ફેબ્રુઆરી 2026 ના રોજ ડિચ્છર-ચટરુમાં થયેલા એન્કાઉન્ટર સાથે સંબંધિત છે, જેમાં આતંકવાદી આદિલ માર્યો ગયો હતો.

આ તરફ, પૂંછના મેંઢર સ્થિત કૃષ્ણા ઘાટી સેક્ટરમાં LoC પર ઘૂસણખોરીનો પ્રયાસ નિષ્ફળ બનાવવામાં આવ્યો. અધિકારીઓએ એક આતંકવાદીના માર્યા જવાનો દાવો કર્યો છે, જ્યારે એકના ઘાયલ થવાની આશંકા છે.

તપાસ એજન્સીઓ અનુસાર, મશકૂર અહેમદ જૈશ-એ-મોહમ્મદના કમાન્ડર સૈફુલ્લાહના સંપર્કમાં હતો. પોલીસ સૂત્રો અનુસાર, આરોપીના ઘરેથી સૈફુલ્લાહની એક તસવીર મળી હતી, જેમાં તેને નોટોની માળા પહેરાવવામાં આવી હતી. તપાસ એજન્સીઓ તેને આતંકવાદી



સંગઠન સાથેના ગાઢ સંબંધ તરીકે જોઈ રહી છે.

જૈશ કમાન્ડર સૈફુલ્લાહ 22 ફેબ્રુઆરી 2026ના રોજ ચટરુમાં સુરક્ષા દળોના 'ઓપરેશન ત્રાશી-1'માં બે વિદેશી આતંકવાદીઓ સાથે માર્યો ગયો હતો.

એવું કહેવાય છે કે સૈફુલ્લાહે લગભગ પાંચ વર્ષ પહેલાં જમ્મુ અને કાશ્મીરમાં ઘૂસણખોરી કરી હતી. તે સુરક્ષા દળો પર ઘણા જીવલેણ હુમલાઓનો માસ્ટરમાઈન્ડ હતો, જેમાં જુલાઈ 2024નો હુમલો પણ સામેલ છે, જેમાં ચાર સૈનિકો માર્યા ગયા હતા.

ભારતીય સેનાની વ્હાઈટ નાઈટ કોરે 25 ફેબ્રુઆરીએ X પર 7 આતંકવાદીઓની તસવીર પોસ્ટ કરી અને લખ્યું હતું- 326 દિવસ પછી કિશ્તવાડમાંથી આતંકના નેટવર્કનો ખાત્મો કરી દેવામાં આવ્યો છે. આ આતંકવાદીઓમાં જૈશનો કમાન્ડર સૈફુલ્લાહ પણ માર્યો ગયો છે.

વ્હાઈટ નાઈટ કોરે જણાવ્યું કે કિશ્તવાડમાં તેમના સિવાય જમ્મુ કાશ્મીર પોલીસ અને CRPF સહિત સેનાની ઈન્ટેલિજન્સ એજન્સી પણ સામેલ હતી.

ઓપરેશન ત્રાશી-1: આ ઓપરેશન 18 જાન્યુઆરીએ ચતરુ બેલ્ટના મંડરાલ-સિંહપોરા નજીક સોનાર ગામના જંગલોમાં શરૂ કરવામાં આવ્યું હતું. પહેલા એન્કાઉન્ટરમાં 8 જવાન ઘાયલ થયા હતા, જેમાંથી હવાલદાર ગજેન્દ્ર સિંહનું સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. આ પછી 22 અને 24 જાન્યુઆરીએ અલગ-અલગ અથડામણ થઈ હતી, જ્યારે 31 જાન્યુઆરીએ ડોલગામ વિસ્તારમાં ફરીથી ગોળીબાર થયો હતો. ચતરુમાં 3 આતંકવાદીઓના ખાત્મા સાથે તે સમાપ્ત થઈ ગયું છે. ઓપરેશન 'કિયા': વ્હાઈટ નાઈટ કોરે 4 ફેબ્રુઆરીના રોજ CIF ડેલ્ટા, જમ્મુ-કાશ્મીર પોલીસ અને CRPF સાથે બસંતગઢના જોફર ફોરેસ્ટ એરિયામાં સંયુક્ત ઓપરેશન હાથ ધર્યું હતું.



# પ્રધાનમંત્રીશ્રીના 'આર્થિક આત્મરક્ષા'ના આહવાનને ચરિતાર્થ કરતા રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી

- રાજ્યપાલની અમદાવાદથી કુરુક્ષેત્ર સુધી ટ્રેનમાં મુસાફરી, રાજ્યપાલએ સાબરમતી રેલવે સ્ટેશનથી ટ્રેન દ્વારા પ્રસ્થાન કર્યું, લેડી ગવર્નર દર્શના દેવીજી પણ રેલવે યાત્રામાં જોડાયા
- ઈંધણ અને આર્થિક બચત માટે હેલિકોપ્ટર-પ્લેનનો ત્યાગ કરી જાહેર પરિવહનનો ઉપયોગ કરવાનો રાજ્યપાલશ્રીનો મક્કમ નિર્ધાર








**ગાંધીનગર, તા.13**

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશને આત્મનિર્ભર અને આર્થિક રીતે સશક્ત બનાવવા માટે 'આર્થિક આત્મરક્ષા' નો મંત્ર આપતા સાત અપીલો કરી હતી, જેને ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ખરા અર્થમાં ચરિતાર્થ કરી છે. રાજ્યપાલશ્રીએ રાજ્યના પ્રવાસો માટે હેલિકોપ્ટર કે હવાઈ મુસાફરીને બદલે ટ્રેન, એસ.ટી. બસ અને જાહેર પરિવહનનો ઉપયોગ કરવાનો નિર્ણય લીધો છે.

રાજ્યપાલશ્રીએ કુરુક્ષેત્ર જવા માટે આજે અમદાવાદના સાબરમતી રેલવે સ્ટેશનથી નવી દિલ્હી સુધી ટ્રેન દ્વારા મુસાફરી માટે પ્રસ્થાન કર્યું હતું. ટ્રેન ઉપડવાના નિર્ધારિત સમય પહેલા રાજ્યપાલશ્રી અને લેડી ગવર્નર શ્રીમતી દર્શના દેવીજી સાબરમતી રેલવે સ્ટેશન પહોંચ્યા હતા. રાજ્યના પ્રથમ નાગરિકને સામાન્ય મુસાફરની જેમ રેલવે સ્ટેશન પર જોઈને અન્ય મુસાફરો આશ્ચર્યચકિત થઈ ગયા હતા. રેલવેના ઉચ્ચ અધિકારીઓએ રાજ્યપાલશ્રી અને લેડી ગવર્નરનું સ્વાગત કર્યું હતું. આ અવસરે રાજ્યપાલશ્રીએ સાબરમતી રેલવે સ્ટેશન ખાતે ચાલી રહેલા વિકાસ કાર્યોનું નિરિક્ષણ પણ કર્યું હતું.

ઉલ્લેખનીય છે કે, હૈદરાબાદમાં પ્રધાનમંત્રીશ્રી દ્વારા કરવામાં આવેલી સાત અપીલોને માન આપીને રાજ્યપાલશ્રીએ જાહેર કર્યું હતું કે જ્યાં સુધી પેટ્રોલિયમની સ્થિતિ સામાન્ય ન થાય ત્યાં સુધી તેઓ મોંઘી હવાઈ મુસાફરી ટાળશે. રાજ્યપાલશ્રીનો આ નિર્ણય વહીવટી તંત્ર અને નાગરિકો માટે 'રાષ્ટ્ર પ્રથમ' અને 'મિતવ્યયી' જીવનશૈલીનો પ્રેરણાદાયી સંદેશ પૂરો પાડે છે.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અપીલને અનુસરી ગુજરાત વિદ્યાપીઠમાં પર્યાવરણમૈત્રી પરિવહન તરફ સકારાત્મક પહેલ

## અધ્યાપકો, સેવકો અને વિદ્યાર્થીઓ દ્વારા કારપુલ, જાહેર વાહન વ્યવસ્થા, EV, સાઈકલ અને પગપાળા આવવાની પહેલને પ્રોત્સાહન

**અમદાવાદ, તા.13**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા સમગ્ર દેશને પર્યાવરણ સંરક્ષણ, ઈંધણ બચત અને ટ્રાફિક ઘટાડા માટે જાહેર વાહન વ્યવસ્થા તથા સહપ્રવાસ (કારપુલ) અપનાવવાની કરવામાં આવેલી વિનંતીને અનુસરી ગુજરાત વિદ્યાપીઠ દ્વારા પણ સકારાત્મક પહેલ કરવામાં આવી રહી છે.

ગુજરાત વિદ્યાપીઠના કુલ 295 શૈક્ષણિક અને બિનશૈક્ષણિક અધ્યાપકો તથા સેવકોમાંથી આશરે 46 જેટલા અધ્યાપકો અને સેવકો કારપુલનો ઉપયોગ કરે છે. ઉપરાંત, 22થી વધુ સેવકો જાહેર પરિવહન, 7 જેટલાં સેવકો પગપાળા તેમજ 2 સેવક EV અને કાર તથા 3 સેવકો સાઈકલ દ્વારા વિદ્યાપીઠ ખાતે આવે છે.

વિદ્યાપીઠના 2000થી વધુ વિદ્યાર્થીઓમાંથી પણ 130થી વધુ વિદ્યાર્થીઓ જાહેર વાહન વ્યવસ્થાનો ઉપયોગ કરે છે, જ્યારે 25થી વધુ વિદ્યાર્થીઓ પગપાળા આવી પર્યાવરણ પ્રત્યેની પોતાની જવાબદારી નિભાવી રહ્યા છે.

આ અંગે ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ ડૉ. હર્ષદ પટેલે જણાવ્યું હતું કે, 'પર્યાવરણ સંરક્ષણ અને ટકાઉ જીવનશૈલી આજના સમયની આવશ્યકતા છે. ગુજરાત વિદ્યાપીઠ પરિવાર દ્વારા કારપુલ, જાહેર વાહન વ્યવસ્થા, સાઈકલ અને પગપાળા આવવાની અપનાવવામાં આવેલી આ પહેલ માત્ર ઈંધણ બચત પૂરતી મર્યાદિત નથી, પરંતુ સમાજમાં જવાબદાર નાગરિકત્વનો સકારાત્મક સંદેશ પણ પ્રસરાવે છે."

આ પ્રકારની પહેલ દ્વારા પર્યાવરણ જાગૃતિ, ઈંધણ બચત અને સામાજિક જવાબદારી અંગે સકારાત્મક સંદેશ પ્રસરી રહ્યો છે, જે અન્ય શૈક્ષણિક સંસ્થાઓ માટે પણ પ્રેરણારૂપ બની શકે છે. આ અંગે ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ ડૉ. હર્ષદ પટેલે જણાવ્યું હતું કે, 'પર્યાવરણ સંરક્ષણ અને ટકાઉ જીવનશૈલી આજના સમયની આવશ્યકતા છે. ગુજરાત વિદ્યાપીઠ પરિવાર દ્વારા કારપુલ, જાહેર વાહન વ્યવસ્થા, સાઈકલ અને પગપાળા આવવાની અપનાવવામાં આવેલી આ પહેલ માત્ર ઈંધણ બચત પૂરતી મર્યાદિત નથી, પરંતુ સમાજમાં જવાબદાર નાગરિકત્વનો સકારાત્મક સંદેશ પણ પ્રસરાવે છે."

# શૈક્ષણિક વર્ષ 2026-27 માટે રાજ્યની ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ પ્રક્રિયા બાબત

**ગાંધીનગર, તા.13**

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યની ઉચ્ચ શિક્ષણ પ્રણાલીમાં પારદર્શિતા, એકરૂપતા અને વિદ્યાર્થીઓની સરળતા માટે 'ગુજરાત કોમન એડમિશન સર્વિસીસ' (GCAS) પોર્ટલ અમલમાં મૂકવામાં આવ્યું છે. આ અંતર્ગત શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે પ્રવેશ મેળવવા ઈચ્છતા તમામ વિદ્યાર્થીઓ માટે નીચે મુજબની સૂચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવે છે:

રાજ્યની તમામ સરકારી યુનિવર્સિટીઓ તેમજ તેમને સંલગ્ન તમામ સરકારી, બિન-સરકારી અનુદાનિત (Grant-in-Aid), અને તમામ સ્વાયત્ત (Autonomous) કોલેજો (સેંટ ઝેવિયર્સ કોલેજ, અમદાવાદ સહિત) ના વિવિધ સ્નાતક (UG) અને અનુસ્નાતક (PG) પ્રોગ્રામ્સમાં પ્રવેશ માટેની નોંધણી પ્રક્રિયા માત્ર GCAS પોર્ટલ મારફત જ કરવાની રહેશે.

વિદ્યાર્થીઓની સુવિધા અને વ્યાપક શૈક્ષણિક હિતને ધ્યાનમાં રાખીને, રાજ્યની વિવિધ ખાનગી યુનિવર્સિટીઓ પણ આ એકીકૃત પ્રવેશ પ્રણાલી (Unified Admission Framework) સાથે સહભાગી થઈ રહી છે, જેથી વિદ્યાર્થીઓને એક જ પ્લેટફોર્મ પર મહત્તમ વિકલ્પો મળી રહે.

ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ એક્ટ, ૨૦૨૩ની કલમ ૪૬(૮) અને યુનિફોર્મ સ્ટેચ્યુટ્સ, ૨૦૨૪ની જોગવાઈઓ અનુસાર, રાજ્ય સરકાર દ્વારા શૈક્ષણિક અને વહીવટી સંકલન માટે જાહેર કરવામાં આવેલા આદેશોનું પાલન કરવું એક્ટ હેઠળની તમામ સરકારી યુનિવર્સિટીઓ તથા તેમને સંલગ્ન સંસ્થાઓ (સ્વાયત્ત સહિત) માટે અનિવાર્ય છે. GCAS પોર્ટલ પર સ્વાયત્ત અને લઘુમતી સંસ્થાઓ માટે જરૂરી તમામ ટેકનિકલ જોગવાઈઓ (લઘુમતી ક્વોટા, મેરિટ લિસ્ટ, વગેરે) ઉપલબ્ધ હોવાથી, એક્ટ હેઠળની કોઈ પણ સરકારી યુનિવર્સિટી સંલગ્ન સ્વાયત્ત સંસ્થાએ અલગથી પ્રવેશ પોર્ટલ ચલાવવાનું રહેતું નથી.

વિદ્યાર્થીઓ અને વાલીઓને ખાસ જણાવવાનું કે, જો કોઈ વિદ્યાર્થી દ્વારા નિયત કરાયેલ સંસ્થાઓમાં GCAS પોર્ટલ સિવાયના અન્ય કોઈ ખાનગી પોર્ટલ કે પદ્ધતિ મારફત પ્રવેશ મેળવવામાં આવ્યો હશે, તો તેવા પ્રવેશને યુનિવર્સિટી દ્વારા માન્યતા (Enrolment) આપવામાં કાયદાકીય અવરોધ ઊભો થઈ શકે છે.

નિયમોથી વિરુદ્ધ અન્ય પદ્ધતિથી મેળવેલા પ્રવેશ અંગે ભવિષ્યમાં સરકારશ્રી કે યુનિવર્સિટી દ્વારા જે કંઈ પણ નિર્ણય લેવામાં આવે, તેની સંપૂર્ણ જવાબદારી સંબંધિત વિદ્યાર્થી અને શૈક્ષણિક સંસ્થાની રહેશે.

પ્રવેશ પ્રક્રિયામાં કોઈ પણ પ્રકારની અનિશ્ચિતતા ટાળવા માટે તમામ વિદ્યાર્થીઓને અધિકૃત GCAS પોર્ટલ (https://gcas.gujgov.edu.in) પર જ નોંધણી કરાવવા આગ્રહભરી વિનંતી કરવામાં આવે છે.

# અમદાવાદમાં પ્રેમ પ્રકરણમાં યુવકની હત્યા: ચાંદખેડામાં 34 વર્ષીય યુવકને મોતને ઘાટ ઉતાર્યો, પોલીસ દ્વારા શકમંદ મહિલા અને પુરુષની શોધખોળ

**અમદાવાદ, તા.13**

અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાં રાત્રિ દરમિયાન 34 વર્ષના જશમંતસિંહ સિક્લીગર નામના વ્યક્તિની હત્યાની ઘટના સામે આવતા ચકચાર મચી ગઈ છે. પ્રાથમિક તપાસમાં આ હત્યા પાછળ પ્રેમ પ્રકરણ અને જૂની અદાવત હોવાનું કારણ જવાબદાર હોવાની આશંકા સેવાઈ રહી છે.

પોલીસ દ્વારા શકમંદ મહિલા અને પુરુષની શોધખોળ, હત્યાના આ ગુનામાં સંડોવાયેલા શકમંદોની ઓળખ મેળવવા માટે પોલીસે સઘન તપાસ શરૂ કરી છે. હાલ



પોલીસ એક મહિલા અને એક પુરુષની શોધખોળ કરી રહી છે, જેઓ આ ઘટના સાથે જોડાયેલા હોવાની શક્યતા છે.

મૃતદેહનો કબજો મેળવી પંચનામાની પ્રક્રિયા હાથ ધરાઈ, ચાંદખેડા પોલીસ સ્ટેશનના પીઆઈ જયેશ મકવાણાના જણાવ્યા અનુસાર, ઘટનાની જાણ થતા જ તેમનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. હાલમાં મૃતદેહનો કબજો મેળવી પંચનામાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

મારા ભાઈની ઝુંડાલ પાસે 6 શખ્સોએ હત્યા કરી, મૃતકના ભાઈએ જણાવ્યું હતું કે, મારા ભાઈની ઝુંડાલ પાસે 5થી 6 શખ્સોએ હત્યા કરી છે. અમારી માંગણી છે કે હત્યા કરનાર આરોપીને ઝડપીને કડક સજા આપવામાં આવે.

# ઓઢવ જીઆઈડીસીમાં તા. 15 મે, 2026ના રોજ યોજાશે ભવ્ય ભરતી મેળો

**અમદાવાદ, તા.13**

શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ હસ્તકની મદદનીશ નિયામક (રોજગાર) ની કચેરી, અમદાવાદ તથા ઓઢવ ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશનના સંયુક્ત ઉપક્રમે આગામી શુક્રવાર, તા. 15 મે, 2026ના રોજ સવારે 11:00 વાગ્યે એક વિશેષ રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમ ઓઢવ જીઆઈડીસી એરિયામાં આવેલા પ્લોટ નં. 35, ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશન હોલ ખાતે યોજાશે. સ્થાનિક ઉદ્યોગોમાં યુવાનોને રોજગારી મળી રહે તેવા ઉમદા હેતુથી આ ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ભરતી મેળામાં ઓઢવ જીઆઈડીસીની ખ્યાતનામ કંપનીઓ જેવી કે ભગવતી સ્પેરોકાસ્ટ, ફ્લુડ પાવર, ડાયને હાઈડ્રો, જય ઈલેક્ટ્રેક, જેકટેક હાઈડ્રોલિક અને નેપ્ચ્યુન ઓર્થોપેડીક સહિતના અનેક એકમો ઉપસ્થિત રહેશે. કંપનીઓ દ્વારા હેલ્પર, ટેકનીશ્યન, એન્જીનીયર, એસેમ્બલી ફિટર, ક્યુસી ઈનચાર્જ, સીએનસી/વીએમસી ઓપરેટર અને સપોર્ટ સ્ટાફ જેવી વિવિધ કેડરની અસંખ્ય જગ્યાઓ માટે સ્થળ પર જ ઈન્ટરવ્યુ લઈને લાયક ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે.

ધોરણ 10 પાસ, 12 પાસ, ગ્રેજ્યુએટ તેમજ આઈટીઆઈ (ITI) ધરાવતા તમામ ઉત્સાહી ઉમેદવારો આ ભરતી મેળાનો લાભ લઈ શકશે.

આથી, લાયકાત ધરાવતા ઉમેદવારોએ પોતાના બાયોડેટાની નકલ અને જરૂરી દસ્તાવેજો સાથે નિયત સમયે હાજર રહેવા મદદનીશ નિયામક રોજગારની કચેરી, અમદાવાદ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. આ તકનો મહત્તમ લાભ લઈ યુવાનો પોતાના કરિયરની નવી શરૂઆત કરી શકે છે.

# અમદાવાદ SPIPA ખાતે અટલ વાખ્યાનમાળા અંતર્ગત 'સુશાસનનાં મૂળભૂત તત્ત્વો અને નરેન્દ્ર મોદી સરકાર' વિષય પર વ્યાખ્યાન યોજાયું

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશમાં સુશાસન, ટેક્નોલોજી આધારિત પારદર્શિતા અને સર્વાંગી વિકાસને નવી દિશા મળી છે: લેખક અને વિચારક ઉદય માહુરકર

**અમદાવાદ, તા.13**

અમદાવાદની સરદાર પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન (SPIPA) ખાતે આયોજિત અટલ વ્યાખ્યાનમાળા અંતર્ગત 'Fundamentals of Good Governance & The Narendra Modi Govt.' વિષય પર સંબોધન કરતાં જાણીતા લેખક અને પત્રકાર ઉદય માહુરકરે જણાવ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશમાં સુશાસન, ટેક્નોલોજી આધારિત પારદર્શિતા અને સર્વાંગી વિકાસને નવી દિશા મળી છે.

શ્રી માહુરકર ભારત સરકારના ભૂતપૂર્વ ઈન્ફોર્મેશન કમિશનર અને પ્રખર રાષ્ટ્રવાદી વિચારક છે. તેમણે પોતાના સંબોધનમાં કેન્દ્રમાં નરેન્દ્ર મોદી સરકાર રચાયા પછી સુશાસનના આધારભૂત સિદ્ધાંતો, પારદર્શિતા, જવાબદારી, લોકકેન્દ્રિત વહીવટ અને વિકાસલક્ષી અભિગમમાં કરવામાં આવેલા સુધારાઓ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે ગુજરાતમાં વર્ષ 2006થી ગામડાઓમાં 24 કલાક થ્રી-ફેઝ વીજળી પહોંચાડવાની પહેલ સફળતાપૂર્વક અમલમાં મુકાઈ હતી, જેના પરિણામે વીજ પુરવઠા ક્ષેત્રે નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે. સોલાર પાવર અને નવીનીકરણીય ઊર્જાના ક્ષેત્રમાં પણ દેશે આગવી પ્રગતિ હાંસલ કરી હોવાનું તેમણે જણાવ્યું હતું.

શ્રી માહુરકરે નોટબંધી બાદ દેશમાં ડિજિટલ વ્યવહારોમાં વધારો થયો હોવાનું જણાવી જનધન



યોજના દ્વારા કરોડો લોકો બેંકિંગ વ્યવસ્થાથી જોડાયા હોવાનું જણાવ્યું હતું. તેમણે કેન્દ્ર સરકાર સહિત તમામ સરકારી સંસ્થાઓમાં કાર્યક્ષમ અને પ્રતિબદ્ધ અધિકારીઓને જવાબદારી સોંપવાના અભિગમને વિકાસલક્ષી શાસનની મહત્વપૂર્ણ કડી ગણાવી



હતી.

વ્યૂહાત્મક આયોજન, આત્મવિશ્વાસ અને સજ્જતાના મહત્વ અંગે તેમણે ઐતિહાસિક ઉદાહરણ આપતાં જણાવ્યું હતું કે, શિવાજી મહારાજે અફઝલ ખાન સાથેની મુલાકાત પહેલાં ઉચિત આયોજન કર્યું હતું, જે સફળતાનું કારણ બન્યું હતું. જીવનમાં યશ મેળવવા માટે આગોતરા આયોજન અને દૂરંદેશી અભિગમ જરૂરી હોવાનું તેમણે ઉમેર્યું હતું.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, સંરક્ષણ ક્ષેત્રે આજે મોટા પ્રમાણમાં સામગ્રી ભારતમાં જ નિર્માણ પામી રહી છે, જે આત્મનિર્ભર ભારતની દિશામાં મહત્વપૂર્ણ પગલું છે. ભારતની વૈશ્વિક કૂટનીતિ વિશ્વાસુ અને મજબૂત બની હોવાનું પણ તેમણે જણાવ્યું હતું. G-20માં આફ્રિકન દેશોને સ્થાન અપાવવાના નિર્ણયને તેમણે વૈશ્વિક સમાનતાની દિશામાં મહત્વપૂર્ણ પહેલ ગણાવી હતી.

ટેક્નોલોજીના ઉપયોગ અંગે તેમણે જણાવ્યું હતું કે, GeM પોર્ટલ મારફતે સરકારી ખરીદીમાં પારદર્શિતા વધી છે અને ભ્રષ્ટાચાર ઘટાડવામાં મદદ મળી છે. વિવિધ ક્ષેત્રોમાં ટેક્નોલોજીનો વ્યાપક ઉપયોગ થવાથી કાર્યક્ષમતા વધી હોવાનું તેમણે જણાવ્યું હતું.

તેમણે દેશમાં માઓવાદી પ્રવૃત્તિઓ તથા કાશ્મીરમાં આતંકવાદી ઘટનાઓમાં ઘટાડો નોંધાયો હોવાનું જણાવ્યું હતું. અયોધ્યામાં રામ મંદિરનું નિર્માણ દેશની સાંસ્કૃતિક વિરાસતનું પ્રતિક હોવાનું તેમણે જણાવ્યું હતું.

આ વ્યાખ્યાનમાં SPIPAના નાયબ મહાનિદેશક ચંદ્રેશ કોટક, સંયુક્ત નિયામક શ્રી એ.એ. ડોડીયા, વરિષ્ઠ અધિકારીઓ, વિદ્યાર્થીઓ તેમજ વિવિધ ક્ષેત્રના આગેવાનો તથા પ્રબુદ્ધ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# ટ્રમ્પ 8 વર્ષ પછી ચીન પહોંચ્યા: દીકરો-વહૂ પણ સાથે, જતાં પહેલાં કહ્યું હતું- ઈરાન યુદ્ધ રોકવા માટે ચીનની મદદની જરૂર નથી



**વોશિંગ્ટન, તા.13**

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ બુધવારે 8 વર્ષ પછી ચીનના પ્રવાસે પહોંચ્યા. તેમનું વિમાન બેઈજિંગ કેપિટલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર લેન્ડ થયું, જ્યાં ચીનના ઉપરાષ્ટ્રપતિ હાન ઝેંગ અને ચીની રાજદ્વારી શી ફેંગે તેમનું સ્વાગત કર્યું.

એર ફોર્સ વનમાંથી ઉતરતી વખતે લગભગ 300 બાળકો વાદળી અને સફેદ રંગના યુનિફોર્મમાં એરપોર્ટ પર હાજર હતા. તેઓ અમેરિકા અને ચીનના ઝંડા લહેરાવી રહ્યા હતા. ટ્રમ્પ સાથે તેમના પુત્ર એરિક ટ્રમ્પ અને પુત્રવધૂ લારા ટ્રમ્પ પણ હાજર હતા.

આ દરમિયાન બાળકોએ મેન્ડરિન ભાષામાં 'વેલકમ'ના નારા લગાવ્યા. આ પ્રવાસમાં 9 લાખ કરોડ રૂપિયાથી વધુની બોઈંગ વિમાન ડીલ થઈ શકે છે. ચીન 500 બોઈંગ 737 MAX, 100 બોઈંગ 787 ડ્રીમલાઈન અને ઘણા 777X વાઈડબોડી વિમાનો ખરીદી શકે છે. જો કરાર થશે તો તે ઈતિહાસનો સૌથી મોટો વિમાન સોદો હશે.

ટ્રમ્પ સાથે ઈલોન મસ્ક, એપલના CEO ટિમ કૂક અને બોઈંગના CEO સહિત 17 મોટા અમેરિકી ઉદ્યોગપતિઓ પણ ગયા છે. જોકે, ચિપ કંપની એનવીડિયાના CEO જેન્સન હુઆંગ આ પ્રવાસમાં સામેલ નહીં થાય.

રિપોર્ટ્સ અનુસાર, ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ અને ટ્રમ્પ વચ્ચે ગુરુવાર અને શુક્રવારે અલગ-અલગ તબક્કાની વાતચીત થશે. બંને નેતાઓ વચ્ચે વેપાર, તાઈવાન, રેર અર્થ મિનરલ્સ, AI અને ઈરાન યુદ્ધ જેવા મુદ્દાઓ પર ચર્ચા થવાની સંભાવના છે. ટ્રમ્પ 15 મે સુધી બેઈજિંગમાં રહેશે. 2017 પછી આ તેમનો પહેલો ચીન પ્રવાસ છે.

ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે ઈરાન સાથે ચાલી રહેલા યુદ્ધને સમાપ્ત કરવા માટે તેમને ચીનની મદદની જરૂર નથી. ટ્રમ્પે આ નિવેદન વોશિંગ્ટનથી બેઈજિંગ રવાના થતી વખતે આપ્યું હતું.

પત્રકારો સાથેની વાતચીતમાં ટ્રમ્પે કહ્યું હતું કે મને નથી લાગતું કે અમને ઈરાનના મામલે કોઈ મદદની જરૂર છે. અમેરિકા આ યુદ્ધ કોઈપણ રીતે જીતી જશે.જ્યારે ટ્રમ્પને પૂછવામાં આવ્યું કે શું અમેરિકામાં લોકોની આર્થિક મુશ્કેલીઓ તેમના નિર્ણયોને પ્રભાવિત કરી રહી છે, તો તેમણે કહ્યું, હું અમેરિકનોની આર્થિક સ્થિતિ વિશે વિચારતો નથી. હું ફક્ત એક જ વાત વિચારું છું, ઈરાન પાસે પરમાણુ હથિયારો ન હોવા જોઈએ.

અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયો ટ્રમ્પ સાથે ચીન જઈ રહ્યા છે. ખાસ વાત એ છે કે ચીને પહેલાથી જ માર્કો રુબિયો પર પ્રતિબંધ લગાવી દીધો હતો.

માર્કો રુબિયો પહેલા અમેરિકામાં સાંસદ હતા અને તેઓ અવારનવાર ચીનની ટીકા કરતા હતા. તેમણે ઉઈગર મુસ્લિમો અને હોંગકોંગના મુદ્દે ચીન વિરુદ્ધ અવાજ ઉઠાવ્યો હતો. તેનાથી નારાજ થઈને ચીને તેમના પર પ્રતિબંધો લગાવ્યા હતા, જેમાં ચીનમાં પ્રવેશ પર રોક પણ સામેલ હતી. પરંતુ હવે ચીને એક નવી રીત શોધી કાઢી છે. ચીને માર્કો રુબિયોના નામને ચીની ભાષામાં લખવાની રીત (ટ્રાન્સલિટરેશન) બદલી નાખી. એવું માનવામાં આવે છે કે આવું એટલા માટે કરવામાં આવ્યું જેથી જૂના નામ પર લાગેલા પ્રતિબંધો નવા નામ પર લાગુ ન પડે અને તેમની ચીન યાત્રા શક્ય બની શકે. ટ્રાન્સલિટરેશનનો અર્થ છે કોઈ નામ કે શબ્દને બીજી ભાષાની લિપિમાં લખવું. સરળ ભાષામાં કહીએ તો ચીને રુબિયો લખવાની રીત બદલી નાખી જેથી ટેકનિકલી તે જૂનું પ્રતિબંધિત નામ ન ગણાય. વ્હાઈટ હાઉસ અનુસાર, ચીન પ્રવાસ દરમિયાન રાષ્ટ્રપતિ શી જિનપિંગ, ડોનાલ્ડ ટ્રમ્પના સન્માનમાં ભવ્ય સ્ટેટ ડિનરનું આયોજન કરશે. ચીનમાં આવા સ્ટેટ ડિનરને મોટા રાજદ્વારી સન્માન તરીકે જોવામાં આવે છે.

આવા કાર્યક્રમો સામાન્ય રીતે બેઈજિંગના ગ્રેટ હોલ ઓફ ધ પીપલમાં યોજાય છે, જ્યાં ચીનનું ટોચનું નેતૃત્વ વિદેશી મહેમાનોનું સ્વાગત કરે છે. તેમાં બંને દેશોના વરિષ્ઠ અધિકારીઓ, વેપારી પ્રતિનિધિઓ અને ખાસ મહેમાનો શામેલ હોય છે.

રાજદ્વારી નિષ્ણાતોના મતે, ચીન કોઈ વિદેશી નેતાને જેટલું મોટું ઔપચારિક સ્વાગત આપે છે, તેને સંબંધોના મહત્વનો સંકેત માનવામાં આવે છે. સ્ટેટ ડિનર દ્વારા ચીન એ સંદેશ આપવાનો પ્રયાસ કરે છે કે તે અમેરિકા સાથેના સંબંધોને વ્યૂહાત્મક સ્તરે મહત્વ આપી રહ્યું છે.

ટ્રમ્પના પ્રથમ કાર્યકાળમાં 2017ના ચીન પ્રવાસ દરમિયાન પણ રાષ્ટ્રપતિ શી જિનપિંગે તેમના સન્માનમાં વિશેષ સ્વાગત કાર્યક્રમ રાખ્યો હતો.

અમેરિકા-ચીન ટ્રેડ વોર હજુ પણ મોટો મુદ્દો છે. ટ્રમ્પ અગાઉ ચીની સામાન પર ભારે ટેરિફની ચેતવણી આપી ચૂક્યા છે. બંને દેશો હવે વ્યાપારી તણાવ ઘટાડવા પર વાતચીત કરી શકે છે.

# પીએમના રૂટ પર વિસ્ફોટક મળ્યા બાદ હવે ટાઈમર મળ્યું: દાવો- આરોપીઓ જોડી શક્યા નથી, 10 મેના રોજ મોદી બેંગલુરુ ગયા હતા

**બેંગલુરુ, તા.13**

પીએમ મોદીના 10 મેના રોજ બેંગલુરુ પ્રવાસ દરમિયાન મળેલી જિલેટીનની સ્ટીક્સ પછી હવે એવી વધારાની સામગ્રી પણ મળી આવી છે, જેનાથી વિસ્ફોટ ટ્રિગર કરી શકાય છે.



પોલીસને ત્રણ દિવસ પછી ત્યાંથી એક ઈલેક્ટ્રોનિક સર્કિટ અને ટાઈમર મળ્યું છે. આ સામગ્રી એક પૂંઠાના ડબ્બામાં હતી. પોલીસે આશંકા વ્યક્ત કરી કે જે લોકોએ તેને ત્યાં રાખવાનો પ્રયાસ કર્યો, તેઓ તેને એસેમ્બલ (જોડી) શક્યા નહીં.

વડાપ્રધાન 10 મેના રોજ બેંગલુરુમાં આર્ટ ઓફ લિવિંગ ફાઉન્ડેશનના 45મા સ્થાપના દિવસ સમારોહમાં ભાગ લેવા પહોંચ્યા હતા. વિસ્ફોટક સામગ્રી કાર્યક્રમ સ્થળ નજીક કાગલીપુરા વિસ્તાર પાસેથી મળી આવી હતી.

10 મેના રોજ જ્યારે પીએમ મોદીને બેંગલુરુમાં કાર્યક્રમમાં જવાનું હતું. તે જ દિવસે સવારે 7 વાગ્યાની આસપાસ પોલીસને એક ફોન કોલ આવ્યો. જેમાં કોલરે કહ્યું કે તેણે બોમ્બ લગાવ્યો છે.

આ કોલના આધારે પોલીસ હરકતમાં આવી અને શહેરના કોરમંગલા વિસ્તારમાંથી એક વ્યક્તિની ધરપકડ કરી. થોડા કલાકો પછી, પોલીસ ટીમને હાઈવેથી થોડા મીટરના અંતરે જિલેટીનનો ડબ્બો મળ્યો. આ જ રસ્તેથી પીએમ મોદીની કાર પસાર થવાની હતી.

પીએમ મોદી કર્ણાટકના બેંગલુરુમાં 'આર્ટ ઓફ લિવિંગ'ના 45મા સ્થાપના દિવસ સમારોહમાં ભાગ લેવા ગયા હતા. તેમણે અહીં મંદિરમાં પૂજા કરી અને એક 'ધ્યાન મંદિર'નું ઉદ્ઘાટન કર્યું. આ સાથે જ પીએમએ માનસિક સ્વાસ્થ્ય, ગ્રામીણ વિકાસ, પ્રકૃતિ સંરક્ષણ સંબંધિત યોજનાઓ પણ શરૂ કરી.

આ કાર્યક્રમ શ્રી શ્રી રવિશંકરના 70મા જન્મદિવસ નિમિત્તે આર્ટ ઓફ લિવિંગના આંતરરાષ્ટ્રીય કેન્દ્રમાં આયોજિત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં 182થી વધુ દેશોના લોકો જોડાયા હતા.

વર્ષ 2022માં પંજાબના ફિરોઝપુર જિલ્લાના એક ફ્લાયઓવર પર પીએમનો કાફલો 20 મિનિટ સુધી રોકાયો હતો. તેમનાથી થોડે દૂર ખેડૂતો હાઈવે પર જામ કરીને પ્રદર્શન કરી રહ્યા હતા. વરસાદ વચ્ચે આગળ જવાનો રસ્તો ન મળતા વડાપ્રધાનને ભટિંડા એરપોર્ટ પાછા ફરવું પડ્યું. આ દરમિયાન સુરક્ષા એજન્સીઓના શ્વાસ અધ્ધર થઈ ગયા હતા, ક્યાંક પીએમ સાથે કોઈ અનિચ્છનીય ઘટના ન બની જાય.

પીએમની સુરક્ષા સ્પેશિયલ પ્રોટેક્શન ગાર્ડ (SPG) ને સોંપવામાં આવે છે. તેની સ્થાપના 1988 માં ઈન્દિરા ગાંધીની હત્યા પછી થઈ. SPG કમાન્ડો અત્યાધુનિક હથિયારો, બુલેટપ્રૂફ ગિયર અને ક્લોઝ-કોમ્બેટ તાલીમથી સજ્જ હોય છે. પીએમની આસપાસ હંમેશા 'ડાયમંડ ફોર્મેશન' માં તૈનાત રહે છે.

વડાપ્રધાન પદે રહેતા 1984માં ઈન્દિરા ગાંધીની હત્યા થઈ. ત્યારબાદ 1985માં SPGની રચના થઈ. 1988માં સ્પેશિયલ પ્રોટેક્શન ગ્રુપ એક્ટ, 1988 પસાર કરીને તેનું ઔપચારિક ગઠન કરવામાં આવ્યું.

કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળ એટલે કે CAPF અને રેલવે સુરક્ષા દળ (RPF)ના જવાનો SPGમાં સામેલ થવાની ઈચ્છા વ્યક્ત કરી શકે છે. કેન્દ્રીય સશસ્ત્ર દળોનો કોઈપણ જવાન પોતાના કરિયરમાં ફક્ત એક જ વાર 5 વર્ષ માટે SPGમાં જઈ શકે છે. SPGના જવાનો અને અધિકારીઓ પર કોઈપણ મીડિયા હાઉસનો સંપર્ક કરવા અથવા SPGમાં પોતાના કાર્યકાળ પર કોઈ પુસ્તક લખવા પર પ્રતિબંધ હોય છે.

# તમિલનાડુમાં વિજય સરકાર ફ્લોર ટેસ્ટમાં પાસ: સમર્થનમાં 144 મત પડ્યા, વિરોધમાં ફક્ત 22, 5 ધારાસભ્યો ગેરહાજર રહ્યા

**ચેન્નઈ, તા.13**



તમિલનાડુ વિધાનસભામાં મુખ્યમંત્રી વિજયની સત્તાધારી તમિલગા વેત્રી કડગમ (TVK) સરકાર ફ્લોર ટેસ્ટમાં પાસ થઈ ગઈ છે. TVKના સમર્થનમાં 144 મત પડ્યા, જેમાં AIADMKના બળવાખોર ધારાસભ્યોના મત પણ સામેલ છે. વિશ્વાસ પ્રસ્તાવના વિરોધમાં ફક્ત 22 મત પડ્યા. વોટિંગ દરમિયાન 5 ધારાસભ્યો ગેરહાજર રહ્યા.

વિપક્ષના નેતા ઉદયનિધિ સ્ટાલિને વિજયની AIADMKના બળવાખોર ધારાસભ્યો સાથેની મુલાકાત પર સવાલ ઉઠાવતા કહ્યું કે આ ખોટું છે. આ બદલાવ છે કે સોદાબાજી. શું આ તમારી સ્વચ્છ સરકાર છે. TVK સરકારે ઈન્સ્ટાગ્રામ રીલ દ્વારા નહીં, પરંતુ Real ગવર્નન્સ કરવી જોઈએ.

આના પર સીએમ વિજયે કહ્યું કે તેમની સરકાર બિનસાંપ્રદાયિક રીતે ઘોડાની ગતિએ કામ કરશે, ન કે હોર્સ ટ્રેડિંગમાં સામેલ થશે. અગાઉની સરકારની તમામ યોજનાઓને અમારી સરકાર ચાલુ રાખશે. આ દરમિયાન DMKએ સદનમાંથી વોકઆઉટ કર્યું. તમિલનાડુમાં TVKની સરકાર બનવાની સાથે જ AIADMKમાં પણ ફૂટ પડી ગઈ છે.

ટ્રસ્ટ વોટ દરમિયાન વિપક્ષના નેતા અને DMKના ઉદયનિધિ સ્ટાલિને TVK સરકાર પર નિશાન સાધતા કહ્યું કે ઈન્સ્ટાગ્રામ રીલ દ્વારા નહીં, પરંતુ રિયલ ગવર્નન્સ કરવી જોઈએ. તેમણે કહ્યું કે સરકાર પાસે બહુમતી માટે જરૂરી 118 બેઠકો નથી. સાથે જ મુખ્યમંત્રીએ જીતને લઈને વિશ્વાસના અભાવને કારણે બે બેઠકો પરથી ચૂંટણી લડી અને એક બેઠક પરથી રાજીનામું આપી દીધું.

સ્ટાલિને કહ્યું કે મુખ્યમંત્રીએ હજુ સુધી જનતાનો આભાર પણ માન્યો નથી. તેમણે એ પણ જણાવ્યું કે કોર્ટે તિરુપત્તૂરના ધારાસભ્યને વોટિંગમાં ભાગ લેવાથી રોકી દીધા છે, જેનાથી સત્તાધારી પક્ષ પાસે હવે ફક્ત 106 સભ્યો રહી ગયા છે. તેમણે આરોપ લગાવ્યો કે આ સરકાર એ પક્ષોના સમર્થનથી બની છે, જે DMK ગઠબંધન સાથે ચૂંટણી જીતીને આવ્યા હતા.

TVKના પ્રવક્તા રિકી રાધન પંડિત વેત્રિવેલને મુખ્યમંત્રીના 'ઓફિસર ઓન સ્પેશિયલ ડ્યુટી' તરીકે નિયુક્ત કરવા અને TVK પ્રમુખ સી. જોસેફ વિજય પર DMK નું નિવેદન સામે આવ્યું છે. પાર્ટીના પ્રવક્તા TKS એલંગોવને કહ્યું- હવેથી વિધાનસભાની કોઈ ભૂમિકા રહી નથી. માત્ર સમય (મુહૂર્ત) જ્યોતિષીઓ દ્વારા જણાવવામાં આવશે. તે કોઈ સરકારી અધિકારી નથી. તેમને એવા કોઈ વ્યક્તિની જરૂર છે જે નિયમો અને સરકારી અધિકારો અનુસાર તેમને સાચી સલાહ આપી શકે. એક જ્યોતિષી શું કરી શકે? તે ફક્ત ભવિષ્યવાણી કરી શકે છે, બસ એટલું જ, તેમને પોતાની પાર્ટી કરતાં તે જ્યોતિષી પર વધુ ભરોસો છે. તમિલનાડુ વિધાનસભામાં વિશ્વાસ મતની કાર્યવાહીમાં ભાગ લેતા VCK એ TVK સરકારને પોતાનો ટેકો જાહેર કર્યો. CPI(M) એ પણ તમિલનાડુ વિધાનસભામાં TVK સરકારને પોતાનો ટેકો જાહેર કર્યો. આ ઉપરાંત કોંગ્રેસે TVK સરકારને પોતાનો ટેકો જાહેર કર્યો છે.

# હંતાવાયરસથી વધુ 3 મુસાફરો સંક્રમિત થયા: અમેરિકા, ફ્રાન્સ અને સ્પેનના રહેવાસીઓ, કુલ 9 કેસ થયા, અત્યાર સુધીમાં 3ના મોત

**વોશિંગ્ટન, તા.13**

હંતાવાયરસના સંપર્કમાં આવેલા વધુ 3 લોકોમાં સંક્રમણ જોવા મળ્યું છે. તેમાં એક અમેરિકન અને એક ફ્રેન્ચ યાત્રીનો સમાવેશ થાય છે, જેઓ પહેલાથી જ પોતપોતાના દેશ પાછા ફર્યા હતા. જ્યારે, મેડ્રિડમાં ક્વોરન્ટાઈન કરાયેલા એક સ્પેનિશ નાગરિકનો પ્રારંભિક રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યો છે.

અત્યાર સુધીમાં 3 યાત્રીઓના મોત થયા છે. 11 એપ્રિલે એક વૃદ્ધ ડચ યાત્રીનું જહાજ પર મૃત્યુ થયું હતું. તેમની પત્ની બાદમાં દક્ષિણ આફ્રિકામાં મૃત હાલતમાં મળી આવી હતી. 2 મેના રોજ એક જર્મન મહિલાનું જહાજ પર મૃત્યુ થયું હતું.

આ તમામ યાત્રીઓ 'MV હોન્ડિયસ' નામની તે ક્રુઝ શિપ પરથી પાછા ફર્યા છે, જ્યાં વાયરસના કેસ સામે આવ્યા હતા. આ જહાજ સ્પેનના કેનેરી આઈલેન્ડ્સમાં રોકાયું હતું. WHO અનુસાર, જહાજ સંબંધિત હંતાવાયરસના 9 કેસ કન્ફર્મ થઈ ચૂક્યા છે.

WHO એ જહાજ પરથી પાછા ફરનારા તમામ લોકો માટે 42 દિવસના આઈસોલેશનની ભલામણ કરી છે. જોકે, અમેરિકન CDC એ જણાવ્યું કે વાયરસનું માણસથી માણસમાં ફેલાવુ દુર્લભ છે અને તેને કોવિડ જેવી મહામારી ન ગણવી જોઈએ.

આ પહેલા સોમવારે હંતાવાયરસના સંપર્કમાં આવેલા 17 અમેરિકી યાત્રીઓને અમેરિકાના નેબ્રાસ્કા મેડિકલ સેન્ટર લાવવામાં આવ્યા. અહીં તેમને 42 દિવસ સુધી નિરીક્ષણ અને ક્વોરન્ટીનમાં રાખવામાં આવશે.

હંતાવાયરસથી મનુષ્યોની કિડની ફેલ થવાનો ખતરો હોય છે. ઘણા કિસ્સાઓમાં દર્દીને તાવ, શરીરનો દુખાવો, શ્વાસ લેવામાં તકલીફ અને નબળાઈ થવા લાગે છે. સ્થિતિ બગડવા પર ફેફસામાં પાણી ભરાઈ શકે છે અને જીવનો ખતરો પણ થઈ શકે છે.

મનુષ્યોમાં હંતાવાયરસના લક્ષણો દેખાવામાં 1 થી 8 અઠવાડિયા લાગે છે, પરંતુ તે પછી દર્દીની હાલત ઝડપથી બગડવા લાગે છે. WHO અનુસાર, હંતાવાયરસથી સંક્રમિત થનારાઓમાંથી 35-40% લોકોનું 6 અઠવાડિયાની અંદર મૃત્યુ થાય છે. હંતાવાયરસ એક ખતરનાક વાયરસ છે, જે મોટાભાગે ઉંદરો અને ખિસકોલી જેવા પ્રાણીઓથી ફેલાય છે. તે તેમના મળ, પેશાબ અને લાળમાં જોવા મળે છે. તેનું નામ દક્ષિણ કોરિયાની "હંટન" નદીના નામ પરથી રાખવામાં આવ્યું છે.



વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (WHO) અનુસાર, હંતા વાયરસની "એન્ડીઝ" નામની એક ખાસ જાતિ મનુષ્યથી મનુષ્યમાં પણ ફેલાઈ શકે છે. આ સંક્રમિત વ્યક્તિની લાળ, થૂંક, સાથે ભોજન કરવાથી અથવા એક જ પથારીમાં સૂવાથી ફેલાઈ શકે છે. દર્દીની સંભાળ રાખનારાઓને વધુ જોખમ રહે છે.

આ વાયરસનો પહેલો કેસ 1993માં અમેરિકામાં સામે આવ્યો હતો. તે સમયે એક અમેરિકી દંપતીનું મૃત્યુ થયું હતું. તપાસમાં તેમના ઘરની આસપાસ ઉંદરોના દર અને વાયરસના નિશાન મળ્યા હતા.

અમેરિકાના નેશનલ ઈન્સ્ટિટ્યૂટ્સ ઑફ હેલ્થ અનુસાર, દુનિયાભરમાં દર વર્ષે હંતા વાયરસના લગભગ 1.5 લાખ કેસ સામે આવે છે, જેમાંથી મોટાભાગના યુરોપ અને એશિયાના હોય છે.

આમાંથી અડધાથી વધુ કેસ ચીનમાંથી હોય છે. 2018માં આર્જેન્ટિનાની એક બર્થડે પાર્ટીમાં આ વાયરસ 34 લોકોમાં ફેલાઈ ગયો હતો, જેમાં 11 લોકોના મોત થયા હતા.

અધિકારીઓ અનુસાર, હંતાવાયરસ સરળતાથી ફેલાતો નથી. તે ફક્ત તે વ્યક્તિના ખૂબ નજીકના સંપર્કથી ફેલાઈ શકે છે જેમાં લક્ષણો દેખાઈ રહ્યા હોય.

યુએસ સેન્ટર્સ ફોર ડિસીઝ કંટ્રોલ એન્ડ પ્રિવેન્શન (CDC) ના કાર્યકારી નિર્દેશક જય ભટ્ટાચાર્યએ જણાવ્યું હતું કે, પહેલા એ જોવામાં આવશે કે કયા કયા લોકો સંક્રમિત વ્યક્તિની નજીક હતા. તે મુજબ તેમને ઓછા, મધ્યમ અથવા વધુ જોખમવાળી શ્રેણીમાં રાખવામાં આવશે. તેમણે કહ્યું કે જો કોઈ મુસાફરનો સંક્રમિત વ્યક્તિ સાથે નજીકનો સંપર્ક ન હતો, તો તેને ઓછું જોખમ ધરાવતો માનવામાં આવશે. જોકે, આ વાયરસ કોવિડ-19ની જેમ ઝડપથી ફેલાતો નથી. મોટાભાગના કિસ્સાઓમાં તે સંક્રમિત ઉંદરોના મળ, પેશાબ અથવા લાળના સંપર્કમાં આવવાથી ફેલાય છે. મનુષ્યથી મનુષ્યમાં ફેલાવાના કિસ્સાઓ બહુ ઓછા જોવા મળ્યા છે.

હંતાવાયરસનો હાલ કોઈ ખાસ ઈલાજ કે રસી ઉપલબ્ધ નથી. ડોકટરો દર્દીના લક્ષણો અનુસાર સારવાર કરે છે જેથી તેની હાલત વધુ ખરાબ ન થાય.

જો દર્દીને શ્વાસ લેવામાં તકલીફ થાય છે, તો તેને ઓક્સિજન અથવા વેન્ટિલેટરની મદદ આપવામાં આવે છે. શરીરમાં પાણી અને બ્લડ પ્રેશર સંતુલિત રાખવા માટે દવાઓ અને ફ્લુઈડ્સ આપવામાં આવે છે.

# 72 IASની બદલી, ચૂંટણી પૂર્ણ થતાં જ રી-શફલ: 8 નવી મનપાના મ્યુનિ. કમિશનર બદલાયા, ચાર્જ લેશે પછી જ મેયર-સ્ટેન્ડિંગ ચેરમેનની જાહેરાત

**ગાંધીનગર, તા.13**

રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગ (GAD) દ્વારા બુધવારે વહેલી સવારે IAS અધિકારીઓની મોટી બદલીનો આદેશ જાહેર કરવામાં આવ્યો છે. રાજ્યભરમાં કુલ 72 IAS અધિકારીઓની બદલી અને નવી નિમણૂકો કરવામાં આવી છે. આ ફેરફારોમાં અનેક જિલ્લા કલેક્ટર, મ્યુનિસિપલ કમિશનર તેમજ વિવિધ સરકારી નિગમોના ઉચ્ચ અધિકારીઓનો સમાવેશ થાય છે. સરકારના આ નિર્ણયને વહીવટી તંત્રમાં મોટા રી-શફલ તરીકે જોવામાં આવી રહ્યું છે.

આ બદલીઓમાં તાજેતરમાં જ નવી બનેલી 9 મનપાની પહેલીવાર ચૂંટણી યોજાઈ હતી. આ 9માંથી 8 મનપાના મ્યુનિકમિશનરની બદલી કરી નવા કમિશનર મૂકવામાં આવ્યા છે. જ્યારે પોરબંદર મનપાના કમિશનરની બદલી કરવામાં આવી નથી.

દોઢ વર્ષ પહેલા નવી બનાવવામાં આવેલી મહાનગરપાલિકાઓમાં મ્યુનિસિપલ કમિશનરોની બદલી કરવામાં આવી છે. નવા મ્યુનિસિપલ કમિશનર આવ્યા બાદ સૌપ્રથમ વખત મેયર સહિતના પદાધિકારીઓની નિમણૂક કરવામાં આવશે. આજે બદલીઓ થયા બાદ બે દિવસમાં નવા મ્યુનિસિપલ કમિશનરો ચાર્જ લીધા બાદ જ હવે નવી ચૂંટાયેલી પાંખ જાહેર થશે.

જાહેર થયેલા આદેશ મુજબ જામનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર ડી.એન. મોદીની ગાંધીનગર વિકાસ કમિશનર તરીકે ટ્રાન્સફર કરવામાં આવી છે. અમદાવાદ કલેક્ટર સુજીત કુમારને સ્ટેટ ટેક્સના સ્પેશિયલ કમિશનર તરીકે નિમણૂક આપવામાં આવી છે. સુરત કલેક્ટર ડૉ. સૌરભ પારધીને સિવિલ સપ્લાયઝ વિભાગના ડિરેક્ટર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે, જ્યારે ભરુચ કલેક્ટર ગૌરાંગ મકવાણાને ગુજરાત એનર્જી ડેવલપમેન્ટ એજન્સી (GEDA)ના ડિરેક્ટર તરીકે જવાબદારી સોંપાઈ છે.

આ ઉપરાંત નર્મદા-રાજપીપળાના કલેક્ટર સંજય મોદીની ટ્રાન્સફર કરી તેમને ગુજરાત સ્ટેટ ટ્રાઈબલ ડેવલપમેન્ટ રેસિડેન્શિયલ એજ્યુકેશનલ ઈન્સ્ટિટ્યુશન સોસાયટી (GSTDREIS)ના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર તરીકે મુકવામાં આવ્યા છે. મોરબી કલેક્ટર કિરણ ઝવેરીને નડિયાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર તરીકે નિમણૂક આપવામાં આવી છે.

રાજ્ય સરકારે તાજેતરમાં સ્થાનિક સ્વરાજ અને વિકાસ સંબંધિત પ્રોજેક્ટોને વધુ ગતિ આપવા માટે વહીવટી માળખામાં આ વ્યાપક ફેરફારો કર્યા હોવાનું માનવામાં આવી રહ્યું છે. અનેક અધિકારીઓને વધારાનો ચાર્જ પણ સોંપવામાં આવ્યો છે, જેથી વિવિધ વિભાગોની કામગીરીમાં સતતતા જળવાઈ રહે.

IAS અધિકારીઓની ટ્રાન્સફર માત્ર રૂટિન વહીવટી ફેરફાર નથી, પરંતુ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી બાદ સરકારની નવી વહીવટી ગોઠવણ તરીકે જોવાઈ રહી છે. થોડા દિવસો પહેલા ઘણા કલેક્ટરોને પ્રમોશન આપવામાં આવ્યું હતું, પરંતુ તે સમયે ચૂંટણી પ્રક્રિયા ચાલી રહી હોવાથી તેમની બદલી અટકાવવામાં આવી હતી. હવે ચૂંટણી પૂર્ણ થતાં જ પ્રમોશન પામેલા અધિકારીઓને સચિવાલય તેમજ મહત્વપૂર્ણ વિભાગોમાં જવાબદારી સોંપવામાં આવી છે. સરકાર હવે જિલ્લા વહીવટ કરતાં નીતિગત અને અમલીકરણ સ્તરે અનુભવી અધિકારીઓનો વધુ ઉપયોગ કરવા માગે છે તેવો સંકેત આ બદલીઓમાંથી મળી રહ્યો છે.

રાજ્યમાં છેલ્લા કેટલાક સમયથી IAS અધિકારીઓની અછત ગંભીર મુદ્દો બની રહી છે. તેના કારણે અનેક અધિકારીઓને એક સાથે બે-ત્રણ મહત્વપૂર્ણ વિભાગોના વધારાના ચાર્જ સોંપવામાં આવ્યા છે. આ ટ્રાન્સફર ઓર્ડરમાં પણ ઘણા અધિકારીઓને વધારાની જવાબદારી આપવામાં આવી છે, જે દર્શાવે છે કે સરકાર પાસે અનુભવી અધિકારીઓની મર્યાદિત ઉપલબ્ધતા છે. ખાસ કરીને ઊર્જા, શિક્ષણ, ટ્રાઈબલ ડેવલપમેન્ટ અને નગર વિકાસ જેવા વિભાગોમાં એક જ અધિકારી પાસે અનેક પદોની જવાબદારી રાખવામાં આવી છે. વહીવટી સતતતા જળવાઈ રહે અને નિર્ણયો ઝડપથી લેવાઈ શકે તે માટે આ મોડેલ અપનાવવામાં આવ્યો હોવાનું માનવામાં આવે છે.

આ બદલીઓમાં એક મહત્વનું પાસું એ પણ છે કે જ્યાં લાંબા સમયથી વધારાના ચાર્જના આધારે કામગીરી ચાલી રહી હતી ત્યાં હવે નિયમિત પોસ્ટિંગ આપવામાં આવી રહી છે. અનેક કોર્પોરેશન, કમિશનર કચેરીઓ અને જિલ્લા કક્ષાના પદો પર રેગ્યુલર અધિકારીઓ મુકાતા વહીવટી ગતિ વધવાની શક્યતા છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી દરમિયાન સરકાર કોઈ મોટો વહીવટી ફેરફાર કરવા માંગતી નહોતી, પરંતુ હવે ચૂંટણી પૂર્ણ થતાં જ આખા તંત્રમાં વ્યાપક રી-શફલ કરવામાં આવ્યું છે. આથી આગામી સમયમાં વિકાસકાર્યો અને નીતિ અમલીકરણમાં વધુ સ્પષ્ટતા અને જવાબદારી નક્કી થવાની શક્યતા છે.

સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગમાં થયેલી બદલી ખાસ ચર્ચામાં રહી છે. આ વિભાગ છેલ્લા ઘણા સમયથી આંતરિક વિવાદો અને વહીવટી અસંતોષને લઈને ચર્ચામાં હતો. વિભાગના મેનેજિંગ ડિરેક્ટર અરવિંદ વિજયનની બદલી કરીને બોટાદના કલેક્ટર તરીકે ફરજ બજાવતા જિન્સી રોયને નવી જવાબદારી સોંપવામાં આવી છે. તાજેતરમાં આ વિભાગમાં આંતરિક સ્તરે પણ અનેક ફેરફારો થયા હતા, જેના કારણે સરકાર હવે નવા નેતૃત્વ દ્વારા વિભાગમાં સ્થિરતા લાવવા અને પ્રોજેક્ટ અમલીકરણને ગતિ આપવા માંગે છે તેવો સંદેશો મળી રહ્યો છે. ટેક્નોલોજી અને ઈનોવેશન આધારિત યોજનાઓને લઈને આ વિભાગ આગામી સમયમાં વધુ સક્રિય બને તેવી અપેક્ષા છે.

તાજેતરમાં દેશભરના યુદ્ધ જેવા તણાવપૂર્ણ માહોલ વચ્ચે અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ પણ ખાસ ચર્ચામાં રહ્યો હતો. રાજ્યમાં જથ્થાબંધ અનાજ સંગ્રહ, પુરવઠા વ્યવસ્થા અને ઈમરજન્સી સ્ટોક મેનેજમેન્ટ જેવા મુદ્દાઓને કારણે આ વિભાગનું મહત્વ વધ્યું હતું. ત્યારે વિભાગના ડાયરેક્ટર મયુર મહેતાની બદલી કરીને તેમને વાવ-થરાદના કલેક્ટર તરીકે મુકવામાં આવ્યા છે. બીજી તરફ રાજ્ય ચૂંટણી આયોગમાં સંયુક્ત ચૂંટણી કમિશનર તરીકે ફરજ બજાવતા એન.ડી. પરમારને ચૂંટણી પૂર્ણ થયા બાદ ડાંગ-આહવાના કલેક્ટર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. આથી સ્પષ્ટ થાય છે કે ચૂંટણી અને સંવેદનશીલ વહીવટી જવાબદારીઓ સંભાળનારા અધિકારીઓને હવે મેદાની વહીવટમાં ફરી મોકલવાની સરકારની રણનીતિ છે.

નવી મહાનગરપાલિકાઓમાં ચૂંટણી યોજાયા બાદ નવા મ્યુનિસિપલ કમિશનર અને નવી ચૂંટાયેલી પાંખ હશે. દોઢ વર્ષ પહેલા નવી બનાવવામાં આવેલી મહાનગરપાલિકા એવી મોરબી, નવસારી, મહેસાણા, વાપી સહિતના મ્યુનિસિપલ કમિશનરોની બદલી કરવામાં આવી છે. નવા મ્યુનિસિપલ કમિશનર આવ્યા બાદ સૌપ્રથમ વખત મેયર સહિતના પદાધિકારીઓની નિમણૂક કરવામાં આવશે. આજે બદલીઓ થયા બાદ બે દિવસમાં નવા મ્યુનિસિપલ કમિશનરો ચાર્જ લીધા બાદ જ હવે નવી ચૂંટાયેલી પાંખ જાહેર થશે.

અમદાવાદ કલેકટર સુજીત કુમારની જગ્યાએ નવા કલેક્ટર તરીકે ભવ્ય વર્માને મૂકવામાં આવ્યા છે. જ્યારે મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ફરજ બજાવનારા ત્રણ ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરોની બદલીઓ કરવામાં આવી છે. ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર તરીકે ફરજ બજાવતા મીરાંત પરીખને અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળ (AUDA) ના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર (CEO) તરીકે મૂકવામાં આવ્યા છે જ્યારે ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર જયેશ ઉપાધ્યાયને નવસારીના મ્યુનિસિપલ કમિશનર બનાવવામાં આવ્યા છે. ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર ભરત પરમારને બોટાદના ડીડીઓ તરીકે મૂકવામાં આવ્યા છે.

## તંત્રી લેખ

# એક તરફ આકરી ગરમીનો પ્રકોપ, તો બીજી તરફ ભારે વરસાદની ચેતવણી

ભારત હાલમાં હવામાનનાં બે વિરોધાભાસી અને અસામાન્ય ચરણોમાંથી પસાર થઈ રહ્યું છે. દેશના એક હિસ્સામાં અતિ ભારે વરસાદ તબાહી મચાવી રહ્યો છે, તો બીજી તરફ, અન્ય ભાગોમાં સખત હીટ વેવના કારણે જનજીવન અસ્તવ્યસ્ત બન્યું છે. હવામાનશાસ્ત્રીઓના મતે આ કોઈ છૂટીછવાઈ ઘટના નથી, પરંતુ દેશવ્યાપી વાતાવરણીય અસ્થિરતાનો ભાગ છે, જે આગામી અઠવાડિયા સુધી ચાલુ રહેવાની શક્યતા છે. ગુજરાતમાં ખાસ કરીને અમદાવાદ અને બનાસકાંઠાના વિસ્તારોમાં અગનગોળા વરસી રહ્યા છે, જેના પગલે 'યલો એલર્ટ' જાહેર કરાયું છે.

ઉત્તર અને પૂર્વોત્તર ભારત વચ્ચે મોટો તફાવત જોવા મળી રહ્યો છે. હવામાનનો સૌથી મોટો તફાવત ઉત્તરના મેદાની વિસ્તારો અને પૂર્વોત્તર રાજ્યો વચ્ચે છે. અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય અને ત્રિપુરા જેવાં રાજ્યોમાં આગામી ૧૦થી ૧૪ દિવસ સુધી સતત ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે, જેનાથી પૂર અને ભૂસ્ખલનનો ખતરો વધી ગયો છે.

દક્ષિણ એશિયામાં જીવલેણ હીટ વેવ જોવા મળી રહ્યો છે. ભારત, પાકિસ્તાન અને બાંગ્લાદેશમાં તાપમાનનો પારો સામાન્ય કરતાં ઘણો ઉપર પહોંચી ગયો છે. અનેક વિસ્તારોમાં તાપમાન ૪૫થી ૫૦ ડિગ્રી સેલ્સિયસ વચ્ચે નોંધાયું છે. પાકિસ્તાનમાં ગરમીના કારણે અત્યાર સુધીમાં ૧૦ માણસોનાં મોત થયા છે, જ્યારે ભારતમાં પણ જાનહાનિના ઘણા અહેવાલો છે.

માનવજીવન ઉત્તરોત્તર ત્રસ્ત બની રહ્યું છે. નિષ્ણાતો આ આત્યંતિક હવામાન માટે માનવસર્જિત જળવાયુ પરિવર્તન એટલે કે ગ્લોબલ વોર્મિંગને જવાબદાર માની રહ્યા છે.

અમદાવાદ અને બનાસકાંઠાના વિસ્તારોમાં બપોરે ૧૨ વાગ્યાથી વરસતા અગનગોળાનો મારો સાંજે પાંચ વાગ્યા સુધી ચાલતો રહે છે. બનાસકાંઠાના ગરમ વિસ્તારોમાં વાતાવરણ ભઠ્ઠી સમાન બની જાય છે. આકાશ અને પૃથ્વી વચ્ચે રહેતા માનવ સહિતના તમામ જીવો ગરમીથી ત્રાહિમામ્ પોકારી ગયા છે. વરસાદ કે ઠંડી હવા ૧૬ જૂન પછી શરૂ થવાની સંભાવના છે, જેને હજુ એક મહિનાની વાર છે. તે દરમિયાન બે-ત્રણ કમોસમી માવઠાં પડવાની શક્યતા છે. હવામાન ખાતાની આગાહી કરતા પ્રાઈવેટ ખગોળશાસ્ત્રીઓ હવામાન બાબતે વધુ સચોટ પુરવાર થઈ રહ્યા છે.

કૃષિ ઉત્પાદનો માટે કેટલીક વાર ગરમીની જરૂર પડે છે, પરંતુ કાળઝાળ ગરમીમાં કેટલાક પાક ઊભા બળી જાય છે અને શાકભાજીના વેલાઓ પણ નાશ પામે છે. પરિણામે પગલે ભાવમાં વધારો થાય છે. ગરમીના પ્રકોપ વચ્ચે રાહતના સમાચાર એ છે કે ભારતીય હવામાન વિભાગ અનુસાર, ઉત્તર ભારતના કેટલાક ભાગોમાં મંગળવારથી ગાજવીજ સાથે વરસાદ પડવાની શક્યતા છે, જે લોકોને ગરમીથી થોડી રાહત અપાવશે. પંજાબ, હરિયાણા અને હિમાચલમાં ૧૨ મેથી વરસાદની શક્યતા છે. દિલ્હી-એનસીઆરમાં ૩૦-૫૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાવા સાથે હળવા વરસાદની આગાહી છે. દક્ષિણ ભારતના કેરળ અને તમિલનાડુમાં પણ આગામી સપ્તાહમાં ભારે વરસાદ પડી શકે છે. જોકે, પશ્ચિમ રાજસ્થાન અને ગુજરાતમાં ૧૫ મે સુધી હીટવેવ યથાવત રહેશે.

માનવજીવનને સંકોચી નાખતા હીટ વેવ પાછળનાં કારણોની ચર્ચા કરતા નિષ્ણાતો કહે છે કે, આ વખતની ગરમી પાછળ મુખ્ય ત્રણ પરિબળો છે: હાઈ-પ્રેશર સિસ્ટમ, અલ નીનો ઈફેક્ટ અને હિમાલયમાં બરફનું પીગળવું. વાતાવરણમાં સર્જાયેલી હાઈ-પ્રેશર સિસ્ટમ ગરમ હવાને જમીન પાસે જકડી રાખે છે, જેનાથી હવા ઠંડી થઈ શકતી નથી. અલ નીનો ઈફેક્ટ એટલે પેસિફિક મહાસાગરમાં વધતું તાપમાન, જે વૈશ્વિક ગરમીમાં વધારો કરે છે. એવી જ રીતે હિમાલયમાં બરફનો ઘટાડો પણ એક મોટું કારણ છે. એક અહેવાલ અનુસાર, હિમાલયમાં બરફના આવરણમાં ૧૮%નો ઘટાડો નોંધાયો છે. બરફ ઓછો થઈ જવાને કારણે સૂર્યપ્રકાશ પરાવતત થવાને બદલે જમીન દ્વારા શોષાય છે, જે ગરમી વધારે છે.

**ભારતમાં વિદેશ યાત્રાનો ક્રેઝ છેલ્લાં ત્રણ દાયકામાં સખત વધ્યો છે. ૧૯૯૧ની વાત કરીએ તો તે સમયે માત્ર ૧૯ લાખ લોકો વિદેશ પ્રવાસ કરતા હતા. ૨૦૨૪માં આ આંકડો 3 કરોડ અને ૨૦૨૫માં ૩.૧૭ કરોડ પહોંચી ગયો છે. તેનો અર્થ એ થયો કે, છેલ્લાં ત્રણ દાયકામાં સરેરાશ ૮.૭ ટકાના દરે લોકોના વિદેશ પ્રવાસમાં વધારો થયો છે : મોટા શહેરોની સાથે સાથે નાના શહેરોમાંથી પણ વિદેશ જનારા લોકોની સંખ્યામાં વધારો થયો છે. એક અહેવાલ જણાવે છે કે, હાલમાં વિદેશ જનારા લોકોમાંથી ૨૫ ટકા લોકો ટીયર-૨ શહેરોમાંથી આવે છે. બીજી તરફ ૬૭ ટકા લોકો ટીયર-૩ શહેરોમાંથી આવે છે**

# ભારતીયો વિદેશ પ્રવાસમાં 32 અબજ, સોનામાં 65 અબજ ડોલર ખર્ચે છે

## ગત વર્ષે ભારતીયો દ્વારા અંદાજે 3.17 કરોડ વિદેશ યાત્રા કરવામાં આવી અને અંદાજે 800થી 900 ટન સોનું ખરીદવામાં આવ્યું

મોટાભાગે ૨૫થી ૩૪ વર્ષની વચ્ચેના યુવાનો સૌથી વધારે વિદેશ જઈ રહ્યા છે. કુલ પ્રવાસીઓમાં તેમની ભાગીદારી અંદાજે ૨૮ ટકા જેટલી છે. બીજી તરફ ૩૫થી ૪૪ વર્ષ સુધીના લોકોની ભાગીદારી ૨૪.૫ ટકા જેટલી છે : ભારતમાં સોનાનું ખનન સાવ ઓછું થાય છે. ભારત પોતાનું ૪૦ ટકા સોનું સ્વિટ્ઝર્લેન્ડથી આયાત કરે છે. ત્યારબાદ ૧૬ ટકા યુએઈ, ૧૦ ટકા સાઉથ આફ્રિકા, ૮ ટકા પેરુ અને બાકીનું ૨૬ ટકા હોંગકોંગ અને અન્ય દેશો પાસેથી આયાત કરે છે. તેના કારણે અબજો ડોલરનું વિદેશી હુંડિયાણ દેશની બહાર જતું રહે છ

ભારતીયોના આગામી સમયમાં કરકસર કરીને જીવવાના અને ખાસ કરીને વિદેશ પ્રવાસ ઘટાડવા અથવા બંધ કરવા તથા સોનું નહીં ખરીદવાની સલાહ આપવામાં આવી હતી. કરૂણતા એ છે કે, સરકારી કાફલા અને કામગીરીઓ પાછળ કરોડોનું અવિચારી આંધણ કરતી સરકાર પ્રજાને પેટે પાટા બંધાવાનું કહે છે. બીજી તરફ વાસ્તવિકતા એવી પણ છે કે, ભારતીયો વિદેશ પ્રવાસ અને સોનું ખરીદવામાં અધધ ખર્ચો કરતા હોય છે. અહેવાલો જણાવે છે કે, ભારતીયો વિદેશ પ્રવાસ અને સોનું ખરીદવામાં જેટલી રકમ ખર્ચે છે તેટલામાં તો નાના આફ્રિકી દેશોની આખા વર્ષની જીડીપી સચવાઈ જાય છે. ઉલ્લેખનીય છે કે, ભારતીયોમાં સોનું ખરીદવાનું વળગણ અથવા તો એમ કહીએ કે આદત સદીઓથી પણ ધીમે ધીમે વિદેશ પ્રવાસનું આકર્ષણ વધતું જાય છે. તેમાંય સોશિયલ મીડિયાના કારણે લોકોમાં, ખાસ કરીને યુવાનોમાં વિદેશ જવાનું આકર્ષણ અતિશય વધી ગયું છે. અહેવાલો જણાવે છે કે, ૨૦૨૫માં ભારતીય નાગરીકો દ્વારા અંદાજે ૩.૧૭ કરોડ વિદેશ યાત્રાઓ કરવામાં આવી હતી. તે તેની આગળના વર્ષ કરતા અંદાજે ૨૫ ટકા વધારે હતી. મહત્ત્વનું એ છે કે, આ વિદેશ યાત્રીની સીધી અસર દેશના અર્થતંત્ર ઉપર પણ પડતી જ હોય છે. તેમાંય જ્યારે ડોલરની સામે રૂપિયો સતત નબળો થઈ રહ્યો છે ત્યારે મોટી સંખ્યામાં વિદેશી હુંડિયામણ બહાર જવું તે ભારતને દબાણમાં લાવી રહ્યું છે. હાલમાં જે વૈશ્વિક સ્થિતિ છે તેમાં ભારતના રૂપિયાને વધારે ગાબડું પડયું છે અને તેથી જ કદાચ સરકાર હવે નાગરીકોને સમજાવવા મથી રહી છે.

ઉલ્લેખનીય છે કે, જો ભારતીયોના વિદેશ પ્રવાસ ઉપર નજર કરીએ તો તેમણે ગત વર્ષે ૩.૧૭ કરોડ વિદેશ પ્રવાસ કર્યા હતા. આ વિદેશ પ્રવાસ પાછળ તેમણે અંદાજે ૩૨ અબજ ડોલર એટલે કે સરેરાશ ૩ લાખ કરોડ રૂપિયા જેટલો ખર્ચ કર્યો હતો. જાણકારો માને છે કે, ભારતીયો દ્વારા ગત વર્ષે જેટલો વિદેશ પ્રવાસ પાછળ ખર્ચ કરવામાં આવ્યો તે કોઈ નાનકડી આફ્રિકી દેશની જીડીપી જેટલો થાય છે. ભારતમાં વિદેશ યાત્રાનો ક્રેઝ છેલ્લાં ત્રણ દાયકામાં સખત વધ્યો છે. ૧૯૯૧ની વાત કરીએ તો તે સમયે માત્ર ૧૯ લાખ લોકો વિદેશ પ્રવાસ કરતા હતા. ૨૦૨૪માં આ આંકડો ૩ કરોડ અને ૨૦૨૫માં ૩.૧૭ કરોડ પહોંચી ગયો છે. તેનો અર્થ એ થયો કે, છેલ્લાં ત્રણ દાયકામાં સરેરાશ ૮.૭ ટકાના દરે લોકોના વિદેશ પ્રવાસમાં વધારો થયો છે.

ભારતીયોના વિદેશ પ્રવાસ ઉપર કોરોના દરમિયાન બ્રેક લાગી હતી. ૧૯૯૧થી વિદેશ પ્રવાસમાં સતત વધારો થયો હતો પણ ૨૦૨૦નું વર્ષ એવું હતું જેમાં કોરોના મહામારીના પગલે વિદેશયાત્રાઓ શક્ય બનતી નહોતી. તેના કારણે તેમાં ૭૩ ટકાનો ઘટાડો નોંધાયો હતો. આશ્ચર્યની વાત એ છે કે, મહામારીની અસર માત્ર ૨૦૨૦ અને ૨૦૨૧માં જ જોવા મળી હતી. ૨૦૨૨માં તો લોકોએ અધધ વિદેશ યાત્રા કરી હતી.



૨૦૨૨માં ભારતીયોની વિદેશયાત્રામાં ૧૫૨ ટકાનો તોતિંગ ઉછાળો આવ્યો હતો. ૨૦૨૩માં ભારતીયોએ ૨.૭૮ કરોડ વિદેશ પ્રવાસ કર્યા હતા. ત્યારબાદ તેમાં સતત વધારો જ થઈ રહ્યો છે. ૨૦૨૨ પછી ભારતીયોના વિદેશ પ્રવાસમાં સતત મોટો ઉછાળો જોવા મળી રહ્યો છે.

ખાસ વાત એવી છે કે, ભારતીયો જે વિદેશ પ્રવાસ કરે છે તો તેઓ એલઆરએસ સ્કીમ હેઠળ મોટી સંખ્યામાં વિદેશી ભંડોળ ખાલી કરે છે. તો અંદાજે ૨.૫ લાખ ડોલર એટલે કે ૨ કરોડ રૂપિયા વિદેશ મોકલી શકે છે. આ સ્કીમ હેઠળ કોઈપણ ભારતીય વિદેશ ફરવા, રોકાણ કરવા, ગિફ્ટ આપવા કે પછી સારવાર કરાવવા પાછળ કરી શકે છે. તેના માટે કોઈ સરકારી મંજૂરી લેવી પડતી નથી. મહત્ત્વનું એ છે કે, શરૂઆતમાં એલઆરએસ સ્કીમ હેઠળ જે રકમ વિદેશ જતી હતી તેમાં વિદેશ પ્રવાસનું યોગદાન માત્ર ૧.૫ ટકા હતું. ૨૦૧૨-૧૩ દરમિયાન તે માત્ર દોઢથી બે ટકા હતું. ત્યારબાદ તેમાં એકાએક ઉછાળો આવવા લાગ્યો. ૨૦૧૮-૧૯માં આ આંકડો સીધો જ ૩૫ ટકા પહોંચી ગયો. ત્યારબાદ ૨૦૨૪-૨૫માં એલઆરએસ હેઠળ વિદેશ જતી રકમનો આંકડો ૫૪ ટકા પહોંચી ગયો છે. તેના કારણે ભારતનું વિદેશી હુંડિયામણ મોટી પ્રમાણમાં બહાર જઈ રહ્યું છે.

જાણકારો માને છે કે, ભારતમાં વિદેશ પ્રવાસનું બજાર ધીમે ધીમે ખૂબ જ મોટું થઈ રહ્યું છે. આ બજાર આગામી છ-સાત વર્ષમાં અંદાજે ૫૬ અબજ ડોલર સુધી પહોંચી જાય તેમ લાગી રહ્યું છે. તેનો અર્થ એ થયો કે, ભારતીયો વિદેશ પ્રવાસ પાછળ અંદાજે ૫ લાખ કરોડ રૂપિયા ખર્ચ કરી શકે છે. તેમાં સરેરાશ ૧૧ ટકાના દરે વધારો થઈ રહ્યો હોય તેમ લાગી રહ્યું છે. મહત્ત્વની વાત એ છે કે, આગામી વર્ષોમાં થનારી વિદેશ યાત્રાઓમાં પહેલી વખત વિદેશ પ્રવાસે જનારા લોકોની સંખ્યા વધારે હશે. બીજી તરફ એવું દેખાઈ રહ્યું છે કે, મોટા શહેરોની સાથે સાથે નાના શહેરોમાંથી પણ વિદેશ જનારા લોકોની સંખ્યામાં વધારો થયો છે. એક અહેવાલ જણાવે છે કે, હાલમાં વિદેશ જનારા લોકોમાંથી ૨૫ ટકા લોકો ટીયર-૨ શહેરોમાંથી આવે છે. બીજી તરફ ૬૭ ટકા લોકો ટીયર-૩ શહેરોમાંથી આવે છે. નાના શહેરોના લોકોની વિદેશ જવાની ફ્રિક્વન્સી વધી હોવાથી ઘણા દેશો દ્વારા ભારતના નાના શહેરો સાથે સીધી જ કનેક્ટિંગ ફ્લાઈટ આપવાની શરૂ કરી દેવાઈ છે.

ભારતના વિદેશ પ્રવાસીઓની વાત કરીએ તો મોટાભાગે ૨૫થી ૩૪ વર્ષની વચ્ચેના યુવાનો સૌથી વધારે વિદેશ જઈ રહ્યા છે. કુલ પ્રવાસીઓમાં તેમની ભાગીદારી અંદાજે ૨૮ ટકા જેટલી છે. બીજી તરફ ૩૫થી ૪૪ વર્ષ સુધીના લોકોની ભાગીદારી ૨૪.૫ ટકા જેટલી છે. જો જાતીગત રીતે જોઈએ તો વિદેશ જનારા પુરુષોની સંખ્યા ૬૫.૮ ટકા જેટલી જ્યારે મહિલાઓની સંખ્યા ૩૪.૧ ટકા જેટલી થાય છે. અહેવાલો જણાવે છે કે, ૪૨ ટકા ભારતીયો વેકેશન માણવા માટે વિદેશ જાય છે. બીજી તરફ ૩૪.૬ ટકા લોકો પોતાના પરિવારજનોને કે મિત્રોને મળવા માટે અને ૧૫ ટકા લોકો બિઝનેસ માટે વિદેશ જતા હોય છે. બાકીના લોકો અભ્યાસ, શિક્ષણ, ધર્મસ્થાનોની મુલાકાત અને અન્ય કારણે જતા હોય છે. એક સમય હતો જ્યારે લોકો અમેરિકા, સાઉદી, થાઈલેન્ડ જતા હતા. ત્યારબાદ તેમાં સિંગાપુર, યુકે, કતાર, દુબઈ, કેનેડા, કુવૈત અને ઓમાન જેવા દેશોનો ઉમેરો થયો હતો. તાજેતરમાં વિયેતનામ, બાલી, કમ્બોડિયા, ફિલિપાઈન્સ અને યૂરોપના બજેટ ફ્રેન્ડલી દેશો ઉપર પસંદગી ઉતારવામાં આવે છે. એક અહેવાલ જણાવે છે કે, ગત વર્ષે ભારતીયોએ વિદેશ પ્રવાસ પાછળ ૨.૫૦ લાખ કરોડ રૂપિયા ખર્ચ કર્યા. તેની સામે વિદેશીઓ ભારત આવ્યા તેનાથી ૨.૩૦ લાખ કરોડ રૂપિયાની આવક થઈ. આમ જોઈએ તો ભારતનું બાકીનું વિદેશી હુંડિયામણ દેશની બહાર જ જતું રહ્યું છે. જાણકારો માને છે કે, ભારતીયો જો વિદેશમાં જ જવાના બદલે ભારતમાં ફરવાને પ્રાધાન્ય આપે તો અહીંયા ટુરિઝમ બિઝનેસ વધુ વિકસી અને વિસ્તરી શકે છે. ભારતીયો જો ભારતમાં જ પ્રવાસ કરે તો અહીંયા અર્થતંત્ર મજબૂત થશે.

ભારતીય પર્યટન ઉદ્યોગ દ્વારા જીડીપીમાં હાલમાં ૨૦ લાખ કરોડનું યોગદાન આપવામાં આવે છે. તેનાથી ૪.૩ કરોડ લોકોને રોજગાર મળે છે. જો ભારતીયો વિદેશના બદલે ડોમેસ્ટિક પ્રવાસ વધારે તો ૨૦૩૪ સુધીમાં ૬.૫ કરોડ લોકોને રોજગાર મળી શકે તેમ છે. બીજી તરફ કરોડો રૂપિયા ભારતીય અર્થતંત્રમાં જ ઠલવાશે.

ભારતીયોના સોના પ્રત્યેના પ્રેમની વાત કરીએ તો તેમાં પણ વ્યાપક રોકાણ અને ખર્ચ થાય છે. ભારતમાં લગ્નો, તહેવાર, ખુશીનો પ્રસંગો હોય ત્યારે સોનું ખરીદવામાં આવે છે. ભારતમાં મોટાભાગના સોનાની આયાત થાય છે તેથી અર્થવ્યવસ્થા ઉપર તેનું દબાણ વધારે આવે છે.

નબળા રૂપિયાના કારણે દર વર્ષે ભારતીય વિદેશી મુદ્રાભંડાર ઉપર તેનું દબાણ વધતું જાય છે. ભારતમાં દર વર્ષે અંદાજે ૮૦૦થી ૯૦૦ ટન સોનાની ખરીદી થાય છે. તેની સામે અહીંયા સોનાનું ખનન સાવ ઓછું થાય છે. ભારત પોતાનું ૪૦ ટકા સોનું સ્વિટ્ઝર્લેન્ડથી આયાત કરે છે. ત્યારબાદ ૧૬ ટકા યુએઈ, ૧૦ ટકા સાઉથ આફ્રિકા, ૮ ટકા પેરુ અને બાકીનું ૨૬ ટકા હોંગકોંગ અને અન્ય દેશો પાસેથી આયાત કરે છે.

ભારતમાં રોજિંદા ધોરણે અંદાજે ૨૫૦૦ કરોડ રૂપિયાના સોનાનું ખરીદ-વેચાણ થાય છે. વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલના એક અહેવાલ પ્રમાણે ૨૦૨૪માં ભારતમાં ૭૨૪ ટન સોનું આવ્યું હતું. તેમાંથી ૫૬૩ ટન જ્વેલરી તરીકે વેચાયું જ્યારે બાકીનું સોનાના બિસ્કિટ અને સિક્કા સ્વરૂપે વેચાયું. જાણકારોના મતે ભારતમાં સરેરાશ ૧ કરોડ જેટલા લગ્નો દર વર્ષે થાય છે. તેમાં લગ્નોના ખર્ચના અંદાજે ૩૦ ટકા ખર્ચ સોના પાછળ કરવામાં આવે છે. તે ઉપરાંત રોકાણ અને દિવાળી જેવા તહેવારમાં સોનું ખરીદવું શુભ મનાય છે તેથી તેની માગ સતત વધારે જ હોય છે.

ભારતે ગત વર્ષે અંદાજે ૭૦ અબજ ડોલરના સોનાની આયાત કરી હતી. તેની પહેલાના વર્ષે ૫૩.૫ અબજ ડોલરનું સોનું મગાવ્યું હતું. જાણકારોના મતે જો ભારતીયો સોના અને વિદેશ પ્રવાસ પાછળ ખર્ચો કરવાનંમ ઘટાડો તો અંદાજે એકાદ વર્ષમાં ભારતના ૮૦થી ૯૦ અબજ ડોલર વિદેશ હુંડિયામણના બચી જાય તેમ છે.

# એશિયામાં અલ્પવર્ષા-યુગની શરૂઆત થઈ છે



આ વરસે ઓછા વરસાદની આગાહી છે. દુનિયાના તમામ વિકસિત દેશો પાસે સમૃદ્ધ હવામાન વિભાગ હોય છે. જે રીતે સંરક્ષણ મંત્રાલય અને નાણાં મંત્રાલયને વિશેષ મહત્ત્વ આપવામાં આવે છે એટલું જ મહત્ત્વ વિકસિત દેશોમાં હવામાનખાતાને આપવામાં આવે છે. એનો સૌથી મોટો ફાયદો એ છે કે બુદ્ધિમાન લોકોનો એક વિરાટ કાફલો સતત દેશની ઋતુઓ, જળવાયુ પરિવર્તન અને આવનારા હવામાન પર વિચારણા કરે છે. સંશોધકોની એક મોટી ટીમ એમાં પ્રવૃત્ત હોય છે. કેલિફોર્નિયામાં જે એક ઓબઝરવેટરી છે એનું કામ તો સતત વાદળોનું નિરીક્ષણ કરવાનું છે. વર્ષોથી સંશોધનો કરતા હોવાને કારણે કુદરતના કેટલાક રહસ્યો વૈજ્ઞાનિકોના હાથમાં આવી જાય છે અને એ પ્રમાણે તેઓ પોતાના દેશના વાતાવરણને અમુક અંશે જાતે નેવિગેટ કરી શકે છે. આ વાતની ભારત અને ભારત જેવી અન્ય સરકારોને ન તો ખબર છે કે ન તો એમને કોઈ એની તમા છે.

આપણા દેશમાં તમામ પ્રધાનો દાયકાઓથી એક જ ઢોલ વગાડે છે કે વધુ વૃક્ષ વાવો એટલે વધુ વરસાદ આવશે. ખરેખર એવું નથી. વૃક્ષો એક આધાર છે, પરંતુ એ સિવાય વરસાદને પૂરતી માત્રામાં અને નિયત સમયે લાવવા માટેના અનેક ઉપાયો છે, જે હવે વિકસિત દેશો જાણે છે. આપણે અનેક પ્રકારના બાહ્ય વિકાસના વાઘા પહેરવામાં અને વાજા વગાડવામાંથી ઊંચા આવતા નથી. એની સામે વિકસિત દેશો કુદરત સાથે કામ પાડવામાં એક્કા બની ગયા છે. ભારત જેવા વિકાસશીલ દેશો માટે હવામાન ખાતું માત્ર માહિતી ખાતાનું કામ કરે છે. હકીકતમાં વરસાદ ક્યારે આવશે અને કેટલો આવશે એ તો પાકિસ્તાન અને ઈથિયોપિયા જેવા સાવ ગરીબ દેશના હવામાન ખાતાનું કામ છે. હવામાન ખાતાની જવાબદારી દેશના અનેક પ્રકારના કૃષિ પાકને માર્ગદર્શન આપવાની છે. ઉપરાંત ખેડૂતોને હવામાન પ્રમાણે એડવાન્સમાં પાકની પસંદગીના નિર્ણયમાં મદદ કરવાની છે. સામાન્ય પ્રજા એવું માને છે કે વરસાદ આવે અથવા તો સિંચાઈથી પાણી મળે એટલે ખેતીવાડી સારી થાય. એ માન્યતા ભ્રામક છે. જે લોકો ખેતી કરે છે એને ખબર છે કે પાકનો ઘણો મોટો આધાર માત્ર પાણી ઉપર નહીં, પરંતુ પાણી પછીના હવામાન પર નિર્ભર છે. વિકસિત દેશોમાં યુનિવર્સિટીઓ કમ સે કમ તેના વિસ્તારના કિસાનોને વરસમાં ચારથી પાંચ વાર બોલાવે છે અને એમને એમની ભાષામાં સાદગીપૂર્વક આધુનિક કૃષિ ટેકનોલોજી અને હવામાન પરિવર્તનનું જ્ઞાન આપે છે. બદલાયેલા ઉષ્ણતામાનમાં અગાઉ લેતા હતા એ જ પાક, એટલી જ નીપજ સાથે કઈ રીતે લેવા એનો પૂરતું માર્ગદર્શન આપે છે. યુનિવર્સિટીના પ્રોફેસરો વળી વરસ દરમિયાન તેમણે ભણાવેલા એ કિસાનોના ખેતરો પર અવારનવાર મુલાકાત લે છે. આમ થવાનું કારણ એ છે કે એ દેશના હવામાનખાતાની પોલિસી એટલી સુગ્રથિત છે કે એની સાથે દેશના અનેક ક્ષેત્રો જોડાયેલા છે. એવું ઈન્ટરલિંકિંગ આપણે ત્યાં થતા હજુ થોડાં વરસો લાગશે.

આપણા રાજ્યમાં અને દેશમાં જે કૃષિ યુનિવર્સિટીઓ છે એના અધ્યાપકોને પોતાના વિસ્તારના ખેડૂતોના ખેતરે જઈ એમની સાથે વાતો કરવામાં રસ નથી. આપણી આજની ખેતીની મૂળ પ્રણાલિકા એક રીતે તો હજાર વરસ પહેલાંની જ છે. અને જેઓ આકાશી ખેતી કરે છે ને એકલા મેઘરાજા પર જ નિર્ભર રહે છે એ તો પાંચ હજાર વરસ જૂની પદ્ધતિ છે. પહેલી નજરે સહુને એમ લાગે છે કે આ ખેડૂતો દુનિયાના પેટના ખાડા પૂરે છે પણ એના ખિસ્સાનો ખાડો કેમ પૂરાતો નથી ? સામાન્ય નાગરિકો બધી વાતો ઓટલે બેઠાની અદામાં કરતા હોય છે, પ્રશ્નમાં ઊંડા ઉતરતા નથી. એને કારણે ક્યારેક કિસાનોને સમજવામાં સમાજ થાપ ખાઈ જાય છે. કિસાનોને પણ પોતાનું સ્વાભિમાન અને સ્વનિર્ભરતા વ્હાલા છે. પરંતુ એ દિવસ તો આવતો જ નથી કે ખેડૂતે સરકાર સામે જોવું ન પડે. દુ:ખદ વાત તો એ છે કે રાજ્યો અને કેન્દ્ર સરકાર પાસે પૂરતો ડેટા પણ અપડેટ હોતો નથી. આજ સુધી તો હોતા હૈ ચલતા હૈ એમ કામ ચાલ્યું પણ હવે ચાલે એમ નથી. કારણ કે જળવાયુ સંકટની શરૂઆત હવે નવા નવા વળાંકે પહોંચવા લાગી છે. છેલ્લા ત્રણ જ વરસમાં એવો કોઈ દેશ બાકી રહ્યો નથી જ્યાં કુદરતી કોપ ન ઉતર્યો હોય. કુદરતી હોનારતો, ઝંઝાવાત, પ્રલય જે ક્વચિત જ બનતી ઘટનાઓ સામાન્ય થઈ ગઈ છે. આપણે ત્યાં પૂર્વોત્તર ભારતમાં બ્રહ્મપુત્રા નદી કાયમ ચોમાસામાં એના બેય કાંઠે તારાજી ફેલાવે છે. લોકમાતા એકાએક મહા વિનાશિની બની જાય છે. સંખ્યાબંધ નાગરિકો તણાઈ જાય છે અને કરોડો રૂપિયાનું જાનમાલને નુકસાન થાય છે. બ્રહ્મપુત્રામાં જે ઉછળતા ઘોડાપુર આવે છે એ પૂનમની રાતે કિનારે પછડાતા મહાસાગરની તાકાત ધરાવતા હોય છે. આજે પણ એ નિરંકુશ વહી રહ્યા છે. આ બ્રહ્મપુત્રા નદી પર કામ કરનારા એટલે કે સંશોધન કરનારા વૈજ્ઞાનિકોનો આપણા દેશમાં દુષ્કાળ છે. આ એટલી સમર્થ નદી છે કે અરધા ભારતને પોષણ આપી શકે છે. એની સરેરાશ ઊંડાઈ આઠસો ફૂટ છે અને ક્યાંક તો એ હજારેક ફૂટનું ઊંડાણ ધરાવે છે. તિબેટ, ભારત અને બાંગ્લાદેશમાંથી એ વહે છે. ગંગાની મૂળ નદી પદ્મા સાથે ભળીને એ બંગાળના અખાતમાં સમાઈ જાય છે. આપણી ભૌગોલિક રચના પણ એવી છે કે સરકાર ધારે તો છેક કન્યાકુમારી સુધી બ્રહ્મપુત્રાની અમૃતધારા પહોંચાડી શકે. પરંતુ એ કલ્પનાનો જ વિષય છે. કારણ કે નિર્ણાયક રાજનેતાઓ પ્રજામાંથી જ આવે છે, તેઓ સામાન્ય નાગરિક જ છે કોઈ અવતારી દેવ કે દેવી તો નથી. અને પ્રજા તરીકે જુઓ તો આપણામાં નદીની સંભાળ લેવાના કોઈ સંસ્કાર નથી. ગુજરાતમાં મોટાભાગની નદીઓમાં હવે ઊંડાણ જ નથી. રસ્તાને અને આસપાસના ખેતરોને સમાંતર સપાટીએ એ વહે છે.

એને કારણે ભારેથી અતિભારે વરસાદમાં વારાફરતે સૌરાષ્ટ્ર, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતની લાખો હેક્ટર જમીનો ધોવાતી રહે છે. કારણ કે જળને ધારણ કરવાની નદીની ક્ષમતા જ નહિવત્ થઈ ગઈ છે. હવેનાં વરસો આંતરરાષ્ટ્રીય સંસ્થાઓએ ઉચ્ચારેલી ચેતવણી પ્રમાણે આકરા છે. વર્લ્ડવોચ સંસ્થાએ એના નવા અહેવાલમાં કહ્યું છે કે સમગ્ર એશિયાનું હવામાન ધરમૂળથી બદલાઈ ગયું છે. એશિયા હવે લાંબા ગાળા માટે અલ્પ અને અનિયત વરસાદનો પ્રદેશ બની જવાની ભીતિ છે. એશિયામાં અલ્પવર્ષાનો યુગ શરૂ થઈ ગયો છે. પરંતુ આ પ્રારંભિક વરસો છે એટલે જો સમગ્ર એશિયા જાગૃત રહીને જળવાયુ પરિવર્તનને સમજે અને એની નકારાત્મક અસરથી બચવાના વૈજ્ઞાનિક તથા કુદરતી ઉપાયો અજમાવે તો પરિસ્થિતિ સુધરી શકે એમ છે.

# જીવન માત્ર ત્રણ પાનાનું છે, પ્રથમ અને છેલ્લું ભગવાનએ લખેલું છે,આપણે ખાલી વચ્ચેનું ભરવાનું છે,પ્રેમ, વિશ્વાસ અને હાસ્યથી



**વિશેષ**

યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

માણસનો સૌથી મોટો ભ્રમ એ છે કે સુખ,શાંતિ અને સફળતા ક્યાંક બહાર છે. કોઈની પાસે વધુ ખેતર છે, કોઈના ઘરમાં સોનાનો ઢગલો છે, કોઈનો ધંધો તેજ છે. આપણે આખી જિંદગી બીજાની પોટલી ટટોળવામાં કાઢી નાખીએ છીએ. પણ જે ખજાનો શોધીએ છીએ તે તો આપણી જ પોટલીમાં પડ્યો હોય છે. વેજલપરના નવઘણ અને દેવળીયાના જગદીશની આ કથા માત્ર એક વાર્તા નથી, તે આપણા સૌના અંતરનો અરીસો છે. સાથે સાથે કંસનો ધનુષ્યયજ્ઞ પણ એ જ સત્ય ઉજાગર કરે છે કે મૃત્યુને બહાર શોધનારો પોતે જ મૃત્યુને આમંત્રણ આપી બેસે છે.

એક રાજ્યના વેજલપર ગામનો નવઘણ મહેનતી હતો. પણ તેની નજર હંમેશા પારકા ધન પર રહેતી. કોના ખેતર મોટા, કોના ઘરમાં શું માલ,બસ આ જ હિસાબ. સામે દેવળીયાનો જગદીશ સાદું જીવન જીવતો, પણ સંતોષી.તે માનતો કે 'પહેલા પોતાને સમજો,પછી જીવન સફળ બને.'

સંજોગોવશાત બંને એક મેળામાં જવા સાથે નીકળ્યા.સાત દિવસ ની લાંબી મુસાફરી. નવઘણને પાકો વહેમ કે આટલો શાંત જગદીશ જરૂર કંઈ કિંમતી લઈને નીકળ્યો હશે.રાતે જગદીશ સૂતો ત્યારે નવઘણ તેની પોટલી ચોરીછૂપીથી તપાસતો.સાત દિવસ,સાત રાત,પણ પોટલી ખાલી. વિદાય વેળાએ નવઘણથી રહેવાયું નહીં.તેણે પૂછ્યું, 'ભાઈ, તારી પાસે કંઈ હતું જ નહીં?'

જગદીશ હસીને બોલ્યો,'હતી ને!ચાંદીના સિક્કા અને એકહીરો પણ હું રોજ રાતેએ તારી પોટલી માં મૂકી દેતો.તું મારી પોટલી ફેંદતો રહ્યો, પણ તારી પોતાની પોટલી ક્યારેય જોઈ નહીં.'એક વાક્યમાં નવઘણની આંખ ઉઘડી ગઈ.જેને તે બહારશોધતો હતો, તે આખો વખત તેની પાસે જ હતું. આપણે પણ જીવનભર બીજાની થાળીમાં ડોકિયાં કરીએ છીએ, અને આપણી થાળીમાં પીરસેલું અમૃત ઠંડુ થઈ જાય છે.

બીજી તરફ મથુરાનો કંસ હતો. નારદજીએ કહ્યુંકે દેવકીનો આઠમો પુત્ર તારો કાળ છે. કંસ ગભરાયો. ગોર મહારાજે ઉપાય બતાવ્યો: ધનુષ્યયજ્ઞ કરો. યજમાનનું આયુષ્ય વધે અને શત્રુ મરે. પણ શરત એ કે યજ્ઞમાં વિઘ્ન ન પડવું જોઈએ, નહીંતર યજમાન જ મરે.

કંસે મલ્લોને રક્ષા સોંપી.બોલ્યો, 'કાળના કાળને પણ મારી નાખીશું અને કૃષ્ણને બોલાવવા અક્રૂરને મોકલ્યા.જે ક્રૂર નથી એ જ અક્રૂર ભગવાનને લાવી શકે.

અહીં વિડંબના જુઓ. કંસને લાગ્યું કે તે મૃત્યુથી બચવા યજ્ઞ કરે છે. પણ હકીકતમાં તે પોતે જ મૃત્યુને આમંત્રણ આપી રહ્યો હતો.નવઘણની જેમ કંસની નજર પણ બહાર હતી.શત્રુ બહાર છે,કાળ બહાર છે, ઉપાય બહાર છે. તેણે



એકવાર પણ પોતાની અંદર ડોકિયું કર્યું નહીં કે મારો સાચો કાળ મારો અહંકાર, મારી ક્રૂરતા, મારું પાપ છે.

જેમ કહ્યું છે, 'કાળ સમીપ આવે એટલે બુદ્ધિ બદલાય.' પાપી વધુ પાપ કરે, પુણ્યશાળી વધુ પુણ્ય. કંસે મૃત્યુથી બચવા જે રસ્તો પસંદ કર્યો એ જ તેના મૃત્યુનું કારણ બન્યો.

નવઘણ બીજાની પોટલીમાં હીરો શોધતો હતો.કંસ બહારના કૃષ્ણ ને મારીને અમર થવા માંગતો હતો બંનેની ભૂલ એક જ:બહાર જોવું, અંદર ન જોવું.

જગદીશે કહ્યું, 'માણસની સૌથી મોટી ભૂલ એ છે કે તે પોતાનું આખું જીવન બીજાઓનું મૂલ્યાંકન કરવામાં વિતાવે છે ને પોતાને સમજવાનો સમય પણ શોધતો નથી.' જે

## આત્મ-મંથન એ જ જીવનનો સાચો ધનુષ્ય યજ્ઞ છે

દિવસેનવઘણે પોતાની અંદર જોયું, તે દિવસે તે ગામનો સૌથી આદરણીયમાણસ બન્યો.

કંસની કથા આપણને શીખવે છે કે મૃત્યુનો ડર,બીજાનેહરાવવાની લાલસા, વધુ જીવવાની ઈચ્છા, આ બધું જ આપણને મૃત્યુ તરફ ધકેલે છે.'ક્યારે મરીશ તેનો વિચાર ન કરો જીવન કેવું જીવવું છેતેનો વિચાર કરો.'

આજે આપણે પણ રોજ ધનુષ્ય યજ્ઞ કરીએ છીએ. સોશિયલ મીડિયા પર બીજાની લાઈફ સ્ક્રોલ કરવીએ નવઘણની પોટલી ફેંદવા જેવું છે. ઓફિસમાં સાથીનું પ્રમોશન જોઈ બળવું એ કંસની ઈર્ષ્યા છે. આપણે આપણા મલ્લો,



એટલે કે અહંકાર,લોભ,વેરને રક્ષા માટે ઊભા રાખ્યા છે.પણ અક્રૂર કોણ? અક્રૂર એટલે સરળ મન. જે મન ક્રૂર નથી, ઈર્ષાળુ નથી,તે જ મન ઘરમાં ભગવાનને લાવી શકે.જ્યાં સુધી મનમાં ક્રૂરતા છે ત્યાં સુધી કૃષ્ણ ન આવે શાંતિ ન આવે.તેથી યજ્ઞ બહાર નહીં,અંદર માંડવાનો છે. લોભની આહુતિ આપો,ઈર્ષ્યાનું હવન કરો,અને આત્મ-મંથનની જ્યોત પ્રગટાવો.જે લોકો પોતાના મન પર કાબુ મેળવે છે,તેમના જીવનમાં સુખ અને શાંતિ કુદરતી રીતે જ પ્રવેશ કરે છે. આજથી સંકલ્પ કરીએબીજાની પોટલી ટટોળવાનું બંધ.પહેલા પોતાની પોટલી ખોલીએ. કદાચ હીરો ત્યાં જ હશે.કદાચ કાળ પણ ત્યાં જ હશે.બસ, જોવાની હિંમત જોઈએ.અસ્તુ

# ભારતની પ્રથમ સેમી હાઈ-સ્પીડ રેલ પ્રોજેક્ટને મળી મંજૂરી, કેબિનેટે અમદાવાદ ધોલેરા સેમી હાઈ-સ્પીડ ડબલ લાઈન રેલવે પ્રોજેક્ટને આપી મંજૂરી

## ₹20,667 કરોડના ખર્ચે વિકસિત થશે ભારતીય રેલ્વેની પ્રથમ સ્વદેશી સેમી હાઈ-સ્પીડ રેલ પ્રોજેક્ટ





**અમદાવાદ, તા.13**

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં યોજાયેલ આર્થિક બાબતોની મંત્રિમંડળીય સમિતિ (CCEA) એ આજે રેલ મંત્રાલયની અમદાવાદ (સરખેજ) - ધોલેરા સેમી હાઈ-સ્પીડ ડબલ લાઈન રેલવે પ્રોજેક્ટને મંજૂરી આપી છે. અંદાજે 20,667 કરોડના ખર્ચવાળી આ પ્રોજેક્ટ ભારતીય રેલ્વેની પ્રથમ સ્વદેશી ટેકનોલોજી આધારિત સેમી હાઈ-સ્પીડ રેલ પ્રોજેક્ટ બનશે.

લગભગ 134 કિલોમીટર લાંબી આ નવી રેલવે લાઈન અમદાવાદ, ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજન (SIR), આવનારા ધોલેરા એરપોર્ટ તેમજ લોથલ નેશનલ મેરિટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સને આધુનિક રેલ કનેક્ટિવિટી પૂરી પાડશે. પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ અમદાવાદ અને ધોલેરા વચ્ચેના પ્રવાસ સમયમાં નોંધપાત્ર ઘટાડો થશે, જેના કારણે મુસાફરો માટે દૈનિક આવાગમન તથા એક જ દિવસે આવવા-જવાની સુવિધા વધુ સરળ અને આરામદાયક બનશે.

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે આ ઐતિહાસિક નિર્ણય અંગે જણાવ્યું: "અમદાવાદ-ધોલેરા સેમી હાઈ-સ્પીડ રેલ પ્રોજેક્ટ ભારતના રેલવે ઈતિહાસમાં નવી શરૂઆત છે. આ માત્ર એક રેલ લાઈન નથી, પરંતુ 'ન્યૂ ઈન્ડિયા'ની આધુનિક, ઝડપી અને આત્મનિર્ભર પરિવહન વ્યવસ્થાનું પ્રતિક છે. સ્વદેશી ટેકનોલોજી આધારિત આ પ્રોજેક્ટ આગામી વર્ષોમાં દેશભરમાં સેમી હાઈ-સ્પીડ રેલ નેટવર્કના વિસ્તરણનો આધાર બનશે."

અમદાવાદ મંડળના મંડળ રેલ પ્રબંધક (DRM) વેદ પ્રકાશે જણાવ્યું કે આ પ્રોજેક્ટ ગુજરાતના ઔદ્યોગિક અને આર્થિક વિકાસને નવી ગતિ આપશે. તેમણે કહ્યું: "આ પ્રોજેક્ટ અમદાવાદ અને ધોલેરા વિસ્તારને વિશ્વસ્તરીય રેલ કનેક્ટિવિટી આપશે. તેના દ્વારા મુસાફરોને ઝડપી, સુરક્ષિત અને આધુનિક મુસાફરીની સુવિધા મળશે તેમજ વિસ્તારમાં રોજગાર, ઉદ્યોગ અને લોજિસ્ટિક્સ ક્ષેત્રને પણ મોટો લાભ થશે. આ પ્રોજેક્ટથી ધોલેરા અને અમદાવાદ વચ્ચેનું અંતર 1 કલાકથી પણ ઓછા સમયમાં પૂર્ણ થઈ શકશે અને ધોલેરા સીધું અમદાવાદ-મુંબઈ હાઈ-સ્પીડ રેલ કોરિડોર સાથે જોડાઈ જશે."

આ પ્રોજેક્ટ પ્રધાનમંત્રી ગતિ શક્તિ નેશનલ માસ્ટર પ્લાનને અનુરૂપ તૈયાર કરવામાં આવ્યો છે, જેનો હેતુ મલ્ટી-મોડલ કનેક્ટિવિટી અને લોજિસ્ટિક કાર્યક્ષમતાને મજબૂત બનાવવાનો છે. આ પ્રોજેક્ટથી આશરે 284 ગામો અને લગભગ 5 લાખ વસ્તીને સીધો લાભ મળશે.

ભારતીય રેલ્વેના અનુસાર આ પ્રોજેક્ટ પર્યાવરણ સંરક્ષણમાં પણ મહત્વપૂર્ણ યોગદાન આપશે. તેના દ્વારા આશરે 0.48 કરોડ લિટર તેલની બચત થશે તેમજ લગભગ 2 કરોડ કિલોગ્રામ CO ઉત્સર્જનમાં ઘટાડો થશે, જે લગભગ 10 લાખ વૃક્ષોના રોપણ જેટલા પર્યાવરણીય લાભ સમાન છે.

આ પ્રોજેક્ટને વર્ષ 2030-31 સુધી પૂર્ણ કરવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે.

# પુરી સ્ટેશન પર બ્લોકના કારણે ગાંધીધામ-પુરી સાપ્તાહિક એક્સપ્રેસ આંશિક રીતે રદ

**અમદાવાદ, તા.13**

પૂર્વ તટ રેલવેના ખુર્દા રોડ મંડળના પુરી સ્ટેશન પર પ્લેટફોર્મ અપગ્રેડેશન કાર્ય માટે બ્લોક લેવામાં આવ્યો છે. જેના કારણે ગાંધીધામ-પુરી સાપ્તાહિક એક્સપ્રેસ ટ્રેનો આંશિક રીતે રદ રહેશે. વિગત નીચે મુજબ છે:

આંશિક રીતે રદ ટ્રેનો

15, 22 અને 29 મે 2026 ની ટ્રેન સંખ્યા 12993 ગાંધીધામ-પુરી એક્સપ્રેસ માલતીપાટપુર સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે

18 અને 25 મે 2026 ની ટ્રેન સંખ્યા 12994 પુરી-ગાંધીધામ એક્સપ્રેસ માલતીપાટપુર સ્ટેશન પરથી શોર્ટ ઓરિજિનેટ થશે.

20 અને 27 મે 2026 ની ટ્રેન સંખ્યા 22973 ગાંધીધામ-પુરી એક્સપ્રેસ માલતીપાટપુર સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે.

23 અને 30 મે 2026 ની ટ્રેન સંખ્યા 22974 પુરી-ગાંધીધામ એક્સપ્રેસ માલતીપાટપુર સ્ટેશન પરથી શોર્ટ ઓરિજિનેટ થશે.

મુસાફરોને વિનંતી છે કે ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને મુસાફરી કરે. ટ્રેનના સંચાલન સમય, સ્ટોપેજ અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે ભારતીય રેલવેની અધિકૃત વેબસાઈટ www.enquiry.indianrail.gov.in નું અવલોકન કરો.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અપીલને અનુસરી ગુજરાત વિદ્યાપીઠમાં પર્યાવરણમૈત્રી પરિવહન તરફ સકારાત્મક પહેલ

## અધ્યાપકો, સેવકો અને વિદ્યાર્થીઓ દ્વારા કારપુલ, જાહેર વાહન વ્યવસ્થા, EV, સાઈકલ અને પગપાળા આવવાની પહેલને પ્રોત્સાહન

**અમદાવાદ, તા.13**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા સમગ્ર દેશને પર્યાવરણ સંરક્ષણ, ઈંધણ બચત અને ટ્રાફિક ઘટાડા માટે જાહેર વાહન વ્યવસ્થા તથા સહપ્રવાસ (કારપુલ) અપનાવવાની કરવામાં આવેલી વિનંતીને અનુસરી ગુજરાત વિદ્યાપીઠ દ્વારા પણ સકારાત્મક પહેલ કરવામાં આવી રહી છે. ગુજરાત વિદ્યાપીઠના કુલ 295 શૈક્ષણિક અને બિનશૈક્ષણિક અધ્યાપકો તથા સેવકોમાંથી આશરે 46 જેટલા અધ્યાપકો અને સેવકો કારપુલનો ઉપયોગ કરે છે. ઉપરાંત, 22થી વધુ સેવકો જાહેર પરિવહન, 7 જેટલાં સેવકો પગપાળા તેમજ 2 સેવક EV અને કાર તથા 3 સેવકો સાઈકલ દ્વારા વિદ્યાપીઠ ખાતે આવે છે. વિદ્યાપીઠના 2000થી વધુ વિદ્યાર્થીઓમાંથી પણ 130થી વધુ વિદ્યાર્થીઓ જાહેર વાહન વ્યવસ્થાનો ઉપયોગ કરે છે, જ્યારે 25થી વધુ વિદ્યાર્થીઓ પગપાળા આવી પર્યાવરણ પ્રત્યેની પોતાની જવાબદારી નિભાવી રહ્યા છે. આ અંગે ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ ડૉ. હર્ષદ પટેલે જણાવ્યું હતું કે, 'પર્યાવરણ સંરક્ષણ અને ટકાઉ જીવનશૈલી આજના સમયની આવશ્યકતા છે. ગુજરાત વિદ્યાપીઠ પરિવાર દ્વારા કારપુલ, જાહેર વાહન વ્યવસ્થા, સાઈકલ અને પગપાળા આવવાની અપનાવવામાં આવેલી આ પહેલ માત્ર ઈંધણ બચત પૂરતી મર્યાદિત નથી, પરંતુ સમાજમાં જવાબદાર નાગરિકત્વનો સકારાત્મક સંદેશ પણ પ્રસરાવે છે."

### 'બાળકો અને તરુણોમાં બિનચેપી રોગો' વિષય પર મીડિયા કેપેસિટી બિલ્ડિંગ વર્કશોપ યોજાયો

# યુનિસેફ દ્વારા આયોજિત વર્કશોપમાં પ્રાદેશિક માહિતી કચેરી, અમદાવાદ તથા દૂરદર્શનના કર્મયોગીઓ-સ્ટ્રિંગર્સ સહભાગી થયા

## બાળકોમાં વધી રહેલા ડાયાબિટીસ, સ્થૂળતા અને હૃદયરોગ જેવા ગંભીર રોગો વિશે જાગૃતિ ફેલાવવાનો ઉદ્દેશ

**અમદાવાદ, તા.13**

'બાળકો અને તરુણોમાં બિનચેપી રોગો' (NCDs) વિષય પર અમદાવાદમાં એક દિવસીય મીડિયા કેપેસિટી બિલ્ડિંગ વર્કશોપ યોજાઈ હતી. યુનિસેફ(UNICEF), ગુજરાત તથા એલિક્સિર ફાઉન્ડેશનના સહયોગથી આયોજિત આ કાર્યક્રમમાં પ્રાદેશિક માહિતી કચેરી, અમદાવાદના કર્મયોગીઓ તથા દૂરદર્શનના રાજ્યભરના સ્ટ્રિંગર્સ સહભાગી થયા હતા.



આ વર્કશોપનો મુખ્ય ઉદ્દેશ મીડિયાકર્મીઓને બાળકોમાં વધી રહેલા વિવિધ બિનચેપી ગંભીર રોગો જેવા કે- ડાયાબિટીસ, સ્થૂળતા અને હૃદયરોગ વિશે માહિતગાર કરીને જનજાગૃતિ ફેલાવવાનો હતો.

આ પ્રસંગે માહિતી ખાતાના ઉત્તર ગુજરાત ઝોનના સંયુક્ત માહિતી નિયામક અમિત ગઢવીએ બિનચેપી રોગોને (NCDs) એક 'છુપી મહામારી' ગણાવતા ચિંતા વ્યક્ત કરી હતી કે હવે આ રોગો બાળકોમાં પણ વ્યાપકપણે ફેલાઈ રહ્યા છે.

તેમણે જણાવ્યું હતું કે બાળકોમાં વધતી સ્થૂળતા અને ડાયાબિટીસ જેવા રોગો સામે જનજાગૃતિ લાવવામાં મીડિયાની ભૂમિકા અત્યંત મહત્ત્વની છે. માહિતી વિભાગ અને દૂરદર્શન સતત કેમ્પેઈન અને એક્સપર્ટ રીલ્સ દ્વારા આ દિશામાં કાર્ય કરી રહ્યા છે, ત્યારે આ વર્કશોપ દ્વારા મેળવેલી માહિતીને ગ્રામ્ય સ્તર સુધી પહોંચાડી 'મેદસ્વિતા મુક્ત ગુજરાત'ના સંકલ્પને સાકાર કરવા તેમણે સૌ ઉપસ્થિતોને અનુરોધ કર્યો હતો.

દૂરદર્શન-અમદાવાદના આસિસ્ટન્ટ ડાયરેક્ટર (ન્યૂઝ) ડો. નિશિત જોશીએ સામાજિક જાગૃતિ લાવવામાં મીડિયાની ભૂમિકા પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, પબ્લિક સર્વિસ બ્રોડકાસ્ટર તરીકે દૂરદર્શન 'સત્યમ શિવમ સુંદરમ'ના મંત્ર સાથે લોકકલ્યાણ માટે કટિબદ્ધ છે.

તેમણે ઉમેર્યું કે જે રીતે કોવિડ વેક્સિનેશન ડ્રાઈવમાં દૂરદર્શન દ્વારા જનજાગૃતિ ફેલાવવામાં આવી હતી, તેવી જ રીતે બાળકોમાં વધી રહેલા બિનચેપી રોગો સામે પણ સચોટ માહિતી દ્વારા પાયાના સ્તરે જાગૃતિ લાવવામાં મીડિયા મહત્ત્વની ભૂમિકા પર ભાર મૂક્યો હતો.

યુનિસેફ ગુજરાતના હેલ્થ સ્પેશિયલિસ્ટ ડો. નારાયણ ગાંઓકરે 'પેડિયાટ્રિક NCDs'ના સંદર્ભમાં વિસ્તૃત સમજ આપી હતી. તેમણે બાળકોમાં વધી રહેલા બિનચેપી રોગો (NCDs) અંગે ચિંતા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે ભારતમાં થતાં કુલ મૃત્યુના 60 ટકા મૃત્યુ બિનચેપી રોગોને કારણે થાય છે.

તેમણે ઉમેર્યું કે સ્ક્રીન ટાઈમમાં વધારો, જંક ફૂડનો વપરાશ અને શારીરિક પ્રવૃત્તિઓનો અભાવ બાળકો માટે ગંભીર જોખમ ઉભું કરી રહ્યા છે. યોગ્ય જીવનશૈલી, પિરિયોડિક હેલ્થ ચેકઅપ અને શાળાઓમાં જાગૃતિ દ્વારા આ રોગોને અટકાવી શકાય છે અને ડાયાબિટીસ જેવા રોગ ધરાવતાં બાળકોને પણ પરિવાર અને સમાજના સહયોગથી સામાન્ય જીવન પૂરું પાડી શકાય છે.

ગુજરાત સરકારના આરોગ્ય વિભાગના એડિશનલ ડાયરેક્ટર ડો. નિલમ પટેલે બિનચેપી રોગોને ડામવા માટે સરકારની વિવિધ નીતિઓ અને જાહેર આરોગ્ય હસ્તક્ષેપ વિશે ઉપસ્થિતોને માહિતગાર કર્યા હતા.

વિવિધ ટેકનિકલ સત્રોમાં નિષ્ણાત તબીબોએ માર્ગદર્શન આપ્યું હતું. ડો. નિશ્ચલ ભટ્ટે બાળકોમાં સ્થૂળતા અને પોષણ સંબંધિત વિકારો પર, ડો. શાલ્મી મહેતાએ ટાઈપ-૧ ડાયાબિટીસના પડકારો પર અને ડો. અનિષ ચંદારાણાએ બાળકોમાં જોવા મળતા હૃદયરોગ વિશે મહત્વની માહિતી પૂરી પાડી હતી.

કાર્યક્રમની શરૂઆતમાં એલિક્સિર ફાઉન્ડેશનના મેનેજર શ્રી કૃણાલ શાહ દ્વારા સ્વાગત પ્રવચન દ્વારા સૌને આવકારવામાં આવ્યા હતા.

કાર્યક્રમના અંતે ઓપન હાઉસ ડિસ્કશનમાં મીડિયાકર્મીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને સામાજિક પરિવર્તન માટે મીડિયા એક મજબૂત માધ્યમ હોવાનું સ્વીકાર્યું હતું.

આ વર્કશોપમાં આરોગ્ય વિભાગના ડો. જયેશ સોલંકી, અમદાવાદ પ્રાદેશિક માહિતી કચેરીના કર્મયોગીઓ, દૂરદર્શન, અમદાવાદના અધિકારીઓ તથા રાજ્યભરના વિવિધ જિલ્લાના સ્ટ્રિન્ગર્સ ઉપસ્થિત રહ્યા હતા.

# ધ્યાન ધર ધ્યાન ધર નેત્રમાં નાથ છે! આ રચનામાં નરસિંહ ભક્તિની પરાકાષ્ઠાએ શું અનુભવે છે?

હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારાં સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ધ્યાનને ભારતીય અધ્યાત્મનું ઉત્તમ અંગ માનવામાં આવ્યું છે. કલાકો નાં કલાકો એ ધ્યાનમાં બેઠાં છે! એવું સાંભળવા મળે, એટલે આપણી નજર આગળ એક સંન્યાસીની છબી અંકિત થઈ જાય, કે જે બ્રહ્મ મુહૂર્તમાં, ભગવા વસ્ત્ર ધારણ કરી, માથે ચંદનનું તિલક કરી, ગળામાં મોટાં મોટાં રુદ્રાક્ષનાં પારાની માળા પહેરીને, આસાન પાથરી, પદ્માસનમાં બેસીને, સગુણ કે નિર્ગુણ સ્વરૂપનું ધ્યાન ધરે છે! પરંતુ આપણે રહ્યાં સંસારી અને કલાકો સુધી ધ્યાન ધરવું એ આપણી હેસિયત બહાર છે! અને આમપણ ધ્યાન ધરવું જેટલું મહત્વનું છે, એટલું જ મહત્વ ધ્યાન રાખવાનું છે. કારણકે મૂળ વાત મનની શુદ્ધિની છે, એ હોય તો જ ધ્યાન ધરીએ ત્યારે ઈશ્વર અનુસંધાન શક્ય બને! મનની શુદ્ધિ તો ક્ષણેક્ષણ જાગૃત રહીને મનમાં કોઈ મલિનતા પ્રવેશી જાય નહીં, એનું ધ્યાન રાખીએ તો જ શક્ય બને, સંસારી સાધક માટે પહેલાં ઈશ્વર અંદર જ છે, એ પ્રતિતિ કરવી જરૂરી છે. નરસિંહ પણ પોતાની રચનાઓમાં ઈશ્વર આપણી અંદર જ છે, અને એને શોધવાં કોઈ સિદ્ધિની નહીં પણ મનની મલિનતા દૂર કરી શુદ્ધ થવાની અને સતત જાગૃતિ પૂર્વક ધ્યાન રાખવાની જરુર છે, એવી વાતની પુષ્ટિ કરે છે.

* નરસિંહ મહેતા*

૧)ધ્યાન ધર, ધ્યાન ધર, નેત્રમાં નાથ છે,
અંતર ભાળની એક સુરતિ;
દેહીમાં દરસશે, પ્રેમથી પરસશે,
અજબ અનુપમ અધર મૂરતિ
... ધ્યાન ધર.

નરસિંહ અહીં શરીર અને આત્મા માટે દેહ અને દેહી એ શબ્દ પ્રયોગ કરીને આત્મ ખોજ માટે કહે છે. જીવ સગુણ પરમાત્માની પ્રતિતિ કરવાં માટે જેમ તું ધ્યાન કરે છે, એ જ પરમતત્વ તારી અંદર પડ્યું છે, અને એને તું શોધી લઈશ, ત્યારે તું એની સાથે નિત્ય સાતત્ય કેળવી શકીશ, અને તારા ઈષ્ટનાં દર્શન તને તારી અંદર ઝાંકવાથી જ થશે! પ્રેમ, પ્રસન્નતા,અને હોઠો પર સ્મિત સજાવેલી અજબ, અનુપમ મૂર્તિ જોવાં તને બહાર જવાની જરૂર નથી, એ તારી અંદર જ છે, તારાં નેત્રમાં એ રુપની છબી અંકિત થઈ ગઈ છે.

૨)મન પરસન થશે, કર્યાં કર્મ નાસશે,
ભાસશે ભૂમિ વ્રજ વન વેલી;
કુંજ લલિત માંહે કૃષ્ણ ક્રીડા કરે,
નીરખતી નૌતમ સંગ સહેલી
... ધ્યાન ધર.

આગળ નરસિંહ કહે છે, ભક્તિની અંતર ભાળની એક સ્મૃતિ નેત્રમાં એટલે કે આંખની દ્રષ્ટિમાં કાજળ જેમ કૃષ્ણ અંજાઈ ગઈ છે, અને એટલે જ્યાં નજર પડે, ત્યાં વૃંદાવનનાં વન વગડા અને વ્રજની ભૂમિ દેખાય! કુંજ ગલીઓમાં કૃષ્ણને રાધા કે ગોપીઓ સંગે ક્રીડા કરતો જોઈ મન અદ્વિતીય સૌંદર્ય અથવા તો નિત નૂતન રૂપ જોઈ પ્રસન્ન થાય, અને ભીતર સકામ, નિષ્કામનો ભેદ ઓગળી જતાં સારાં નરસા બધાં કર્મ ભાગી ગયાં.

૩)મોરલીનાં નાદમાં, શ્રવણના સાદમાં,
ઝાંઝરી ઝાલરી ઝમક વાજે;
તાલ મૃદંગ ને ચંગ ઉપમા ઘણી,
ભેરી શરણાઈમાં બ્રહ્મ ગાજે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

... ધ્યાન ધર.

નરસિંહમાં તો કૃષ્ણ ભક્તિની પરાકાષ્ઠા હતી, અને એટલે એને તો આંતર બાહ્ય પ્રકૃતિમાં બધે એ જ કૃષ્ણ કામણગારો દેખાય, અને એટલે જ એને મોરલી નાદ હોય, કે શ્રાવણનાં વરસાદ રુપે સાદ હોય, કે પછી મંદિરની આરતીમાં વપરાતાં ઝાલર ઝાંઝરી અને ચંગ જેવાં લોક વાદ્ય હોય, કે શરણાઈ એ બધામાં એને બ્રહ્મ નાદ સંભળાય છે.

૪)સુરત સંગ્રામ વિશે નાથ બહુ વિલસે,
દરસશે દેહીથી ભજન કરતાં;
નરસૈંયાનો સ્વામી સર્વ સુખ આપશે,
કાપશે દુક્ત ધ્યાન ધરતાં ...
ધ્યાન ધર.

અહીં નરસિંહ, બે પ્રેમીજન વચ્ચેનાં એકાંતમાં ઉદ્ભવતાં ભાવને એકદમ ઉત્કૃષ્ટ રીતે રજૂ કરે છે, પણ અહીં ભગવાન અને ભક્ત વચ્ચે ભાવનું યુદ્ધ છેડાય છે, અને બંને એકબીજા પર નજરનાં વાર કરે છે, અને પછી સ્વામી વિલાસ રસ તરફ આગળ વધી ભક્તનાં દેહમાં દેહી જેમ આત્મસાત થઈ, મિલનનું અપ્રિતમ સુખ પ્રદાન કરે છે, અને આમ નરસૈંયાના સ્વામી અંતરમાં રમમાણ થઈ અને બધા દુક્ત એટલે કે પાપ કર્મનો નાશ કરે છે.

નરસિંહની રચનામાં શબ્દોની એવી રસાકસી હોય કે શ્રૃંગાર રસનાં પદમાં એ વેદાંતી વૈરાગ્યને કે ભક્તિની પરાકાષ્ઠાનાં ઉચ્ચ ભાવને સહજતાથી મૂકી દે! અને એ જ રીતે વૈરાગ્ય કે વિરતીનાં પદમાં શ્રૃંગારને વણી લેતાં શબ્દો મૂકી ભક્તિ ભાવમાં પ્રેમરસને પીરસી મન ભરી નચાવે. માનવીમાં આંખ દ્વારા જે જોયું હોય, એનું ચિત્રણ ચિત્ત પર બહુ લાંબો સમય સુધી રહે છે, અને એ રીતે મનમાં વિકાર પ્રવેશે, મન મલિન થાય છે. જેમ બહાર જોવું જરૂરી છે, એટલું જ પોતાની ભીતર જોવું પણ જરૂરી છે, અને ત્યાં એને પોતાનાં અવગુણ દેખાય! ગુણ અવગુણની સમીક્ષા કરતાં કરતાં અંતરને શુદ્ધ કરીએ એટલે આત્મ તત્વની પ્રતિતિ થાય! દિન પ્રતિદિન આ ભાવની પુષ્ટિથી ભીતર ઈષ્ટદેવનો અનુભવ થાય, અને પછી એનું મનોહર રુપ નેત્રમાં અંજાઈ જાય, બધે એનાં જ દર્શન કરે, એટલે ચિત્ત પર પણ આજ ચિત્રણ રહે, અને ધ્યાન ધરનાર જેવી જ ઈષ્ટની સ્મૃતિ સતત બની રહે. નરસિંહનાં ઈષ્ટ શ્રીકૃષ્ણ છે,એટલે ચિત્ત વૃંદાવન બન્યું, અને એની કુંજ ગલીઓમાં એને રાધા સાથે મનભાવન લીલા કરતાં શ્રીકૃષ્ણ દેખાયા, અને એનું મન પ્રસન્નતામાં પરોવાઈ જઈ, આ જ સર્વ શ્રેષ્ઠ છે, બીજું મેળવવાની ચંચળતા છોડી દે છે, અને એ રીતે કર્મ ભાવ છૂટે. નિષ્કામ કરતાં પણ વધુ અકામ એટલે કે અકર્તા ભાવ મહત્વનો છે. સાધકને આવું જાગરણ કરાવી નરસિંહ પોતાની પંક્તિમાં કુંડલિની જાગરણનાં ચક્રોને રમાડે છે, ભીતર નાદ પ્રગટ કરી દ્વૈતમાં અદ્વૈત, અને અદ્વૈતમાં દ્વૈત બની સાકાર અને નિરાકાર રૂપે પરમ તત્વની પુષ્ટિ કરે છે. મેઘ રુપે પ્રેમધારે વરસીને પ્રેમઘેલી ધરતીની મનોસ્થિતિ વર્ણવતાં કહે છે, વાદળોનાં આ ગડગડાટમાં, એટલે કે શ્રાવણનાં સાદમાં એને ઘડીક મોરલીનો નાદ સંભળાય, તો ઘડીકમાં ઝાલર ઝાંઝરી અને ચંગ જેવાં વિરક્ત કરનારાં વાદ્ય સંભાળાય! આ મેઘ તો હમણાં જતો રહેશે, અને ફરી તું વિરહી બનીશ! માટે આ ક્ષણને પકડી લે! અને એટલે જ છેલ્લી પંક્તિમાં નરસિંહ સુરત સંગ્રામ એટલે કે મેઘ તાંડવ રચી આકાશ અને ધરતીનું મિલન કરાવે છે. આકાશ વીજળી અને વાદળોનાં ગડગડાટથી, હું આવું છું! આવું છું! એમ પ્રેમ પોકાર કરે છે, અને ધરતી પોતાનું તપ્ત હૃદય ઠરશે, એમ ચાતક જેમ આકાશે દ્રષ્ટિ માંડી રાહ જુવે છે. અંતે બારે મેઘ ખાંગા થયા અને આ શીતયુદ્ધ સમાપ્ત થયું, સ્વામીએ મન ભરી પ્રેમ અમી વરસાવ્યાં અને એ વિલાસથી ધરતી લીલીછમ બની, પ્રેમનાં ધોધમાં પાપ બધાં ધોવાઈ ગયાં, અને હરિયાળી છવાઈ ગઈ. આપણે બહુ નસીબદાર છીએ કે શેઠ શામળીયો જેનો દાસ બની જીંદગીભર ચાકરી કરતો રહ્યો એ નરસિંહની રચનાઓનો રસાસ્વાદ નરસિંહ જ કરાવી રહ્યાં હોય, એમ એનાં તાત્વિક અર્થ સદગુરુ કરાવે છે. વાત મૂળમાં જાગવાની છે, અને એટલે વિષયોમાંથી કે સંબંધમાંથી થોડું જાગવાનો પ્રયોગ કરી નરસિંહને મળી હતી, એ અંતર ભાળની સૂરતી આપણને પણ પ્રાપ્ત થાય એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું ફરી મળીશું નવાં ચિંતન મનન સાથે તો સૌને મારા આજનાં દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.

# સતત પાંચ મેચ જીતી ટીમ ગુજરાત બની ટેબલ ટોપર, હૈદરાબાદને ખરાબ રીતે હરાવ્યું

**અમદાવાદ, તા.13**

ગુજરાત ટાઈટન્સે સનરાઈઝર્સ હૈદરાબાદને 82 રને હરાવ્યું છે. આ IPLના ઈતિહાસમાં રનની દ્રષ્ટિએ ગુજરાતની સૌથી મોટી જીત છે. સાથે જ આ હૈદરાબાદની રનની દ્રષ્ટિએ સૌથી મોટી હાર પણ છે. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાયેલા મુકાબલામાં ગુજરાતની ટીમે પ્રથમ બેટિંગ કરતા 168 રન બનાવ્યા હતા. જવાબમાં જેસન હોલ્ડર અને કગિસો રબાડાની ઘાતક બોલિંગે હૈદરાબાદની બેટિંગ લાઈન-અપની કમર તોડી નાખી.



ગુજરાત ટાઈટન્સે સનરાઈઝર્સ હૈદરાબાદને 82 રને હરાવ્યું. આ આઈપીએલના ઈતિહાસમાં તેની રનની દ્રષ્ટિએ સૌથી મોટી જીત છે. આ પહેલા ગુજરાતની સૌથી મોટી જીત આ જ સિઝનમાં રાજસ્થાન રોયલ્સ સામે આવી હતી. તે મુકાબલામાં ગુજરાતે રાજસ્થાનને 77 રને હરાવ્યું હતું.

વર્તમાન સિઝનમાં ગુજરાત ટાઈટન્સ અને સનરાઈઝર્સ હૈદરાબાદનું પ્રદર્શન શાનદાર રહ્યું છે. ગુજરાત ટાઈટન્સે 12 માંથી 8 મેચ જીતી ટેબલ ટોપર છે અને તેના 16 પોઈન્ટ છે. બીજી તરફ સનરાઈઝર્સ હૈદરાબાદે 12 માંથી 7 મેચમાં જીત મેળવી છે. સનરાઈઝર્સ હૈદરાબાદના 14 પોઈન્ટ્સ છે. હૈદરાબાદ પોઈન્ટ ટેબલમાં ત્રીજા સ્થાને છે.

રનચેઝમાં સનરાઈઝર્સ હૈદરાબાદની શરૂઆત અત્યંત ખરાબ રહી. હૈદરાબાદે પાવરપ્લેમાં જ 4 વિકેટ ગુમાવી દીધી. મોહમ્મદ સિરાજે ટ્રેવિસ હેડને ખાતું પણ ખોલવા દીધું નહીં. તો બીજી તરફ કગિસો રબાડાએ અભિષેક શર્મા, ઈશાન કિશન અને સ્મરણ રવિચંદ્રનની વિકેટ ઝડપી. સ્મરણ આઉટ થયો તે સમયે હૈદરાબાદનો સ્કોર 32/4 હતો. સલિલ અરોરાએ કેટલાક સારા શોટ્સ ચોક્કસ લગાવ્યા, પરંતુ તે વધુ સમય ટકી શક્યો નહીં. સલિલ (16 રન) ને પ્રસિદ્ધ કૃષ્ણાએ આઉટ કર્યો. હવે વિકેટ લેવાનો વારો જેસન હોલ્ડરનો હતો. હોલ્ડરે એક જ ઓવરમાં હેનરિક ક્લાસેન (14 રન) અને નીતીશ કુમાર રેડ્ડી (2 રન) ની વિકેટ લઈને સનરાઈઝર્સ હૈદરાબાદનો સ્કોર 60/7 કરી દીધો. શિવાંગ કુમાર, પેટ કમિન્સ અને પ્રફુલ્લ હિંગે આઉટ થનારા છેલ્લા ત્રણ બેટ્સમેન રહ્યા. ગુજરાત તરફથી કગિસો રબાડા અને જેસન હોલ્ડરે ત્રણ-ત્રણ વિકેટ ઝડપી. પ્રસિદ્ધ કૃષ્ણાને બે સફળતા મળી. રાશિદ ખાન અને મોહમ્મદ સિરાજે એક-એક વિકેટ ઝડપી.

ગુજરાત ટાઈટન્સે ટોસ હારીને પ્રથમ બેટિંગ કરતા 5 વિકેટ પર 168 રન બનાવ્યા. ગુજરાત ટાઈટન્સની શરૂઆત સારી રહી નહીં અને તેણે ત્રીજી જ ઓવરમાં કેપ્ટન શુભમન ગિલ (5 રન) ની વિકેટ ગુમાવી દીધી, જે પ્રફુલ્લ હિંગેનો શિકાર બન્યો. હિંગેએ ત્યારબાદ ખતરનાક બેટ્સમેન જોસ બટલર (7 રન) ને પણ પેવેલિયનનો રસ્તો બતાવી દીધો. ત્યારબાદ નિશાંત સિંધુ અને સાઈ સુદર્શને ત્રીજી વિકેટ માટે 38 રનની ભાગીદારી કરીને ઈનિંગને સંભાળી. નિશાંતે 22 રનનું યોગદાન આપ્યું અને તેની વિકેટ પેટ કમિન્સે ઝડપી. વોશિંગ્ટન સુંદર અને સાઈ સુદર્શને ચોથી વિકેટ માટે 60 રનની શાનદાર પાર્ટનરશિપ કરી. સુદર્શને 44 બોલમાં 61 રન બનાવ્યા, જેમાં 5 ચોગ્ગા અને 2 છગ્ગા સામેલ હતા. સુદર્શનને ફાસ્ટ બોલર સાકિબ હુસૈને આઉટ કર્યો. સુદર્શન આઉટ થયા બાદ વોશિંગ્ટન સુંદરે સંપૂર્ણ રીતે મોરચો સંભાળી લીધો. સુંદરે 7 ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી 33 બોલમાં 50 રન બનાવ્યા. સુંદર છેલ્લી ઓવરમાં સાકિબ હુસૈનનો શિકાર બન્યો.

# બાંગ્લાદેશે પાકિસ્તાનને 104 રને પછાડ્યું: ઘરની બહાર સતત 6ઠ્ઠી ટેસ્ટ હાર સાથે શરમજનક રેકોર્ડ

**ઈસ્લામાબાદ, તા.13**

પાકિસ્તાન ક્રિકેટ ટીમ માટે વિદેશની ધરતી પર ટેસ્ટ મેચ જીતવી હવે એક સપનું બની ગઈ હોય તેવું લાગી રહ્યું છે. તાજેતરમાં વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC) હેઠળ રમાયેલી પ્રથમ ટેસ્ટ મેચમાં બાંગ્લાદેશે પાકિસ્તાનને 104 રનના મોટા અંતરથી હરાવીને ઘરભેગું કર્યું છે. આ હાર સાથે પાકિસ્તાને વિદેશમાં જીતની પોતાની લાંબી રાહને વધુ લંબાવી છે.



પાકિસ્તાને ઘરની બહાર છેલ્લે વર્ષ 2023માં શ્રીલંકા સામે કોલંબોમાં જીત મેળવી હતી. ત્યારથી અત્યાર સુધી પાકિસ્તાને વિદેશી ધરતી પર કુલ 6 ટેસ્ટ મેચો રમી છે અને આ તમામમાં તેને હારનો સામનો કરવો પડ્યો છે. નોંધનીય છે કે, પાકિસ્તાન સિવાયના અન્ય તમામ ટેસ્ટ રમતા દેશોએ આ સમયગાળા દરમિયાન વિદેશમાં ઓછામાં ઓછી એક મેચ તો જીતી જ છે.

ઢાકા ટેસ્ટમાં પાકિસ્તાને એક અનોખો પણ શરમજનક રેકોર્ડ બનાવ્યો છે. આ મેચની એક ઈનિંગમાં પાકિસ્તાની બેટ્સમેનોએ ત્રણ વખત 100+ રનની ભાગીદારી કરી હતી, તેમ છતાં ટીમ હારી ગઈ હતી. ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં આવું માત્ર પાંચમી વખત બન્યું છે. પાકિસ્તાનની આ હારને કારણે WTC પોઈન્ટ ટેબલમાં તેને મોટું નુકસાન થયું છે, જ્યારે ભારતીય ટીમને મેચ રમ્યા વગર જ ફાયદો મળ્યો છે.

બે ટેસ્ટ મેચોની આ શ્રેણીમાં પાકિસ્તાન હવે શ્રેણી જીતી શકે તેમ નથી. જોકે, 16 મેથી શરૂ થનારી બીજી ટેસ્ટ મેચ જીતીને પાકિસ્તાન પાસે શ્રેણી 1-1 થી બરાબરી કરવાનો મોકો જરૂર રહેશે.

# સતત બે વખત ઝીરો પર આઉટ થવા મુદ્દે વિરાટ કોહલીની રમૂજ, ડ્રેસિંગ રૂમમાં હાસ્યનો ગડગડાટ

**નવી દિલ્હી, તા.13**

IPL 2026 હવે તેના અંતિમ અને સૌથી રોમાંચક તબક્કામાં પહોંચી ગઈ છે. રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ અત્યારે પ્લેઓફની રેસમાં મજબૂત રીતે આગળ વધી રહી છે. મુંબઈ ઈન્ડિયન્સ સામેની મહત્ત્વની જીત બાદ RCBના ડ્રેસિંગ રૂમનો એક વીડિયો સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી રહ્યો છે, જેમાં વિરાટ કોહલી પોતાની ખરાબ ફોર્મ પર મજાક કરતો જોવા મળે છે.



સીઝનની શરૂઆતમાં ઓરેન્જ કેપની રેસમાં સૌથી આગળ રહેલા વિરાટ કોહલીનું બેટ છેલ્લા બે મેચથી શાંત છે. લખનઉ અને મુંબઈ સામેની મેચમાં વિરાટ શૂન્ય રન પર આઉટ થયો હતો. પરંતુ, આ નિષ્ફળતાને દિલ પર લેવાને બદલે વિરાટે તેને હળવાશથી લીધી છે. મુંબઈ સામેની જીત બાદ જ્યારે હેડ કોચ એન્ડી ફ્લાવરે વિરાટને ટીમ સામે બોલવા માટે માઈક આપ્યું, ત્યારે વિરાટે હસતા હસતા કહ્યું, 'થેન્ક્સ એન્ડી, આજે ગેમમાં મને કંઈક (બોલવાની) તક આપવા બદલ!'

વિરાટનો ઈશારો એ તરફ હતો કે બેટિંગમાં તો તે શૂન્ય પર આઉટ થયો હોવાથી કંઈ કરી શક્યો નહોતો, એટલે હવે બોલીને પોતાનું યોગદાન આપી રહ્યો છે. આ સાંભળીને આખો ડ્રેસિંગ રૂમ હાસ્યથી ગૂંજી ઉઠ્યો હતો.

વિરાટ કોહલીના ફોર્મમાં ઘટાડો થયો હોવા છતાં RCB સતત મેચ જીતી રહી છે. અગાઉના વર્ષોમાં ટીમ માત્ર વિરાટ પર નિર્ભર રહેતી હતી, પરંતુ આ સીઝનમાં અન્ય ખેલાડીઓ પણ જવાબદારી નિભાવી રહ્યા છે. રાયપુરમાં મુંબઈ સામેની જીત બાદ હવે બેંગલુરુ ટોપ-2 માં સ્થાન મેળવવા માટે પ્રબળ દાવેદાર બની ગયું છે.


# 50 ઓવર, 822 રન, 108 રન એક્સ્ટ્રા, ડોમેસ્ટિક ક્રિકેટની મેચે તમામ રેકોર્ડ હચમચાવ્યાં

**નવી દિલ્હી, તા.13**

ઝિમ્બાબ્વેના ડોમેસ્ટિક ક્રિકેટમાં એક એવી મેચ રમાઈ, જેણે ક્રિકેટ ઈતિહાસના તમામ રેકોર્ડ હચમચાવી દીધા. સ્કોર્પિયન ક્રિકેટ ક્લબે 50 ઓવરમાં 822 રન ફટકારી દીધા, જ્યારે મેથેન લાયન્સની ટીમ માત્ર 28 રન જ બનાવી શકી. પરિણામ રહ્યું 794 રનની હેરાન કરી દે તેવી જીત. આ મેચમાં ટ્રિપલ સેન્ચુરી, ડબલ સેન્ચુરી અને 100થી વધુ એક્સ્ટ્રા રન પણ જોવા મળ્યા.

જો આ સત્તાવાર લિસ્ટ-એ મેચ હોત, તો ક્રિકેટ ઈતિહાસનો સૌથી મોટો રેકોર્ડ બની જાત. જો કે મેથેન લાયન્સના બોલરો માટે રાહતની વાત એ રહી કે આ મુકાબલાને સત્તાવાર લિસ્ટ-એ દરજ્જો પ્રાપ્ત ન હતો. ટોસ જીતીને સ્કોર્પિયનના કેપ્ટન પ્રેઝ મકાઝાએ બેટિંગ પસંદ કરી અને ત્યારબાદ મેદાન પર રન નહીં, તોફાન વરસ્યું. ઓપનર વિલ્ફ્રેડ માટેન્ડે અને તાકુંડા માડેમ્બોએ શરૂઆતથી જ બોલરોને નિશાના પર લીધા. ચોગ્ગા-છગ્ગાનો એવો વરસાદ થયો કે 21.3 ઓવરે ટીમની પહેલી વિકેટ પડી, ત્યાં સુધીમાં માટેન્ડે બેવડી સદી પૂરી કરી લીધી હતી.

તેણે માત્ર 75 બોલમાં 203 રન ફટકારી દીધા, જેમાં 23 ચોગ્ગા અને 13 છગ્ગા સામેલ હતા. પરંતુ રાહતનો શ્વાસ લેવાની તક લાયન્સના બોલરોને ત્યારે પણ ન મળી. એકે ડબલ સેન્ચુરી ફટકારી... બીજાએ ઠોકી દીધી ટ્રિપલ સેન્ચુરી. બીજા છેડે તાકુંડા માડેમ્બો સતત તબાહી



મચાવતો રહ્યો. જ્યાં સામાન્ય વનડે મેચોમાં 300 રન ટીમનો સુરક્ષિત સ્કોર માનવામાં આવે છે, ત્યાં માડેમ્બો એકલા એ જ 300 ફટકારી દીધા. રિટાયર્ડ આઉટ થતા પહેલા તેને 143 બોલમાં 302 રન બનાવ્યા. તેની ઈનિંગમાં 50 ચોગ્ગા અને 7 છગ્ગા સામેલ હતા. એટલે કે લગભગ દરેક બીજો બોલ બાઉન્ડ્રી તરફ જઈ રહ્યો હતો. આ પછી વિન્સેન્ટ મોયોએ 39 બોલમાં 78 રન ઉડાવ્યા, જ્યારે ગેબ્રિયલ જાયાએ માત્ર 49 બોલમાં અણનમ 110 રન ઠોકી દીધા. કેપ્ટન મકાઝા 5 બોલમાં માત્ર 2 રન બનાવી શક્યો.

સ્કોર્પિયનના બેટ્સમેનોએ જેટલો કહેર મચાવ્યો, મેથેન લાયન્સના બોલરોએ પણ એટલી જ મદદ કરી દીધી. ટીમે કુલ 108 એક્સ્ટ્રા રન આપી દીધા, જેમાં 79 વાઈડ અને 23 નો-બોલ સામેલ હતા. હાલત એવી રહી કે દરેક બોલરે 100થી વધુ રન લુટાવ્યા. સૌથી ઓછા રન આપનારો બોલર સિડની શુમ્બા રહ્યો, જેમનો ઈકોનોમી રેટ પણ ઓવર દીઠ 13.3 રન રહ્યો.

પહેલી ઈનિંગ જોઈને લાગતું હતું કે પિચ બેટ્સમેનો માટે કોઈ વીડિયો ગેમ જેવી છે. પરંતુ બીજી ઈનિંગ શરૂ થતાની સાથે જ વાર્તા પલટાઈ ગઈ. મેથેન લાયન્સની ટીમ માત્ર 28/7 (7.5 ઓવરમાં) સુધી પહોંચી શકી અને મેચ ત્યાં જ રોકી દેવામાં આવી. મેથેન લાયન્સ 794 રનથી હારી ગઈ. ક્રિકેટ ઈતિહાસમાં આટલા મોટા અંતરથી હાર ભાગ્યે જ જોવા મળી હશે.

હાલમાં સત્તાવાર લિસ્ટ-એ ક્રિકેટમાં સૌથી મોટો ટીમ સ્કોર બિહારના નામે છે, જેણે વિજય હજારે ટ્રોફીમાં અરુણાચલ પ્રદેશ સામે 574 રન બનાવ્યા હતા. તે જ મેચમાં વૈભવ સૂર્યવંશીએ 84 બોલમાં 190 રનની વિસ્ફોટક ઈનિંગ રમી હતી. પરંતુ ઝિમ્બાબ્વેની આ મેચે બતાવી દીધું કે ક્રિકેટમાં 'અશક્ય' જેવો શબ્દ કદાચ હવે રહ્યો જ નથી.

# આલિયાએ કાન 2026થી પહેલો લૂક શેર કરતાં જ છવાઈ ગઈ

## રેડ કાર્પેટ પર પહોંચતા પહેલાં આલિયાનો ડિઝની પ્રિન્સેસ લૂક

**મુંબઈ, તા.13**

કાન ફિલ્મ ફેસ્ટિવલ 2026માંથી પોતાનો પહેલો લૂક રજૂ કરીને ફરી એકવાર આલિયાએ સૌનું ધ્યાન ખેંચ્યું છે. આલિયા હજી સુધી ફેસ્ટિવલના રેડ કાર્પેટ પર પહોંચી નથી, છતાં ફ્રેન્ચ રિવેરાની ગલીઓમાં તેનાં સ્ટાઈલિશ અંદાજે ફેશનપ્રેમીઓને દીવાના બનાવી દીધાં છે. ગ્લોબલ આઈકન આલિયા ભટ્ટ સત્તાવાર રીતે 79મા કાન ફિલ્મ ફેસ્ટિવલ માટે પહોંચી ગઈ છે. લોકપ્રિય મેકઅપ બ્રાન્ડની ગ્લોબલ એમ્બેસેડર તરીકે પરત ફરેલી આલિયા રેડ કાર્પેટ પર જતાં પહેલાં જ પોતાના ગ્લેમરસ અંદાજથી ચર્ચામાં આવી ગઈ છે.



આલિયાએ કાન ફિલ્મ ફેસ્ટિવલ 2026 માટે પોતાનાં પ્રથમ લૂકમાં સમરથી પ્રેરિત ગ્લેમરસ લૂક પસંદ કર્યો હતો. આલિયાએ ગ્રીન અને બ્લુ પેસ્ટલ વોટરકલર બોલ ગાઉનમાં ખૂબ જ ફ્રેશ અને એલિગન્ટ અંદાજ રજૂ કર્યો હતો. આ ખાસ તૈયાર કરાયેલા ડ્રેસમાં પેસ્ટલ ગ્રીન, સોફ્ટ લેવેન્ડર, સ્કાય બ્લુ અને હળવા પીળા રંગોનાં હેન્ડ પેઈન્ટિંગની સુંદર ઝલક જોવા મળી હતી.

રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા આલિયાનો આ લૂક જાણે કોઈ ફ્રેન્ચ પેઈન્ટિંગમાંથી બહાર આવ્યો હોય એવો લાગતો હતો. હળવી ડિઝાઈન અને બોડિસ સુધી ચઢતી પાંદડાની આર્ટિસ્ટિક પેટર્ન્સે ડ્રેસને વધુ આકર્ષક બનાવ્યો હતો. આલિયાનાં ડ્રેસમાં ડેલિકેટ સ્વીટહાર્ટ નેકલાઈન અને નૂડલ સ્ટ્રેપ્સ હતાં, જેના કારણે તેનો લૂક વધુ ગ્રેસફુલ લાગતો હતો.

પેસ્ટલ લુક પર સૌનું ધ્યાન કેન્દ્રિત રહે તે માટે આલિયાએ મિનિમલ પરંતુ ઈમ્પેક્ટફુલ એક્સેસરીઝ પસંદ કરી. તેણે હાર્ટ-શેપનાં યેલો ડાયમંડ સ્ટડ્સ અને તેની સાથે મેળ ખાતી ફિંગર રિંગ પહેરી હતી.

આલિયાએ પોતાના ડ્રીમી લૂકને સફેદ હીલ્સ, સ્લીક હાઈ બન અને સોફ્ટ રોમેન્ટિક વેવ્સ સાથે પૂર્ણ કર્યો હતો. જો આલિયાના મેકઅપની વાત કરવામાં આવે તો, આલિયાએ તેનો મનપસંદ બ્યૂઈ બેઝ, શાઈની આંખો અને પોતાના સિગ્નેચર પિંક લિપ્સ પસંદ કર્યા હતા.

આ પહેલાં આલિયા સેમી-ફોર્મલ કેરોલિના હેરેરા આઉટફિટમાં પણ જોવા મળી હતી. તેણે સ્ટ્રક્ચર્ડ બ્લેઝર, સિન્ચ્ડ-વેસ્ટ ડિટેલિંગ અને થોડા પફ્ડ શોલ્ડર્સવાળા ઑલ-બ્લેક સેટ સાથે મેચિંગ કેપ્રી પેન્ટ્સ પહેર્યું હતું.

સોફ્ટ સેન્ટર-પાર્ટેડ વેવ્સ અને ગ્લોઈંગ નો-મેકઅપ મેકઅપ લુક સાથે તેણે પોતાનો અંદાજ એકદમ એફર્ટલેસ રાખ્યો હતો. આ કાન ફેસ્ટિવલમાં આલિયાનું બીજું વર્ષ છે અને તેના રેડ કાર્પેટ લુકને લઈને ચાહકોમાં ભારે ઉત્સાહ છે. ગયા વર્ષે તેણે ડેબ્યુ કર્યું હતું અને કસ્ટમ ગુચી સાડી-ઈન્સ્પાયર્ડ લૂક બાદ હવે દરેકને રાહ છે કે આ વર્ષે આલિયા શું નવું રજૂ કરશે.

# મૌની રોય અને પતિ સુરજ નામ્બિયારના લગ્નજીવનમાં તણાવની ચર્ચા

## મૌની અને સુરજે સોશિયલ મીડિયા પર એકબીજાને અનફોલો કર્યા

**મુંબઈ, તા.13**

મૌની રોય અને પતિ સુરજ નામ્બિયાર લગ્નનાં ચાર વર્ષ પછી અલગ થયા હોવાની ચર્ચાઓ સોશિયલ મીડિયા પર તેજ થઈ ગઈ છે. ચાહકોએ નોંધ્યું કે બંનેએ ઈન્સ્ટાગ્રામ પર એકબીજાને અનફોલો કરી છે, જેનાં પછી તેમનાં અલગ થવાની ચર્ચાઓ શરૂ થઈ ગઈ.

ચાર વર્ષ પહેલા જાન્યુઆરી 2022માં લગ્ન કરનાર આ કપલ સોશિયલ મીડિયા પર ઘણીવાર સાથેની તસવીરો અને પ્રેમભરી પોસ્ટ્સ શેર કરતું હતું. જોકે, તાજેતરની ઈન્સ્ટાગ્રામ એક્ટિવિટીએ ચાહકોમાં ચિંતા વધારી દીધી છે. ખાસ વાત એ છે કે બંનેએ હજુ સુધી પોતાના લગ્નની તસવીરો અને સાથેની ઘણી પોસ્ટ્સ ડિલીટ કરી નથી.



ચાહકોએ તરત જ સુરજ નામ્બિયારનાં કોમેન્ટ સેક્શનમાં સવાલો પૂછવાનું શરૂ કરી દીધું. એક યુઝરે લખ્યું, "લગ્નની તસવીરો કેમ ડિલીટ કરી? શું ડિવોર્સ થવાના છે?" જ્યારે બીજા યુઝરે લખ્યું, "બંને એટલા પ્રેમમાં લાગતાં હતાં, હવે શું થયું?" અત્યાર સુધી મૌની રોય અને સુરજ નામ્બિયારે આ અફવાઓ પર કોઈ પ્રતિક્રિયા આપી નથી. મૌનીની દોસ્ત દિશા પટ્ટણીએ પણ સુરજને અનફોલો કર્યો હોવાની ચર્ચા છે.

સુરજ નામ્બિયાર દુબઈમાં સ્થિત બિઝનેસમેન અને ઈન્વેસ્ટમેન્ટ બેન્કર છે અને તે બેંગલુરુના જૈન પરિવારમાંથી આવે છે. જ્યારે મૌની રોય અભિનેત્રી અને ઉદ્યોગસાહસિક તરીકે ઓળખાય છે. બંનેએ ગોવામાં જાન્યુઆરી 2022માં લગ્ન કર્યાં હતાં. હિલ્ટન ગોવા રિસોર્ટ, કેન્ડોલિમ ખાતે યોજાયેલા લગ્નમાં મલયાલી અને બંગાળી બંને પરંપરાઓથી લગ્ન કરવામાં આવ્યાં હતાં.

લગ્ન સમયે મૌની રોયે તસવીરો શેર કરીને લખ્યું હતું, "આખરે મને મારો સાથી મળી ગયો પરિવાર અને મિત્રોના આશીર્વાદ સાથે અમે લગ્ન કર્યાં. તમારો પ્રેમ અને આશીર્વાદ જોઈએ છે. પ્રેમ - સુરજ અને મૌની." જ્યારે સુરજ નામ્બિયારે લખ્યું હતું, "27.01.2022 - મારી બેસ્ટ ફ્રેન્ડ અને મારા જીવનનાં પ્રેમ સાથે લગ્ન કર્યા. હું દુનિયાનો સૌથી ભાગ્યશાળી માણસ હોય એવું અનુભવું છું."

# બાબિલ ખાન મલયાલમ સિનેમામાં ડેબ્યુ કરશે

**મુંબઈ, તા.13**

બાબિલ ખાન હવે પોતાની અભિનય સફરમાં એક નવા અને રસપ્રદ અધ્યાયની શરૂઆત કરવા જઈ રહ્યો છે. તે હવે મલયાલમ દિગ્દર્શક બાબુ જનાર્દનની આગામી ફિલ્મ 'ગાંધી બજાર સન્ડે માર્કેટ' દ્વારા મલયાલમ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ડેબ્યુ કરશે. આ પ્રોજેક્ટ દ્વારા બાબિલ મલયાલમ સિનેમાની સમૃદ્ધ અને ભાવનાત્મક સ્ટોરીટેલિંગ દુનિયામાં પગલું મુકાશે. આ એવી ઈન્ડસ્ટ્રી છે, જે તેની ઊંડાણભરી અને પ્રામાણિક કહાણીઓ માટે જાણીતી છે.



અલગ પ્રકારની ફિલ્મોની પસંદગી અને ભાવનાત્મક અભિનય દ્વારા બાબિલ ખાને ધીમે ધીમે પોતાની અલગ ઓળખ બનાવી છે. હવે મલયાલમ સિનેમામાં તેનો પ્રવેશ દર્શાવે છે કે તે સર્જનાત્મક મર્યાદાઓને આગળ ધપાવવા અને વિવિધ ભાષાઓની શક્તિશાળી વાર્તાઓનો ભાગ બનવા માટે પ્રતિબદ્ધ છે.

ફિલ્મમાં બાબિલ સાથે અપર્ણા બાલમુરલી, દીપક પરંબોલ, નિખિલ નાયર, જોની એન્ટોની, જગદીશ, સુધીર કરમણા, ઉન્ની રાજા, આત્મિયા અને જયશંકર જેવા પ્રતિભાશાળી કલાકારો પણ જોવા મળશે.

સુત્રોના જણાવ્યા અનુસાર, "બાબિલ હંમેશાં એવી વાર્તાઓ તરફ આકર્ષાય છે, જે તેને એક અભિનેતા તરીકે પડકાર આપે અને શીખવાની તક આપે. આટલા મોટા કેનવાસ અને સર્જનાત્મક ઊંડાણ ધરાવતા પ્રોજેક્ટ સાથે મલયાલમ સિનેમામાં પ્રવેશ કરવો તેના માટે ખૂબ જ ઉત્સાહજનક ક્ષણ છે. તેનો આ નિર્ણય બતાવે છે કે તે ભાષાની સીમાઓથી પર જઈને મજબૂત નૅરેટિવ્સ અને પ્રેરણાદાયક સ્ટોરીટેલર્સ સાથે કામ કરવા માંગે છે."

# ભૂમિ પેડનેકર 'ધ રોયલ્સ' સિઝન 2માંથી બહાર

**મુંબઈ, તા.13**

'ધ રોયલ્સ'ની પહેલી સિઝન રિલીઝ થતાં જ ચર્ચામાં આવી ગઈ હતી, પરંતુ હવે તેની બીજી સિઝન પહેલાં શોમાં મોટો ક્રિએટિવ બદલાવ કરવામાં આવી રહ્યો છે. તાજેતરના અહેવાલો મુજબ, મુખ્ય ભૂમિ પેડનેકરે નેટફ્લિક્સના આ શોથી બહાર નીકળવાનો નિર્ણય લીધો છે, કારણ કે નિર્માતાઓ હવે વાર્તાને રોમાન્સની સ્ટોરીથી દૂર લઈ જઈ રાજપરિવારની જટિલતાઓ અને આંતરિક વિખવાદો પર વધુ ભાર મૂકવા માગે છે.

ઝીનત અમાનના ઓટીટી ડેબ્યુ માટે પણ જાણીતી આ સિરીઝની પહેલી સિઝન એક અધુરી પ્રેમકથાના મુકામે અટકી ગઈ હતી. જોકે સુત્રો દ્વારા મળતી માહિતી



અનુસાર, હવે બીજી સિઝનમાં રાજપરિવારની દુનિયા, સત્તા, સંબંધો અને પરિવારની અંદરની ગૂંચવણોને વધુ ઊંડાણથી રજૂ કરવામાં આવશે – કારણ કે દર્શકો તરફથી આ પાસાંને જ વધુ સારો પ્રતિસાદ મળ્યો હતો.

પ્રોડક્શન સાથે જોડાયેલા એક સુત્રે જણાવ્યું, "જ્યારે તમે રોમેન્ટિક સ્ટોરી બનાવો છો ત્યારે કહાની પોતે રસ્તો બતાવે છે. શો બહાર આવ્યા પછી દર્શકોને સૌથી વધુ ઈશાન ખટ્ટર, સાક્ષી તંવર, ઝીનત અમાન અને 'ધ રોયલ્સ'ની અનોખી દુનિયા ગમી હતી. પહેલી સિઝન અમે એક અધુરી પ્રેમકથા પર પૂરી કરી હતી, પરંતુ તેને આગળ વધારવા અંગે કોઈ નિશ્ચિતતા નહોતી. ભૂમિ સાથે કોઈ વિવાદ થયો નથી. મેકર્સ માત્ર કહાનીને સ્વાભાવિક રીતે આગળ લઈ જવા માગે છે."

'ધ રોયલ્સ'ની પહેલી સિઝનમાં ચંકી પાંડે, વિહાન સમત, કાવ્યા ત્રેહાન સહિતના કલાકારો મહત્વપૂર્ણ ભૂમિકામાં જોવા મળ્યાં હતાં. શોના ભવ્ય રાજસી સેટઅપ, આંતરિક સંબંધોની ટકરાવભરી દુનિયા અને ગ્લેમરસ સ્ટોરીટેલિંગ તેની સૌથી મોટી ખાસિયતોમાં સામેલ હતા. અહેવાલો મુજબ, ભૂમિ હાલમાં 'હક'ના નિર્માતાઓ સાથે એક કોર્ટરૂમ ડ્રામા માટે ચર્ચા કરી રહી છે. ઉપરાંત, તે ઈમરાન ખાન સાથે નેટફ્લિક્સ માટે બની રહેલા તેનાં કમબેક પ્રોજેક્ટમાં પણ જોવા મળી શકે છે.

સુત્રે વધુમાં ઉમેર્યું, "આ પ્રોજેક્ટ અંગે હાલમાં કોઈ માહિતી જાહેર કરવામાં આવી નથી. ભુમિ ટૂંક સમયમાં 'દલદલ 2' પર પણ કામ શરૂ કરે તેવી શક્યતા છે, જે તેની તાજેતરની ગંભીર અને ઈન્ટેન્સ ભૂમિકાઓની પસંદ સાથે મેળ ખાતો પ્રોજેક્ટ છે."

# સોનું 9 હજાર અને ચાંદી 22 હજાર મોંઘી થઈ: સરકારે ઈમ્પોર્ટ ડ્યુટી 6% થી વધારીને 15% કરી

**નવી દિલ્હી, તા.13**

કેન્દ્ર સરકારે સોના અને ચાંદીની આયાત પર લાગતી ડ્યુટી 6% થી વધારીને 15% કરી દીધી છે. બુધવારે જારી કરાયેલા આ આદેશ બાદ આજે એટલે કે 13 મેના રોજ સોના-ચાંદી બજારમાં સોનું 9 હજાર અને ચાંદી 22 હજાર રૂપિયા મોંઘી થઈ ગઈ છે.

10 ગ્રામ સોનાનો ભાવ 1.60 લાખ રૂપિયા અને 1 કિલો ચાંદીનો ભાવ 2.87 લાખ રૂપિયા પર પહોંચી ગયો છે. સરકારનો હેતુ વિદેશી ખરીદી ઘટાડવાનો અને દેશના વિદેશી મુદ્રા ભંડાર પર પડી રહેલા દબાણને ઓછું કરવાનો છે. અમેરિકા-ઈરાન યુદ્ધ વચ્ચે સરકારે આ નિર્ણય લીધો છે.

સરકારે સોના પર 10% બેઝિક કસ્ટમ ડ્યુટી અને 5% એગ્રીકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ ડેવલપમેન્ટ સેસ (AIDC) લગાવ્યો છે. આ રીતે કુલ અસરકારક ટેક્સ 15% થઈ ગયો છે. આ પહેલા 2024ના બજેટમાં નાણામંત્રી સીતારમણે ઈમ્પોર્ટ ડ્યુટી 15% થી ઘટાડીને 6% કરી હતી.

સોના પરની કુલ આયાત ડ્યુટી 6 ટકાથી વધારીને 15 ટકા કરવામાં આવી. સોના પરની બેઝિક કસ્ટમ ડ્યુટી 5% થી વધારીને 10% કરવામાં આવી. સોના પર એગ્રીકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ ડેવલપમેન્ટ સેસ (AIDC) 1% થી વધારીને 5% કરવામાં આવ્યો. આ ઉપરાંત, UAE થી નિર્ધારિત માત્રામાં ક્વોટા હેઠળ આવતા સોના પર પણ આયાત ડ્યુટી વધારવામાં આવી. UAE થી નિર્ધારિત માત્રામાં ક્વોટા હેઠળ રાહત દરે આયાત ડ્યુટી લાગતી હતી.

ઘરેણાં મોંઘા થશે: ઈમ્પોર્ટ ડ્યુટી વધવાથી સોના-ચાંદીના વેપારીઓ અને જ્વેલર્સ માટે સોનું મંગાવવું મોંઘું થઈ જશે. તેની સીધી અસર ગ્રાહકો પર પડશે અને સોના-ચાંદીના ભાવમાં વધારો જોવા મળી શકે છે.

ઉદ્યોગ પર અસર: જે કંપનીઓ કિંમતી ધાતુઓનો ઉપયોગ ઔદ્યોગિક કામ અથવા રિસાયક્લિંગ માટે કરે છે, તેમનો ખર્ચ પણ હવે વધી જશે.

ઈમ્પોર્ટ ડ્યૂટી ભારતમાં સોનાની અંતિમ છૂટક કિંમત નક્કી કરતું એક મોટું પરિબળ છે. જ્યારે ડ્યુટી વધે છે, ત્યારે ગ્રાહકો માટે સોનું મોંઘું થઈ જાય છે. જ્યારે ડ્યુટી ઘટે છે, ત્યારે કિંમતોમાં થોડો ઘટાડો થાય છે. ભલે આંતરરાષ્ટ્રીય બજારમાં સોનાની કિંમત સ્થિર રહે, પરંતુ આયાત શુલ્કમાં ફેરફારની અસર તરત જ સ્થાનિક બજારમાં પ્રતિ



ગ્રામ કિંમત અને જ્વેલરીના ભાવ પર દેખાય છે.

ઈમ્પોર્ટ ડ્યૂટી વધવાથી તમારા ખિસ્સા પર કઈ રીતે અસર પડશે એ જાણીએ, તો એક લાખ રૂપિયાના સોના પર પહેલા છ ટકાની અસરકારક કસ્ટમ ડ્યુટીથી 6000 રૂપિયા શુલ્ક લાગતો હતો જે હવે વધીને 15000 રૂપિયા થઈ ગયો છે. એટલે કે 9 હજારનો વધારો. આ શુલ્કનો બોજ જ્વેલર્સ ગ્રાહકો પર જ નાખશે.

જો 24 કેરેટ દસ ગ્રામ સોનાનો ભાવ 6 ટકા કસ્ટમ ડ્યુટી સાથે 1,50,000 રૂપિયા હતો તો તેમાં 9 હજાર રૂપિયાનો શુલ્ક શામેલ હતો. એટલે કે સોનાની કિંમત શુલ્ક વિના 1,41,000 હતી. હવે, ઈમ્પોર્ટ ડ્યુટી 15 ટકા થયા પછી સોનાની અંદાજિત કિંમત 1,62,150 રૂપિયા થઈ જશે. એટલે કે સોનું 12,150 રૂપિયા પ્રતિ દસ ગ્રામ મોંઘું થઈ જશે.

ઉદ્યોગ સાથે સંકળાયેલા લોકોનું કહેવું છે કે ટેક્સ વધવાથી દાણચોરી વધી શકે છે. આ પહેલા જ્યારે ડ્યુટી ઘટાડવામાં આવી હતી, ત્યારે દાણચોરીમાં ઘટાડો થયો હતો.

ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનના નેશનલ સેક્રેટરી સુરેન્દ્ર મહેતાએ જણાવ્યું હતું કે સરકારે કરન્ટ એકાઉન્ટ ડેફિસિટ (ચાલુ ખાતાની ખોટ)ને નિયંત્રણમાં રાખવા માટે આ પગલું ભર્યું છે. પહેલેથી જ ઊંચી કિંમતો વચ્ચે આ નિર્ણય માગને અસર કરી શકે છે.

નવો ટેક્સ: તાજેતરમાં સોના અને ચાંદીની આયાત પર 3% IGST લાદવામાં આવ્યો હતો. ત્યારબાદ આજે સોના અને ચાંદીની આયાત પર લાગતી ડ્યુટી 6% થી વધારીને 15% કરવામાં આવી.

બેંકોની સ્થિતિ: IGST લાગુ થયા પછી બેંકો આ ટેક્સ કેવી રીતે ભરવો તે અંગે મૂંઝવણમાં હતી, તેથી તેમણે લગભગ એક મહિના સુધી સોનું મંગાવવાનું બંધ કરી દીધું હતું.

પરિણામ: એપ્રિલમાં થતી આયાત માત્ર 15 ટન રહેવાનો અંદાજ છે, જે કોવિડ કાળ સિવાય છેલ્લા ત્રણ દાયકામાં કોઈપણ મહિના માટે સૌથી ઓછી છે.

ભારતમાં લોકો સોનું ખૂબ ખરીદે છે. આપણો દેશ દુનિયાનો બીજો સૌથી મોટો ઉપભોક્તા છે. સોનાની માગ પૂરી કરવા માટે આપણે તેને વિદેશથી મંગાવવું પડે છે. આ માટે ડોલર ખર્ચ થાય છે. જ્યારે દેશમાંથી વધુ પૈસા બહાર જવા લાગે છે, ત્યારે દેશની અર્થવ્યવસ્થા પર દબાણ વધે છે. આ જ 'આયાત' ઘટાડવા માટે સરકારે ટેક્સના નિયમો કડક કર્યા છે. કિંમતોમાં વધારો: જ્યારે સરકાર ટેક્સ કે ડ્યુટી વધારે છે, ત્યારે સોનાની 'લેન્ડિંગ કોસ્ટ' એટલે કે ભારતમાં પહોંચવાની કિંમત વધી જાય છે. એટલે કે સોનું પહેલા કરતા મોંઘું મળશે.

સપ્લાયમાં ઘટાડો: ટેક્સના ઝંઝટ અને ઊંચી કિંમતોને કારણે જથ્થાબંધ વેપારીઓ ઓછું સોનું મંગાવશે. બજારમાં સોનાની ઉપલબ્ધતા ઓછી થવાથી પણ કિંમતો વધી શકે છે. આ નિર્ણયથી દેશની વેપાર ખાધ ઓછી થઈ શકે છે અને રૂપિયાને થોડો ટેકો મળી શકે છે.

# સરકારે 14 ખરીફ પાકોનો લઘુત્તમ ટેકાનો ભાવ વધાર્યો: તુવેરનો MSP ₹450 વધારીને ₹8450 કર્યો, ડાંગરમાં ₹72નો વધારો કર્યો

**નવી દિલ્હી, તા.13**

કેન્દ્ર સરકારે 14 ખરીફ પાકોની લઘુત્તમ ટેકાના ભાવ (MSP) વધાર્યા છે. કેન્દ્રીય કેબિનેટે આજે એટલે કે 13 મેના રોજ આ નિર્ણય લીધો. કેબિનેટ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે ડાંગરની નવી MSP 2441 રૂપિયા નક્કી કરવામાં આવી છે, જે અગાઉની MSP કરતાં 72 રૂપિયા વધુ છે. જ્યારે તુવેરના ભાવની MSP 450 રૂપિયા વધારી છે.



લઘુત્તમ ટેકાના ભાવ એ ગેરંટીવાળા ભાવ છે જે ખેડૂતોને તેમના પાક પર મળે છે. ભલે બજારમાં તે પાકની કિંમતો ઓછી હોય. તેની પાછળનો તર્ક એ છે કે બજારમાં પાકની કિંમતોમાં થતી વધઘટની અસર ખેડૂતો પર ન પડે. તેમને લઘુત્તમ ભાવ મળતા રહે.

સરકાર દરેક પાક સીઝન પહેલાં CACP એટલે કે કમિશન ફોર એગ્રીકલ્ચર કોસ્ટ એન્ડ પ્રાઈસિસની ભલામણ પર MSP નક્કી કરે છે. જો કોઈ પાકનું બમ્પર ઉત્પાદન થયું હોય તો તેની બજારમાં કિંમતો ઘટે છે, ત્યારે MSP તેમના માટે નિશ્ચિત ભાવનું કામ કરે છે. આ એક રીતે કિંમતો ઘટવા પર ખેડૂતોને બચાવતી વીમા પૉલિસીની જેમ કામ કરે છે.

કોલસામાંથી ગેસ બનાવવાની પરિયોજનાઓને મંજૂરી: સરકારે સરફેસ કોલસો અને લિગ્નાઈટ ગેસિફિકેશન (કોલસામાંથી ગેસ બનાવવું) ના પ્રોજેક્ટ્સને પ્રોત્સાહન આપવા માટે 37,500 કરોડ રૂપિયાની યોજનાને મંજૂરી આપી દીધી છે. આ યોજના ભારતના કોલસા અને લિગ્નાઈટ ગેસિફિકેશન કાર્યક્રમને ગતિ આપવા માટે શરૂ કરવામાં આવી છે.

સરકારે વર્ષ 2030 સુધીમાં 100 મિલિયન ટન કોલસાને ગેસમાં રૂપાંતરિત કરવાનો લક્ષ્ય રાખ્યો છે. આનાથી દેશની ઊર્જા સુરક્ષા મજબૂત થશે અને વિદેશોમાંથી આવતી વસ્તુઓ પર આપણી નિર્ભરતા ઘટશે.

નાગપુર એરપોર્ટની જમીનની લીઝ વધારાઈ: નાગપુર એરપોર્ટ માટે સરકારે એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (AAI) ની તે જમીનની લીઝ વધારવાને મંજૂરી આપી દીધી છે, જે મિહાન ઈન્ડિયા લિમિટેડ (MIL) ને આપવામાં આવી હતી. હવે આ લીઝ 6 ઓગસ્ટ 2039 પછી પણ ચાલુ રહેશે.

અમદાવાદ-ધોલેરા વચ્ચે દોડશે દેશની પ્રથમ સ્વદેશી સેમી હાઈ-સ્પીડ ટ્રેન: સરકારે રેલ મંત્રાલયના અમદાવાદ (સરખેજ)-ધોલેરા સેમી હાઈ-સ્પીડ ડબલ લાઈન પ્રોજેક્ટને મંજૂરી આપી દીધી છે. આ સમગ્ર પ્રોજેક્ટ પર લગભગ 20,667 કરોડ રૂપિયાનો ખર્ચ આવશે. આ ભારતીય રેલવેનો પ્રથમ એવો સેમી હાઈ-સ્પીડ પ્રોજેક્ટ હશે, જેને સંપૂર્ણપણે ભારતમાં બનેલી (સ્વદેશી) ટેકનોલોજીથી તૈયાર કરવામાં આવશે. લઘુત્તમ ટેકાના ભાવ એ ગેરંટીવાળા ભાવ છે જે ખેડૂતોને તેમના પાક પર મળે છે. ભલે બજારમાં તે પાકની કિંમતો ઓછી હોય. તેની પાછળનો તર્ક એ છે કે બજારમાં પાકની કિંમતોમાં થતી વધઘટની અસર ખેડૂતો પર ન પડે. તેમને લઘુત્તમ ભાવ મળતા રહે. સરકાર દરેક પાક સીઝન પહેલાં CACP એટલે કે કમિશન ફોર એગ્રીકલ્ચર કોસ્ટ એન્ડ પ્રાઈસિસની ભલામણ પર MSP નક્કી કરે છે. જો કોઈ પાકનું બમ્પર ઉત્પાદન થયું હોય તો તેની બજારમાં કિંમતો ઘટે છે, ત્યારે MSP તેમના માટે નિશ્ચિત ભાવનું કામ કરે છે. આ એક રીતે કિંમતો ઘટવા પર ખેડૂતોને બચાવતી વીમા પૉલિસીની જેમ કામ કરે છે.

કોલસામાંથી ગેસ બનાવવાની પરિયોજનાઓને મંજૂરી: સરકારે સરફેસ કોલસો અને લિગ્નાઈટ ગેસિફિકેશન (કોલસામાંથી ગેસ બનાવવું) ના પ્રોજેક્ટ્સને પ્રોત્સાહન આપવા માટે 37,500 કરોડ રૂપિયાની યોજનાને મંજૂરી આપી દીધી છે. આ યોજના ભારતના કોલસા અને લિગ્નાઈટ ગેસિફિકેશન કાર્યક્રમને ગતિ આપવા માટે શરૂ કરવામાં આવી છે. સરકારે વર્ષ 2030 સુધીમાં 100 મિલિયન ટન કોલસાને ગેસમાં રૂપાંતરિત કરવાનો લક્ષ્ય રાખ્યો છે. આનાથી દેશની ઊર્જા સુરક્ષા મજબૂત થશે અને વિદેશોમાંથી આવતી વસ્તુઓ પર આપણી નિર્ભરતા ઘટશે.

# કોરોનો રેમિડિઝનો ચોથા ત્રિમાસિક ગાળામાં નફો 44 ટકા વધ્યો: કંપનીએ એક શેર પર 10 રૂપિયા ડિવિડન્ડ જાહેર કર્યું

**નવી દિલ્હી, તા.13**

કોરોના રેમિડિઝ લિમિટેડનો નાણાકીય વર્ષ 2026ના ચોથા ત્રિમાસિકગાળા માટે કોન્સોલિડેટેડ પ્રોફિટ આફ્ટર ટેક્સ (PAT) 44 ટકાના વધીને રૂ. 45.3 કરોડ થયો છે, જે અગાઉના વર્ષે સમાન સમયગાળામાં રૂ. 31.5 કરોડ હતો. આ સમયગાળામાં કામગીરીમાંથી આવક રૂ. 353.1 કરોડ થઇ છે, જે અગાઉના નાણાકીય વર્ષના સમાન સમયગાળામાં રૂ. 293.7 કરોડ હતી. સંપૂર્ણ નાણાકીય વર્ષ 2026 માટે કંપનીનો પ્રોફિટ આફ્ટર ટેક્સ (PAT) 33.4 ટકા વધીને રૂ. 199.4 કરોડ થયો છે, જે અગાઉના નાણાકીય વર્ષમાં રૂ. 149.4 કરોડ હતો. સમીક્ષા હેઠળના સમયગાળામાં વેચાણ 17.28 ટકા વધીને રૂ. 1,403.2 કરોડ થયું છે, જે માર્ચ 2025માં રૂ. 1,196.4 કરોડ હતું.

કોરોના રેમેડીઝ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર અને COE શ્રી નીરવ કે. મહેતાએ જણાવ્યું હતું કે, નાણાકીય વર્ષ 2026 કોરોના રેમેડીઝ માટે એક મજબૂત વર્ષ રહ્યું છે, જેમાં સતત આવક વૃદ્ધિ સાથે



કામગીરીની કાર્યક્ષમતામાં પણ નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે. બ્રાન્ડ બિલ્ડિંગ, બાયોસિમિલર્સ અને ઈન્ફર્ટિલિટી જેવા સ્પેશિયાલિટી સેગમેન્ટ્સ પરનું વ્યૂહાત્મક ધ્યાન અને એક્વિઝિશન દ્વારા પોર્ટફોલિયો વિસ્તરણથી બજારમાં અમારી સ્પર્ધાત્મક સ્થિતિ વધુ મજબૂત બની છે. WOKADINEના સંપાદન અને વૈશ્વિક માન્યતા જેવી વ્યૂહાત્મક પહેલો સાથે, અમે આવનારા વર્ષોમાં ટકાઉ વૃદ્ધિને આગળ વધારવા માટે સારી સ્થિતિમાં છીએ. 2004માં સ્થપાયેલી કોરોના રેમેડીઝ લિમિટેડ (CORONA Remedies Limited) એ ભારત પર કેન્દ્રિત એક અગ્રણી ફાર્માસ્યુટિકલ કંપની છે, જે મહિલા સ્વાસ્થ્ય, કાર્ડિયો-ડાયાબિટીસ, પેઈન મેનેજમેન્ટ અને યુરોલોજી સહિતના મુખ્ય રોગનિવારક ક્ષેત્રોમાં ઉત્પાદનોના વિકાસ, ઉત્પાદન અને માર્કેટિંગ સાથે જોડાયેલી છે. કંપની WHO-GMP/EU GMP-પ્રમાણિત ઉત્પાદન સુવિધાઓ ધરાવે છે અને DSIR-માન્ય R&D (સંશોધન અને વિકાસ) કેન્દ્રો દ્વારા મજબૂત નવીનતા ક્ષમતાઓ જાળવી રાખે છે. કોરોના રેમેડીઝ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર અને COE શ્રી નીરવ કે. મહેતાએ જણાવ્યું હતું કે, નાણાકીય વર્ષ 2026 કોરોના રેમેડીઝ માટે એક મજબૂત વર્ષ રહ્યું છે, જેમાં સતત આવક વૃદ્ધિ સાથે કામગીરીની કાર્યક્ષમતામાં પણ નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે. બ્રાન્ડ બિલ્ડિંગ, બાયોસિમિલર્સ અને ઈન્ફર્ટિલિટી જેવા સ્પેશિયાલિટી સેગમેન્ટ્સ પરનું વ્યૂહાત્મક ધ્યાન અને એક્વિઝિશન દ્વારા પોર્ટફોલિયો વિસ્તરણથી બજારમાં અમારી સ્પર્ધાત્મક સ્થિતિ વધુ મજબૂત બની છે. WOKADINEના સંપાદન અને વૈશ્વિક માન્યતા જેવી વ્યૂહાત્મક પહેલો સાથે, અમે આવનારા વર્ષોમાં ટકાઉ વૃદ્ધિને આગળ વધારવા માટે સારી સ્થિતિમાં છીએ.

# સેન્સેક્સ 49 પોઈન્ટ વધીને 74,608 પર બંધ: નિફ્ટી 33 પોઈન્ટ વધીને 23,412ના સ્તરે પહોંચ્યો, મેટલ શેરોમાં સૌથી વધુ ખરીદી

**મુંબઈ, તા.13**

બુધવાર 13 મેના રોજ, સેન્સેક્સ 49 પોઈન્ટ વધીને 74,608 પર બંધ થયો. નિફ્ટી પણ 33 પોઈન્ટ વધીને 23,412 પર બંધ થયો. આજના ટ્રેડિંગમાં મેટલ શેરોમાં સૌથી વધુ ખરીદી જોવા મળી, જ્યારે IT શેરોમાં સૌથી વધુ વેચવાલી જોવા મળી.

શેરબજારમાં ગઈકાલે 12 મેના રોજ ઘટાડો જોવા મળ્યો હતો. સેન્સેક્સ 1,456 પોઈન્ટ ઘટીને 74,559ના સ્તરે બંધ થયો હતો. નિફ્ટીમાં પણ 436 પોઈન્ટનો ઘટાડો જોવા મળ્યો, તે 23,379 ના સ્તરે બંધ થયો. સતત ચોથા કારોબારી દિવસે બજારમાં આ ઘટાડો જોવા મળ્યો છે. ચાર દિવસમાં સેન્સેક્સ લગભગ 3,500 પોઈન્ટ અને નિફ્ટી લગભગ 1,000 પોઈન્ટ ઘટ્યો છે.

પેટ્રોલ-ડીઝલનો વપરાશ ઘટાડવા તેમણે વીજ સંચાલિત વાહનોના વપરાશ કરવા, કાર પુલિંગ તથા જાહેર પરિવહન સેવાનો ઉપયોગ કરવા મોદીએ અનુરોધ કર્યો છે.



ખેડૂતોને તેમણે ડીઝલ પમ્પને બદલે સોલાર પમ્પ વાપરવા તથા કેમિકલ ફર્ટિલાઈઝરના વપરાશમાં પચાસ ટકા ઘટાડો કરવા આહવાન કર્યું છે. ખાદ્ય તેલનો વપરાશ ઓછો કરવા તથા સોનાની ખરીદી ઘટાડવા પણ હાલની સ્થિતિમાં વડા પ્રધાનનું સૂચન આવી પડ્યું છે. અમેરિકા દ્વારા ઈરાનના જવાબનો અસ્વીકાર કરાતા આગામી દિવસોમાં સ્થિતિ કંઈપણ વળાંક લઈ શકે છે એટલું જ નહીં ક્રુડ ઓઈલનો પૂરવઠો પણ ખોરવાયેલો રહેવાની શકયતા નકારાતી નથી.

ઉપર જણાવેલી ચાર કોમોડિટીસનું સંયુકત આયાત બિલ છેલ્લા પાંચ નાણાં વર્ષમાં ૧૧૨ અબજ ડોલરથી બમણા કરતા પણ વધુ વધી નાણાં વર્ષ ૨૦૨૬માં ૨૪૦ અબજ ડોલરની ઉપર પહોંચી ગયું હતું.

# ડોલર સામે રૂપિયો ઓલ ટાઈમ લો પર આવ્યો: 1 ડોલરની કિંમત 95.74 રૂપિયા થઈ, જેનાથી મોંઘવારી વધવાનો ખતરો

**નવી દિલ્હી, તા.13**

13 મેના રોજ રૂપિયો ડોલર સામે 25 પૈસા ઘટીને 95.75ના રેકોર્ડ નીચલા સ્તરે પહોંચી ગયો છે. આ પહેલા મંગળવારે પણ રૂપિયો 95.50ના ઓલ ટાઈમ લો પર પહોંચ્યો હતો. છેલ્લા કેટલાક દિવસોથી રૂપિયામાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે.

વર્ષ 2026ની શરૂઆતથી જ રૂપિયો દબાણમાં છે. ગયા વર્ષે ડિસેમ્બર 2025માં પહેલીવાર રૂપિયો 90ના સ્તરને પાર ગયો હતો. તેનાથી મોંઘવારી વધવાનો ખતરો વધી ગયો છે.

રૂપિયામાં ઘટાડાનું મુખ્ય કારણ અમેરિકા-ઈરાન યુદ્ધને કારણે ક્રૂડ ઓઈલ મોંઘું થવું છે. 28 ફેબ્રુઆરીએ યુદ્ધ શરૂ થયા પછી બ્રેન્ટ ક્રૂડની કિંમતો લગભગ 50% સુધી વધી ગઈ છે, જેના કારણે રૂપિયાના મૂલ્યમાં 5% થી વધુનો ઘટાડો થયો છે.

ભૌગોલિક રાજકીય તણાવ: અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ઈરાન સાથેના સંઘર્ષ વિરામ એટલે કે સીઝફાયરને નબળો ગણાવવાથી ખાડી દેશોમાં તણાવ વધી ગયો છે. યુદ્ધ કે સંઘર્ષની આશંકાથી રોકાણકારો ઉભરતા બજારો (જેમ કે ભારત) માંથી પોતાના પૈસા કાઢીને સુરક્ષિત રોકાણ તરફ ભાગી રહ્યા છે.

ક્રૂડ ઓઈલના ભાવમાં ઉછાળો: ઈરાન સંકટને કારણે ગ્લોબલ માર્કેટમાં સપ્લાયમાં અવરોધ આવવાનો ડર છે. આ જ કારણોસર બ્રેન્ટ ક્રૂડ ઓઈલના ભાવ 105 ડોલર પ્રતિ બેરલને પાર કરી ગયા છે. ભારત પોતાની જરૂરિયાતનું લગભગ 80% તેલ આયાત કરે છે, જેનાથી ઓઈલ મોંઘું થવા પર ડોલરની માગ વધી જાય છે અને રૂપિયો નબળો પડે છે.

વધતી વેપાર ખાધ: જ્યારે ક્રૂડ ઓઈલના ભાવ વધે છે, ત્યારે ભારતનું આયાત બિલ એટલે કે ઈમ્પોર્ટ બિલ પણ વધી જાય છે. તેનાથી દેશની 'કરન્ટ એકાઉન્ટ ડેફિસિટ' (CAD) વધવાની શક્યતા રહે છે, જે સીધી રીતે રૂપિયાની કિંમત ઘટાડે છે.




ડોલરની મજબૂતી: વૈશ્વિક અનિશ્ચિતતાના માહોલમાં 'અમેરિકી ડોલર'ને સૌથી સુરક્ષિત સંપત્તિ એટલે કે સેફ હેવન માનવામાં આવે છે. ટ્રમ્પના કડક વલણ પછી દુનિયાભરના બજારોમાં ડોલરની માગ વધી ગઈ છે, જેના કારણે રૂપિયા સહિત અન્ય કરન્સી દબાણમાં છે.

વિદેશી રોકાણકારોની ઉપાડ: વૈશ્વિક જોખમ વધવા પર વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો ભારતીય શેરબજારમાંથી પોતાનું રોકાણ કાઢીને ડોલરમાં પાછું લઈ જાય છે. બજારમાંથી ડોલર બહાર જવાના કારણે રૂપિયાની કિંમત ઘટી જાય છે.

મિડલ ઈસ્ટ સંઘર્ષને દાયકાઓનો સૌથી ગંભીર ઊર્જા સંકટ માનવામાં આવી રહ્યું છે, જેની સીધી અસર ભારત પર પડી રહી છે.

ઓઈલના ભાવ: ક્રૂડ ઓઈલ મોંઘું થવાથી ભારતનું આયાત બિલ વધ્યું છે. જરૂરી સામાન મોંઘો: એલપીજી, પ્લાસ્ટિક અને અન્ય પેટ્રોકેમિકલ ઉત્પાદનોનો પુરવઠો પ્રભાવિત.

મોંઘવારીનો ડર: ડોલર મોંઘો થવાથી પેટ્રોલ-ડીઝલ અને આયાતી સામાન મોંઘા થશે, જેનાથી રિટેલ મોંઘવારી વધી શકે છે.

વિદેશમાં અભ્યાસ-ફરવું મોંઘું: વિદેશ જવા કે અભ્યાસ માટે ડોલર ખરીદવા પર હવે વધુ રૂપિયા ખર્ચ કરવા પડશે.

ઈલેક્ટ્રોનિક્સ મોંઘા: મોબાઈલ, લેપટોપ અને આયાતી પાર્ટ્સ મોંઘા થઈ શકે છે, કારણ કે ચુકવણી ડોલરમાં થાય છે.

રોઈટર્સના સર્વે મુજબ, એપ્રિલમાં ઓપેક (OPEC) દેશોનું ઓઈલ ઉત્પાદન છેલ્લા બે દાયકામાં સૌથી નીચા સ્તરે રહ્યું છે. અરામકોના CEO અમીન નાસરે ચેતવણી આપી છે કે સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાંથી ઓઈલ નિકાસમાં અવરોધને કારણે બજારમાં સ્થિરતા આવવામાં 2027 સુધીનો સમય લાગી શકે છે. તેનાથી દર અઠવાડિયે લગભગ 10 કરોડ બેરલ ઓઈલનું નુકસાન થઈ રહ્યું છે. ઈન્વેસ્ટમેન્ટ બેંક જેપી મોર્ગને તેના રિપોર્ટમાં જણાવ્યું છે કે જો સ્ટ્રેટ ઓફ હોર્મુઝ આવતા મહિને ખુલી પણ જાય, તો પણ આ વર્ષે ઓઈલની કિંમતો 100 ડોલરની આસપાસ જ રહેશે. રિપોર્ટમાં જણાવાયું છે કે રસ્તો ખુલ્યા પછી પણ લૉજિસ્ટિક અને ટેન્કરોની અછતને કારણે સપ્લાય સામાન્ય થવામાં સમય લાગશે.

રૂપિયામાં સતત આવી રહેલા ઘટાડાને જોતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને વિદેશી મુદ્રા ભંડાર બચાવવા અપીલ કરી હતી. તેમણે લોકોને ખર્ચ ઘટાડવા અને દેશહિતમાં આર્થિક અનુશાસન જાળવી રાખવા જણાવ્યું હતું.

આ જ કડીમાં સરકારે મંગળવારે રાત્રે કિંમતી ધાતુઓની આયાત પર ટેરિફ વધારી દીધા હતા જેથી ડોલર બહાર જવાની ગતિને ઓછી કરી શકાય. વેપારીઓનું માનવું છે કે આવનારા સમયમાં રૂપિયામાં વધુ ઘટાડો જોવા મળી શકે છે.

# HPCLનો નફો 77% વધીને ₹6,065 કરોડ:ચોથા ક્વાર્ટરમાં રેવન્યુ 4.4% વધી, કંપની ₹19.25 ડિવિડન્ડ આપશે

**મુંબઈ, તા.13**

હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (HPCL) એ નાણાકીય વર્ષ 2025-26 ના ચોથા ક્વાર્ટરમાં 6,065 કરોડનો કોન્સોલિડેટેડ નેટ પ્રોફિટ નોંધાવ્યો છે. રિફાઈનિંગ માર્જિનમાં સુધારાને કારણે કંપનીના નફામાં ગયા વર્ષની સરખામણીમાં 77%નો વધારો થયો છે.

કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે 10 ની ફેસ વેલ્યુ ધરાવતા શેરો પર શેર દીઠ 19.25 ના ફાઈનલ ડિવિડન્ડની ભલામણ કરી છે. આ ડિવિડન્ડ વર્ષ દરમિયાન આપવામાં આવેલા 5 ના વચગાળાના ડિવિડન્ડથી અલગ હશે. આના પર હજુ સભ્યોની મંજૂરી મળવાની બાકી છે.

HPCLના નફામાં મોટા વધારાનું મુખ્ય કારણ સુધરેલું રિફાઈનિંગ માર્જિન રહ્યું. નાણાકીય વર્ષ 2026ના ચોથા ક્વાર્ટરમાં કંપનીનું ગ્રોસ રિફાઈનિંગ માર્જિન (GRM) વધીને 14.27 ડોલર પ્રતિ બેરલ થયું, જે ગયા વર્ષે આ જ ક્વાર્ટરમાં 8.44 ડોલર પ્રતિ બેરલ હતું. સમગ્ર નાણાકીય વર્ષ 2025-26 માટે સરેરાશ GRM 8.79 ડોલર પ્રતિ બેરલ રહ્યું, જ્યારે ગયા વર્ષે તે 5.74 ડોલર હતું.

ચોથા ક્વાર્ટરમાં ઉત્પાદનોના વેચાણથી થતી રેવન્યુ 4.4% વધીને 1.23 લાખ કરોડ રહી. કંપનીની કુલ આવક પણ 4.4%ના વધારા સાથે 1.24 લાખ કરોડ પર પહોંચી ગઈ.

સમગ્ર નાણાકીય વર્ષ 2025-26 ની વાત કરીએ તો, કોન્સોલિડેટેડ નેટ પ્રોફિટ 168% ઉછળીને 18,046.89 કરોડ રહી.

પેટ્રોલિયમ મંત્રાલયે HPCLને ઘરેલું LPGના વેચાણ પર થયેલા નુકસાન (અંડર-રિકવરી) ની ભરપાઈ કરવા માટે 7,920 કરોડનું વળતર આપવાની વાત કહી છે.

આ રકમ નવેમ્બર 2025 થી 12 સમાન માસિક હપ્તામાં



ચૂકવવામાં આવશે. નાણાકીય વર્ષ 2026 માટે કંપનીએ તેના પાંચ હપ્તા તરીકે 3,300 કરોડની નોંધ લીધી છે.

આ ક્વાર્ટર દરમિયાન રિફાઈનરીઓમાં ક્રૂડ ઓઈલના ચાર નવા ગ્રેડ્સની પ્રોસેસિંગ કરવામાં આવી, જેનાથી આખા વર્ષમાં કુલ ગ્રેડ્સની સંખ્યા 52 થઈ ગઈ.

જોકે, ચોથા ક્વાર્ટરમાં ક્રૂડ થ્રુપુટ ઘટીને 6.43 મિલિયન ટન રહ્યું, જે ગયા વર્ષે આ જ સમયગાળામાં 6.74 મિલિયન ટન હતું.

ઘરેલું વેચાણમાં સુધારો થયો અને તે 12.11 મિલિયન ટનથી વધીને 12.43 મિલિયન ટન થયું.

HPCLએ ચોથા ક્વાર્ટરમાં 4,611 કરોડનો મૂડી ખર્ચ એટલે કે કેપેક્સ કર્યો. આખા નાણાકીય વર્ષ 2026 માટે આ ખર્ચ 15,705 કરોડ રહ્યો.

આ રોકાણ રિફાઈનિંગ અને માર્કેટિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત કરવા, નવી બિઝનેસ લાઈન્સ શરૂ કરવા અને ઓપરેટિંગ કાર્યક્ષમતા સુધારવા પર ખર્ચ કરવામાં આવ્યું.

કંપનીએ છેલ્લા ક્વાર્ટરમાં 526 નવા રિટેલ આઉટલેટ્સ અને 75 નવા CNG સ્ટેશનો પણ શરૂ કર્યા છે.

ત્રિમાસિક પરિણામો પછી હિન્દુસ્તાન પેટ્રોલિયમનો શેર આજે 5.16%ના ઉછાળા સાથે 389 રૂપિયાના સ્તરે કારોબાર કરી રહ્યો છે. છેલ્લા એક મહિનામાં કંપનીનો શેર 12% વધ્યો અને આ વર્ષે એટલે કે 1 જાન્યુઆરીથી અત્યાર સુધીમાં 22% ઘટ્યો છે. જ્યારે, છેલ્લા 6 મહિનામાં તેમાં 20%નો ઘટાડો રહ્યો છે. કંપનીઓના પરિણામો બે ભાગમાં આવે છે - સ્ટેન્ડઅલોન અને કન્સોલિડેટેડ. સ્ટેન્ડઅલોનમાં ફક્ત એક યુનિટનું નાણાકીય પ્રદર્શન દર્શાવવામાં આવે છે. જ્યારે કન્સોલિડેટેડ અથવા સંકલિત નાણાકીય રિપોર્ટમાં આખી કંપનીનો રિપોર્ટ આપવામાં આવે છે. ગ્રોસ રિફાઈનિંગ માર્જિન (GRM) એ ફાયદો છે જે એક રિફાઈનિંગ કંપની ક્રૂડ ઓઈલના એક બેરલને પેટ્રોલ, ડીઝલ જેવા ઉત્પાદનોમાં પ્રોસેસ કરીને કમાય છે. જો રિફાઈનિંગનો ખર્ચ કાઢ્યા પછી માર્જિન વધે છે, તો કંપનીનો નફો પણ વધે છે.

# મોદી બાદ અમિત શાહ ગુજરાત આવશે: 16 અને 17 મેએ અમદાવાદ-ગાંધીનગરના કાર્યક્રમોમાં હાજરી આપશે

**અમદાવાદ, તા.13**

પશ્ચિમ બંગાળ સહિતના રાજ્યોમાં ભવ્ય જીત બાદ કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ સૌપ્રથમ વખત ગુજરાત આવવાના છે. આગામી 16 અને 17 મેના રોજ અમદાવાદ અને ગાંધીનગર ખાતેના કાર્યક્રમમાં હાજરી આપશે. મ્યુનિસિપલ કોર્પોરેશનના નવનિયુક્ત કોર્પોરેટરોને મળશે. અમદાવાદ અને ગાંધીનગર લોકસભાના વિકાસ કાર્યોને લઈને મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ સાથે પણ બેઠક કરશે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની હાજરીમાં અમદાવાદના મેયર સહિતના મુખ્ય પાંચ પદાધિકારીઓની વરણી કરવામાં આવે તેવી શક્યતા છે.

ગાંધીનગર લોકસભાના સાંસદ અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આગામી 16 અને 17 મેના રોજ અમદાવાદ ખાતે આવશે. પશ્ચિમ બંગાળ સહિતના રાજ્યોમાં ભાજપની ભવ્ય જીત અને રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ બાદ પ્રથમ વખત ગૃહમંત્રી ગુજરાત ખાતે આવી રહ્યા છે. રાજ્યમાં તમામ મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ, જિલ્લા પંચાયતો અને તાલુકા પંચાયતોમાં પ્રમુખ અને મુખ્ય પદાધિકારીઓની નિમણૂકો હજી બાકી છે ત્યારે ગૃહમંત્રીના ગુજરાત પ્રવાસ દરમિયાન નામોની જાહેરાત થાય તેવી શક્યતા જોવા મળી રહી છે.



આગામી 14 મે બાદ તમામ મહાનગરપાલિકાઓમાં મેયર, ડેપ્યુટી મેયર પદ માટે ચૂંટણી કરવા મહાનગરપાલિકામાં કમિશનર દ્વારા સામાન્ય સભા બોલાવવામાં આવશે અને સ્ટેન્ડિંગ ચેરમેન માટે જાહેરાત થશે. જેથી અમદાવાદમાં પણ કેન્દ્રીય ગૃહમંત્રીની હાજરીમાં મેયર સહિતના મુખ્ય પદાધિકારીઓની જાહેરાત થાય તેવી પૂરી શક્યતા છે. અમદાવાદ મહાનગરપાલિકા રાજ્યની સૌથી મોટી મહાનગરપાલિકા છે જેથી મેયર સહિતના પદાધિકારીઓની નિમણૂક માટે ચર્ચા બાદ નામની જાહેરાત થશે.

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ દ્વારા અમદાવાદના દક્ષિણ પશ્ચિમ ઝોનની ઓફિસ ખાતે આગામી 16 મેના રોજ ગાંધીનગર લોકસભા અંતર્ગત અમદાવાદમાં કરોડો રૂપિયાના વિકાસ કાર્યો, તળાવોના ઈન્ટરલિન્કિંગ, ચોમાસામાં મિશન 5 મિલિયન ટ્રી સહિતના વિવિધ મુદ્દે મ્યુનિસિપલ કમિશનર તેમજ અન્ય ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક કરવામાં આવશે. ગાંધીનગર લોકસભામાં આવતા વિસ્તારોમાં વિકાસ કાર્યો ઝડપથી થાય તેને લઈને પણ ચર્ચા કરવામાં આવી શકે છે તેમજ ગાંધીનગર વિસ્તારના પણ વિકાસ કામોને લઈને બેઠક કરવામાં આવશે.

17 મેના રોજ કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ ગાંધીનગર જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી મંડળી દ્વારા સંચાલિત મધુર ડેરીના નવા મિલ્ક પ્રોસેસિંગ પ્લાન્ટના ઉદ્ઘાટન સમારોહમાં હાજરી આપશે. ચિલોડા નજીક આવેલા દશેલા પાસે નવનિર્મિત મિલ્ક પ્રોસેસિંગ પ્લાન્ટનું ઉદઘાટન કરશે અને જાહેર સભાને પણ સંબોધન કરવાના છે. બપોરે 1:00 વાગ્યે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. કેન્દ્રીય ગૃહ મંત્રી સમગ્ર મિલ્ક પ્લાન્ટ નું નિરીક્ષણ કરશે અને ત્યારબાદ સભા સ્થળ પર લોકોને સંબોધન કરવાના છે.

# CBSE દ્વારા ધોરણ 12નું પરિણામ જાહેર: ગુજરાતનું 90% પરિણામ, આ વર્ષે વિદ્યાર્થિનીઓએ બીજી મારી, બહેનોનું 92% તો ભાઈઓનું 89% રિઝલ્ટ

**અમદાવાદ, તા.13**

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન દ્વારા ધોરણ 12ના પરિણામો 2026 જાહેર કરવામાં આવ્યા છે. આ વર્ષે દેશભરના કુલ 85.20% વિદ્યાર્થીઓ પાસ થયા છે. જેમાં વિદ્યાર્થિનીઓનું પરિણામ વિદ્યાર્થીઓ કરતા 6.73% વધુ આવ્યું છે. આ વર્ષે વિદ્યાર્થિનીઓનું પરિણામ 88.86% અને વિદ્યાર્થીઓનું પરિણામ 82.23% આવ્યું છે.

જો કે, ગત વર્ષની સરખામણીમાં કુલ પાસ%વારીમાં ઘટાડો જોવા મળ્યો છે. આ વર્ષે, 17,80,365 વિદ્યાર્થીઓએ CBSE ધોરણ 12ની પરીક્ષા માટે રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. જેમાંથી 17,68,968 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જે બાદ 15,07,109 વિદ્યાર્થીઓ પાસ થયા છે. જેથી કુલ પાસ%વારી 85.20% રહી છે, જે ગત વર્ષના



88.39% કરતા 3.19% ઓછી નોંધાઈ છે.

ફેબ્રુઆરી-માર્ચ 2026માં ગુજરાતમાં 185 જેટલા સેન્ટર પર પરીક્ષાનું આયોજ કરવામાં આવ્યું હતું. જેમાં 35 હજાર કરતા વધુ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાં આ વર્ષે ગુજરાતનું પરિણામ 90.60% આવ્યું છે. જેમાં ભાઈઓનું 89.52% અને બહેનોનું પરિણામ 92% આવ્યું છે. એટલે કે બહેનોનું પરિણામ 2.48% વધું આવ્યું છે. દેશમાં અને ગુજરાતમાં સૌથી વધુ પરિણામ બહેનોનું આવ્યું છે. તેમજ ધાર્યા કરતા વધુ પરિણામ આવતા વિદ્યાર્થીઓના ચહેરા પર ખુશી જોવા મળી જતી. જો કે સાયન્સના કેટલાક વિદ્યાર્થીઓ NEETની પરીક્ષા રદ થવાથી હવે ફરીથી તેની તૈયારીઓમાં લાગી ગયા છે. જય પટેલે જણાવ્યું હતું કે, સાયન્સના બી ગ્રુપમાં 95.2 પર્સેન્ટેજ આવ્યા છે. સારું પરિણામ મેળવવા માટે ખૂબ મહેનત કરવી પડતી હોય છે. જેથી પરિવારના સારા સ્પોર્ટના કારણે સારું પરિણામ મેળવી શક્યો છું. હવે ડોક્ટર બનવાની ઈચ્છા છે જે માટે તૈયારીઓ પણ શરૂ કરી દીધી છે. NEET માં પેપર લીક થવાના કારણે પરીક્ષા રદ કરવામાં આવી છે. જેથી હવે ફરીથી તૈયારીઓ શરૂ કરી દીધી છે. બીજી વખત તૈયારી કરવી અઘરી નથી. પરંતુ પરીક્ષાને બીજી ઓપોર્ચ્યુનિટી લઈને તો ફરી સારું પરિણામ મેળવવા માટે એક ચાન્સ છે.

# ગુજરાત યુનિ.માં 30 કરોડના સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં સ્વિમિંગ પૂલ ખંડેર: ઓલિમ્પિક કક્ષાનો પૂલ 2018માં બનાવ્યા બાદ

**અમદાવાદ, તા.13**

અમદાવાદમાં ઉનાળાની આકરી ગરમીને કારણે મ્યુનિસિપલ કોર્પોરેશનના સ્વિમિંગ પુલો હાઉસફુલ છે અને બાળકો-યુવાનો એડમિશન માટે લાંબી રાહ જોઈ રહ્યા છે. આ પરિસ્થિતિ વચ્ચે ગુજરાત યુનિવર્સિટીના સત્તાધીશોની મોટી બેદરકારી સામે આવી છે. વર્ષ 2018માં અંદાજે 7 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલો ઓલિમ્પિક કક્ષાનો આધુનિક સ્વિમિંગ પુલ છેલ્લા સાત વર્ષથી વપરાશ વિના બંધ હાલતમાં છે.

ગુજરાત યુનિવર્સિટી કેમ્પસમાં અંદાજે 30 કરોડના ખર્ચે ઈન્ડોર સ્ટેડિયમ બનાવવામાં આવ્યું છે, જેનો જ એક ભાગ આ 25x50 મીટરનો ઓલિમ્પિક સાઈઝનો સ્વિમિંગ પુલ છે. આ પુલને ભરવા માટે 22 લાખ લીટર પાણીની ક્ષમતા અને અત્યાધુનિક ફિલ્ટ્રેશન સિસ્ટમ જેવી મોંઘી મશીનરી પાછળ કરોડોનો ખર્ચ કરવામાં આવ્યો હતો. આઘાતજનક બાબત એ છે કે, આ પ્રોજેક્ટ પૂર્ણ થયા પછી આજ દિન સુધી તેમાં એક પણ વાર પાણી ભરવામાં આવ્યું નથી કે કોઈ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું નથી.



લાંબા સમયથી ઉપયોગ ન થવાને કારણે હવે આ આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને મશીનરી ખરાબ થઈ રહ્યા છે. આ મુદ્દે વિરોધ નોંધાવતા ગુજરાત NSUIના પ્રદેશ મહામંત્રી વિક્રમસિંહ ગોહિલે આક્ષેપ કર્યો છે કે વિદ્યાર્થીઓ પાસેથી સ્પોર્ટ્સ ફી લેવા છતાં તેમને સુવિધા આપવામાં આવતી નથી. એટલું જ નહીં અધિકારીઓ વિદ્યાર્થીઓના પૈસાથી દિવાળી કરતા હોવાના આક્ષેપ પણ કર્યો હતો. જ્યારે યુનિવર્સિટીના અધિકારીઓને માનીતા કોન્ટ્રાક્ટરો મળતા નથી જેથી સ્વિમિંગ પૂલ શરૂ કરવામાં આવતો ન હોવાનો પણ આક્ષેપ વિક્રમસિંહ ગોહિલે કર્યો હતો. રાજ્યમાં 2030માં ઓલિમ્પિકની તૈયારીઓ ચાલી રહી છે, ત્યારે બનેલી સુવિધાઓ ધૂળ ખાઈ રહી છે. જો આગામી 15 દિવસમાં આ સ્વિમિંગ પુલ શરૂ કરવામાં નહીં આવે, તો NSUI દ્વારા ઉગ્ર આંદોલન અને ધરણા પ્રદર્શન કરવામાં આવશે.

આ વિવાદ અંગે ગુજરાત યુનિવર્સિટીના કુલપતિએ કબૂલ્યું છે કે બન્યા પછી એક પણ વાર આ પુલનો ઉપયોગ થયો નથી. તેમણે આ વિલંબ પાછળના કારણો આપતા જણાવ્યું હતું કે , અત્યારે સ્ટાફના મહેકમની મંજૂરી મેળવવાની પ્રક્રિયા ચાલુ છે. અગાઉ ટેન્ડરિંગની પ્રક્રિયા હાથ ધરાઈ હતી, પરંતુ તેનો કોઈ ચોક્કસ ઉકેલ આવ્યો ન હતો. હાલમાં ભાઈઓ અને બહેનો માટે અલગ કોચ અને જરૂરી સ્ટાફની વ્યવસ્થા કરવામાં આવી રહી છે.

યુનિવર્સિટી પ્રશાસને ખાતરી આપી છે કે આગામી એક મહિનામાં તમામ પ્રક્રિયા પૂર્ણ કરી સ્વિમિંગ પુલ વિદ્યાર્થીઓ માટે ખુલ્લો મૂકવાની તૈયારીઓ કરવામાં આવશે. જોકે, વર્ષોથી વેડફાયેલા કરોડો રૂપિયા અને વિદ્યાર્થીઓના સમયનું નુકસાન હવે યુનિવર્સિટી માટે એક મોટો પ્રશ્નાર્થ બની ગયું છે.


## સેલ્સ ગર્લે કરોડોના સોનાના દાગીના ચોર્યા: Stay Loyalનું સ્ટેટસ, શૂટ-પેન્ટ ને ચહેરા પર સ્માઈલ

### અમદાવાદના શો-રૂમમાંથી વીંટી, ચેઇન, લકી, બુટ્ટી, મંગળસૂત્ર લઈ રફુચક્કર

**અમદાવાદ, તા.13**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક વર્ષ સુધી સોનુ ન ખરીદવાની અપીલ કરી છે ત્યારે અમદાવાદના નિકોલ વિસ્તારમાં આવેલા સોના-ચાંદીના જ્વેલર્સના શો-રૂમમાં સેલ્સ ગર્લ તરીકે કામ કરતી યુવતી શો-રૂમમાંથી 20-25 લાખ નહીં, પરંતુ 1.66 કરોડ રૂપિયાના સોનાના દાગીના લઈને ફરાર થઈ ગઈ છે. શો-રૂમના યુનિફોર્મ એવા શૂટ અને પેન્ટમાં સોનાના દાગીના મૂકીને માલિકે રજા આપી છે. તેથી જઈ રહી છે એમ કહીને શોરૂમમાંથી નીકળી ગઈ હતી. નિકોલ પોલીસે સમગ્ર મામલે ગુનો નોંધી આરોપી મહિલાની શોધખોળ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ શહેરના કૃષ્ણનગર વિસ્તારમાં આવેલા નયનનગર સોસાયટીમાં દર્શનભાઈ શાહ તેમના પરિવાર સાથે રહે છે. નિકોલ વિસ્તારમાં અનમોલ સર્કલ પાસે ગ્રેવિટી શોપિંગ મોલમાં આભૂષણ નામનો સોના ચાંદીનો શોરૂમ ધરાવીને વ્યવસાય કરે છે. દર્શનભાઈના શોરૂમમાં મેનેજર, સેલ્સમેન, માર્કેટિંગ સહિત કુલ



19 લોકો કામ કરે છે. 11 મહિના પહેલા શો-રૂમમાં હર્ષિદા શેટ્ટી નામની યુવતી સેલ્સ ગર્લ્સ તરીકે જોડાઈ હતી. 11 મે 2026ના રોજ બપોરના સમયે દર્શનભાઈ ઘરે જમવા ગયા હતા ત્યારે શોરૂમના મેનેજર અને સ્ટાફના લોકો હાજર હતા તે દરમિયાન આ ચોરીની ઘટના બની હતી.

સાંજે 5 વાગ્યે દર્શનભાઈ શોરૂમ ઉપર આવ્યા હતા ત્યારે એક ગ્રાહક શોરૂમ પર ખરીદી કરવા આવ્યા ત્યારે સ્ટાફના કાનજીભાઈને ટ્રેમાં રાખેલી સોનાની એક લકી ઓછી જણાઈ હતી. ગ્રાહકના ગયા બાદ કાનજીભાઈએ આ બાબત જણાવી હતી. જેથી શોરૂમમાં હાજર સેલ્સ ગર્લ્સ તરીકે નોકરી કરતી હર્ષિદા શેટ્ટી હાજર નહોતી. જેથી આ બાબતે પૂછતા તેમણે કહ્યું હતું કે તમારી રજા લઈને ઈમરજન્સી કામ હોવાથી 4:30 વાગ્યે નીકળી ગઈ હતી.

# PMની અપીલ બાદ ગુજરાતીઓ ફોરેનની ટ્રિપ કેન્સલ કરવા લાગ્યા: સુરતની 3 યુવતી વિયેતનામના બદલે હવે દાર્જિલિંગ જશે

**અમદાવાદ, તા.13**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશના અર્થતંત્રને મજબૂત કરવા માટે અને વધતી જતી આયાતને અંકુશમાં લાવવા માટે દેશવાસીઓને અપીલ કરી છે કે વિદેશમાં પ્રવાસ કરવાનું ટાળો અને ભારતમાં જ લગ્ન કરો. PMની અપીલના કારણે ટૂર એન્ડ ટ્રાવેલ્સ એજન્સીઓને તેમજ ઈવેન્ટ મેનેજમેન્ટ એજન્સીઓને કેટલો ફાયદો થશે તે જાણવાનો દિવ્ય ભાસ્કરે પ્રયાસ કર્યો છે.

વડાપ્રધાનના નિવેદનના માત્ર 48 કલાકમાં જ ટ્રાવેલ માર્કેટમાં અસર જોવા મળી રહી છે. ખાસ કરીને ઉનાળુ વેકેશન માટે જે લોકો વિદેશ જવાના હતા, તેઓ હવે દેશના જ વિવિધ પ્રવાસન સ્થળો પર સ્વિચ થઈ રહ્યા છે. વિયેતનામ જવાનો પ્લાન કરી રહેલી સુરતની 3 યુવતીઓએ તેમની વિદેશી ટૂર રદ કરી દેશપ્રેમ અને આર્થિક હિતને પ્રાધાન્ય આપી સૌનું ધ્યાન ખેંચ્યું છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જ્યારે ભારતીયોને વિદેશમાં લગ્ન કરવાને બદલે 'વેડ ઈન ઈન્ડિયા' અને વિદેશ પ્રવાસને બદલે દેશના સ્થળોને પ્રાધાન્ય આપવાની અપીલ કરી, ત્યારે તેની સીધી અસર હવે જમીની સ્તરે દેખાઈ રહી છે. ગુજરાતની અગ્રણી ટ્રાવેલ એજન્સીઓના જણાવ્યા અનુસાર, છેલ્લા બે દિવસથી ઈન્ટરનેશનલ ટ્રિપ માટે આવતી ઈન્ક્વાયરીમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. જે લોકો અત્યાર સુધી દુબઈ, થાઈલેન્ડ કે વિયેતનામ જવા માટે ક્લોઝિંગ પર હતા, તેઓ હવે અચાનક પોતાના પ્લાન બદલી રહ્યા છે.

સુરતના ટ્રાવેલ એજન્ટ કુલદીપ સોનીએ જણાવ્યું હતું કે, પીએમ મોદીના નિવેદન પછી તરત જ 10% જેટલી અસર દેખાઈ રહી છે. ઘણા બુકિંગ જે ફાઈનલ સ્ટેજ પર હતા, તે અટકી ગયા છે. ગ્રાહકો હવે ડોમેસ્ટિક પેકેજની માગ કરી રહ્યા છે. આગામી દિવસોમાં આ અસર 30થી 50 ટકા સુધી વધવાની શક્યતા છે. લોકો હવે ઈન્ટરનેશનલ ટ્રિપ્સ કેન્સલ કરાવીને એ જ બજેટમાં ભારતના જ બેસ્ટ ડેસ્ટિનેશન પર જવા માટે ઉત્સુક છે. ટ્રાવેલ એજન્ટોના મતે, ડોમેસ્ટિક ટુરિઝમ વધવાને કારણે ભારતના સ્થાનિક રોજગારમાં મોટો ફાયદો થશે અને હોટલ ઉદ્યોગને પણ વેગ મળશે.

ભારતીયો દર વર્ષે કરોડો રૂપિયા વિદેશી પ્રવાસ પાછળ ખર્ચે છે, જેનાથી વિદેશી હૂંડિયામણ બહાર જાય છે. વડાપ્રધાનના



આહવાનનો મુખ્ય હેતુ આ નાણાં દેશમાં જ રહે અને સ્થાનિક પર્યટન સ્થળોનો વિકાસ થાય તે છે. પ્રવાસીઓમાં હવે એવી સમજણ કેળવાઈ રહી છે કે ભારતમાં પણ વિશ્વકક્ષાના સ્થળો ઉપલબ્ધ છે, તો પછી શા માટે વિદેશ જવું? આ માનસિકતાના કારણે વિદેશી હૂંડિયામણ બચશે અને દેશની ઈકોનોમી મજબૂત થશે.

ટ્રાવેલ એજન્સીઓ પાસે આવતા ગ્રાહકો હવે ચોખ્ખું કહી રહ્યા છે કે અમને ભારતના જ સારા ડેસ્ટિનેશન બતાવો. કુલદીપ સોની કહે છે કે જે બુકિંગ ઈન્ટરનેશનલ માટે થઈ ગયા હતા, તેમાંથી પણ ઘણા લોકો હવે પૂછી રહ્યા છે કે શું આને ડોમેસ્ટિકમાં ફેરવી શકાય? લોકોનો આ બદલાયેલો મૂડ દર્શાવે છે કે વડાપ્રધાનની વાત સામાન્ય જનતાના દિલ સુધી પહોંચી છે. નિષ્ણાતોનું માનવું છે કે જો આ ટ્રેન્ડ ચાલુ રહ્યો તો આગામી શિયાળુ વેકેશન અને દિવાળી વેકેશનમાં ભારતનું પ્રવાસન ક્ષેત્ર રેકોર્ડ તોડશે. જે રીતે 10%થી શરૂ થયેલી આ અસર અત્યારે દેખાઈ રહી છે, તે જોતા ભવિષ્યમાં ડોમેસ્ટિક ટુરિઝમ 50% સુધી વધી શકે છે. પ્રવાસીઓ હવે માત્ર મોજમજા જ નહીં પણ રાષ્ટ્રના આર્થિક હિતને પણ ધ્યાનમાં રાખીને પોતાના વેકેશન પ્લાન કરી રહ્યા છે, જે એક હકારાત્મક સંકેત છે.

સુરતમાં આ બદલાતા ટ્રેન્ડનું સૌથી મોટું ઉદાહરણ ભૂમિકા કદમ અને તેમની બે બહેનપણીઓ છે. ભૂમિકાએ જણાવ્યું કે તેઓ છેલ્લા 6-7 મહિનાથી વિયેતનામની તેમની પ્રથમ ઈન્ટરનેશનલ સોલો ટ્રિપનું પ્લાનિંગ કરી રહ્યા હતા. પરંતુ વડાપ્રધાનની અપીલ સાંભળ્યા બાદ તેમણે પરસ્પર સહમતીથી આ વિદેશી ટૂર કેન્સલ કરવાનો નિર્ણય લીધો છે. હવે આ ત્રણેય યુવતીઓ સિક્કિમ-દાર્જીલિંગના પ્રવાસે જશે. તેમણે અન્ય નાગરિકોને પણ અપીલ કરી છે કે દેશનું હૂંડિયામણ બચાવવા માટે અત્યારે ડોમેસ્ટિક ટૂર પર ધ્યાન આપવું જોઈએ.

ભૂમિકા કદમે જણાવ્યું હતું કે, અમે વિયેતનામ માટે ખૂબ જ ઉત્સાહિત હતા, પણ પીએમના નિવેદન પછી અમને લાગ્યું કે જો આપણે જ આપણા દેશના પ્રવાસનને ટેકો નહીં આપીએ તો કોણ આપશે? એટલે જ અમે સિક્કિમ-દાર્જીલિંગ જવાનું નક્કી કર્યું છે. તો આ અંગે અમદાવાદથી અજય મોદી ટ્રાવેલ્સ એજન્સીના માલિક આલાપ મોદીએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જે અપીલ કરી છે તે યોગ્ય છે. કારણ કે ઘણા બધા લોકોનું વિદેશ જવાનું સપનું હોય છે તેથી વિદેશનો પ્રવાસ કરતા હોય છે. પરંતુ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અપીલ બાદ લોકો હવે વિદેશ જવાનું ટાળશે. વધુમાં આલાપ મોદીએ જણાવ્યું હતું કે, વિદેશી પ્રવાસીઓ જો ભારતમાં પ્રવાસ કરશે તો પછી ડિમાન્ડ વધતા ભાવમાં પણ વધારો થઈ શકે છે. હોટલના ફ્લાઈટની ટિકિટના સહિતના ભાવમાં વધારો જોવા મળી શકે છે. તેમજ રોડ રસ્તા અને હોટલ સહિતની સુવિધાઓ દરેક સ્થળે મળવા લાગી છે તેથી લોકો ભારતનો પ્રવાસ વધુ કરી શકે છે. અત્યારે સૌથી વધુ લોકો કાશ્મીર, લેહ-લદાખ, હિમાચલ પ્રદેશ તેમજ આસામ અને સિક્કિમ વધુ પ્રવાસ કરી રહ્યા છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599

